: ૧૫ ડીસેમ્બર ૨૦૧૨
કિંમત : રૂા. ૧૭/-

No. GUJ GUJ / 2010 / 32748
ing Licence No. PATAN / 111 / 2010-2013
ce of Posting- PATAN H.O.
up to 31-12-2013
Posting Date : 17th of every month

પાટીદાર બંધુ


સમાજનું સાચુ પ્રતિબિંબ

તંત્રી : બ્રિજેશ પટેલ

વર્ષ : ૩ અંક : ૬-૭




તારીખ : ૧૫ ડીસેમ્બર ૨૦૧૨
છૂટક કિંમત : રૂા. ૧૭/-
પાટીદાર બંધુ
RNI No. GUJ GUJ / 2010 / 32748
Posting Licence No. PATAN / 111 / 2010-2013
Office of Posting- PATAN H.O.
Valid up to 31-12-2013
Posting Date : 17th of every month
સમાજનું સાચુ પ્રતિબિંબ
તંત્રી : બ્રિજેશ પટેલ
વર્ષ : ૩
અંક : ૬-૭
HAPPY NEW YEAR!


realpatidar.com
Creative Collections in all type of Doors
Flush Door
Membrane Doors
Panel Doors
Lamination Doors
Veneer Doors
Grill Doors
Formica Doors
Carved Doors
Entrance Doors
Wooden Doors
Glass Doors
Better Style For Better Living...
Saywiin
all type of door
ASHAPURA DOORS PVT. LTD.
Plot No. 905, Sector-28, G.I.D.C., Opp. D.S.P. Office, Eng. Estate, Ghandhinagar- 382028. (Gujarat).
Mo. : 97129 13512 E-mail : info@ashapuradoors.com Website : www.ashapuradoors.com
૨ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨
realpatidar.com


After grand success of kutch arcade titanium, we are launching an alluring & futuristic ico
Expand your horizon
kutch arcade
Platinum
Add shine to your business
ORGANIZER
RAMSONS
PROPERTIES PVT. LTD.
SITE: National Highway No.8A, Near Railway Crossing, Gandhidham, Kutc
CALL +91 99092 03030, +91 99092 08080, +91 98252 2803
E: kutcharcade@gmail.com W: www.kutcharcade.com
03
પાટીદાર બંધુ
realpatidar.com


realpatidar.com
SILICON®
ZERO MAINTENANCE LAMINATE
Nothing... supersedes the
indian charm!
RANGE
• Romantic Veneer
• Zero Maintenance Laminate
• Plyboards
• Engineered Prelam Particle Board
• Doors
EyeQ ADVT.
Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com
૦૪ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨
realpatidar.com

વર્ષ - ૩ અંક : ૬-૭
પેજ - ૧૦૦ (ટાઇટલ સાથે)
તા. ૧૫ નવે.-ડિસે. ૨૦૧૨

પાટીદાર બંધુ

માસિક સમાચાર પત્ર

:: તંત્રી ::
બ્રિજેશકુમાર સી. પટેલ

:: ઉપતંત્રી ::
વિરેન્દ્રભાઇ હળપાણી

:: સહતંત્રી ::
જીગ્ના પટેલ
મહેન્દ્ર ભાવાણી

: મુદ્રક, પ્રકાશક અને માલિક :
બ્રિજેશકુમાર સી. પટેલ

:: ચીફ બ્યુરો ::
જગદીશ હળપાણી-ચેન્નાઇ
મો. ૯૪૪૪૪૪૪૮૩૯
સત્યેન લીંબાણી-પુના
મો. ૦૯૫૭૯૧ ૫૧૫૧૬

: કાર્યાલય તથા પ્રકાશન સ્થળ :
'પાટીદાર બંધુ'
C/o. શ્રી ગણપતિ સો મીલ
વેરાઈ ચકલા,
પાટણ. (ગુજરાત) ૩૮૪૨૬૫

:: મુદ્રણ સ્થળ ::
વિનોદ પ્રિન્ટરી, પાટણ.

: સંપર્ક સેતુ :
બ્રિજેશ પટેલ : મો. ૯૮૯૮૦ ૮૬૮૩૦
વિરેન્દ્ર પટેલ : મો. ૯૮૯૮૫ ૭૫૭૬૭
ઓ. (૦૨૭૬૬) ૨૨૦૫૭૬
Website : patidarbandhu.com
E-mail :
patidarbandhu@gmail.com

દ્વિવાર્ષિક રૂા. ૩૦૦/-
ત્રિવાર્ષિક રૂા. ૪૫૦/-

પંચવર્ષિય - ૬૦૦
આજીવન - ૧૧૦૦

અમાપ સંતો....

માછલીએ મગરને જઇને પૂછ્યું,
બેન દરિયાનાં પાણી કેટલાં રે જી.

ભેળાં વસનારાં સહુ ભરમાણાં,
પણ મોટાનાં તળિયા ના મળ્યાં રે જી.

પંખેરૂં મળીને ચાલ્યાં, મોર ચાલ્યું મચ્છરું,
મચ્છરે ગરુડને જઇનું પૂછ્યું,
કે વાદળના છેડા કેટલે રે જી.

પાણીએ પોગાણું પછી આઘું ના હલાણું,
ઘરોએ વડલાને જઇને પૂછ્યું,
કે ધરતીના છેડા કેટલે રે જી.

આભથી ઊંચેરો મેરુ ને લાંબી એની નજરું,
રાફડાએ મેરુને જઇને પૂછ્યું,
કે વાયરાનાં ઘર છે કેટલે રે જી.

'કાગ' કે' જી અભણ ભૂલ્યા ભણેલના ભરોંસે,
અભણે ભણેલને જઇને પૂછ્યું,
કે પરભુનાં ઘર છે કેટલે રે જી.

- કવિ કાગ

: માર્કેટીંગ એક્ઝીક્યુટીવ :
મહેન્દ્ર ડી. ભાવાણી
૮૧૪૧૭ ૨૭૫૨૦, ૮૮૬૬૫૧૯૪૪૮

: પોસ્ટીંગ વિભાગ :
જીગર ભાવાણી
૭૬૦૦ ૩૩૧૨૭૭

તંત્રી સ્થાનેથી...

ચલો સત કે પંથ પર.....

લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા ભારત વર્ષમાં બુધ્ધ ધર્મનો પ્રભાવ વધી ગયો હતો. સમ્રાટ અશોકે બુદધ ધર્મ સ્વીકાર્યો છે તે જાણીને લાખો લોકો અને સેંકડો રાજાઓ બૌદધ ધર્મી થઈ ગયા. બૌદધ સાધુઓને સર્વત્ર રાજકીય સન્માન મળવા લાગ્યું. આથી બૌદધ સાધુઓ તેમની મનમાની કરવા લાગ્યા. ખજુરાહોના મંદિરો અને દક્ષિણ ભારતના મંદિરોમાં જોવા મળતા કામુક શિલ્પો આજ બૌદધ સાધુઓની વિકૃતિનું પરિણામ છે. એવું સ્વામી વિવેકાનંદનું કહેવું છે. બૌદધ સાધુઓ ભગવાન બુદધના સંદેશની જગ્યાએ પોતાની બુદ્ધિના સ્વાર્થી સંદેશાઓ ફેલાવવા લાગ્યા. લોકો ધર્મભ્રષ્ટ થઈ રહ્યા હતા. એવા સમયે સનાતન ધર્મની રક્ષા કરવા માટે ભગવાન શંકરના અવતાર સમા આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્યનું પૃથ્વી ઉપર પ્રાગટ્ય થયું. માત્ર બત્રીસ વર્ષની અલ્પઆયુમાં આખા ભારતમાં ભ્રમણ કરી વિકૃત થઈ ગયેલા બૌદધ ધર્મને ભારતની સીમાથી બહાર ફેંકી દીધો. અને શુદધ વૈદીક સનાતન ધર્મનું પુનઃઉત્થાન કર્યું હતું. તેમણે વિશ્વને અદ્વૈતના દિવ્ય સિદધાંતની ભેટ આપી હતી. આજે કોઈ માની પણ નહીં શકે કે એક વખત એવો પણ આવ્યો હતો, જ્યારે ભારતમાં બૌદધ ધર્મ પ્રમુખ ધર્મ થઇ ગયો હતો. પરંતુ સનાતન સનાતન છે તેને કદી કોઈ મીટાવી શકે તેમ નથી.

અત્યંત વિદ્વાન એવા શંકરને ભારતના તમામ ધર્મગુરુઓએ ધર્માચાર્યોએ, મત-પંથ સંપ્રદાયોએ કળીયુગના આદી પ્રથમ જગદ્‌ગુરુનું બહુમાન આપ્યું છે. આદી જગદ્‌ગુરુ શંકરાચાર્યએ ભારત ભ્રમણ કરી ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં ધર્મની રક્ષા કાજે ચાર મઠ સ્થાપ્યા હતા. આદી જગદ્‌ગુરુ દ્વારા સ્થાપિત આ ચારેય મઠોના વર્તમાન કર્ણધારોએ એક અવાજે સતપંથને હિન્દુ ધર્માવલંબી પંથ તરીકે નકાર્યો છે. એક તરફ મુળ જગદ્‌ગુરુની ગાદી સતપંથને બિનહિન્દુ ગણે છે જ્યારે બીજી તરફ અવિચલદાસજીની અખિલ ભારતીય સંત સમિતિ અને તેમાં સામેલ અત્યંત અજાણ્યા ભગવાધારીઓ સતપંથને હિન્દુ હોવાના પ્રમાણપત્રો આપે છે.

ભારતનો આખો હિન્દુ સમાજ એકમતથી જગદ્‌ગુરુ શંકરાચાર્યને આ કળીયુગના આદિ જગદ્‌ગુરુ તરીકે માને છે, સ્વીકારે છે, અને પૂજે છે. પણ આ સતપંથીઓ મુસ્લિમ ધર્મી ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ બાવાને હિન્દુ ધર્મના કળીયુગના સતગોર (જગદ્‌ગુરુ) તરીકે માને છે અને પૂજે છે.

આસ્થા, સંસ્કાર જેવી ધાર્મિક ચેનલો ઉપર આવતા સેંકડો સંતોના પ્રવચનોમાં ક્યારેય કોઈપણ હિન્દુ સંતે ઈમામશાહ બાવાની કથા કહી હોય તેવું મેં આજ દિન સુધી સાંભળ્યું નથી. ધાર્મિક વાંચનમાં રસ હોવાને લીધે ઘણા સંતોના પ્રવચનો સાંભળ્યા છે અને ઘણા સંતોના ભક્તોના પુસ્તકો પણ વાંચ્યા છે. બધા જ સંતો શંકરાચાર્યને આદિ જગદ્‌ગુરુ તરીકે સ્વીકારે છે અને તેમની મહિમા પણ વર્ણવે છે. ક્યારેય પણ કોઈપણ હિન્દુ ધર્માચાર્યને ઈમામશાહ બાવા (સતપંથીઓના સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ)ની કથા કહેતા સાંભળ્યા નથી.

ઈમામશાહ બાવા મહાન હશે તેની ના નહીં પણ તે સનાતન હિન્દુ ધર્મના સતગોર, આદિપુરુષ, ધર્માચાર્ય કે જગદ્‌ગુરુ ક્યારેય ના હોઈ શકે. સરકારી દસ્તાવેજો અને ઐતિહાસિક ગ્રંથો પણ એમ જ કહે છે. છતાં પણ ક્યા

આધારે પીર બાવાને સદ્ગુરુ બનાવવાની કોશિષો થઈ રહી છે? શું આ પીરબાવાનું અપમાન નથી? આ તો પીરબાવાનું ધર્માંતરણ થઈ રહ્યું છે. એક મુસ્લિમ પીરને હિન્દુ બનાવવામાં આવી રહ્યા છે.

ગત ૧૭, ૧૮ અને ૧૯ નવેમ્બરના રોજ પીરાણામાં યોજાયેલા સંત સંમેલનના મોટા મોટા હોર્ડીંગ્સ અને પોસ્ટરોમાં 'ચલો સત કે પંથ પર...'એમ લખવામાં આવ્યું હતું. સત નો પંથ કયો? આદી જગદ્ગુરુ શંકરાચાર્ય અને. મહર્ષિ વેદવ્યાસે બતાવેલ શુધ્ધ સનાતન કે મુસ્લિમ ધર્મગુરુ ઈમામશાહ એ બતાવેલ સતપંથ? પોતાને હિન્દુ ગણતા લોકો ક્યાં સુધી ભ્રમમાં જીવશો? હૃદય ઉપર હાથ રાખીને પોતાના અંતરાત્માને પૂછો સત્ય શું છે? વ્યક્તિગત રીતે ઈમામશાહ બાવાને માનવામાં અને તેમના પ્રત્યે શ્રધ્ધા રાખવામાં સનાતનીઓને કે કોઈને કોઈ વિરોધ ના હોવા જોઈએ. પણ જે હિન્દુ ધર્મ નથી, જે હિન્દુ જ નથી તેવી વ્યક્તિને અને તેવા ધર્મને અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ જેવી શુદ્ધ વૈદીક હિન્દુ રીત રીવાજ પાળતી સંસ્થા સાથે ક્યારેય ના જોડી શકાય. આદી જગદ્ગુરુની મૂળ ચારેય ગાદીઓએ પત્રો જાહેર કરી દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાંખ્યું છે. સત્‌ને સાથ આપવા માટે ચારેય પીઠોને ધન્યવા... આ અંકમાં ચારેય પીઠોએ, પંચદશનામ અખાડાએ અને સાધુ સમાજે બહાર પાડેલ પત્રોની ફોટોકોપી પ્રકાશિત કરી છે. તે વાંચીને પોતાને હિન્દુ માનતા લોકો પોતે જ નક્કી કરે કે કયો છે સત્‌નો પંથ....?

આશા રાખુ છું કે નવા વર્ષમાં પોતાના હિન્દુ તરીકે ગણતા બધા જ હિન્દુઓ આ સત્યને સમજશે અને પૂજ્ય નારાયણજી લીંબાણી, કેસરા પરમેશ્વરા, નારાયણ રૈયા લીંબાણી, પૂજ્ય ઓધવરામજી મહારાજ અને રતનશીભાઈ ખેતાણી જેવા આદ્યસુધારકોએ બતાવેલ શુધ્ધ સનાતન વૈદીક ધર્મ તરીકે ઓળખાતા વિશ્વના સર્વશ્રેષ્ઠ 'સત્ (સત્ય)ના પંથ...' ઉપર ચાલશે.... સૌને નવા વર્ષના જય લક્ષ્મીનારાયણ સાથે નૂતન વર્ષાભિનંદન...

લિ. તંત્રી
બ્રિજેશ સી. પટેલ

વાચકજોગ... નિવેદન...

માનનીય વાચકશ્રી,

આપ સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામના...

સંજોગોવસાત્ 'પાટીદાર બંધુ' નવેમ્બર-૨૦૧૨નો અંક પ્રકાશિત કરવામાં નહોતો આવ્યો. આથી આ અંક નવેમ્બર-ડિસેમ્બર એમ સંયુકત પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ દિપોત્સવી વિશેષાંક છે. જો આપને 'પાટીદાર બંધુ' નિયમીત ના મળતું હોય તો મહેરબાની કરીને તમારા નામ, સરનામા સાથે આપની લેખિત ફરીયાદ (૫૦ પૈસાના પોસ્ટ કાર્ડ ઉપર પણ ચાલે) અમને મોકલાવો. જેથી અમે 'પોસ્ટ'માં પુરાવા આપી શકીએ. 'પાટીદાર બંધુ' આપને નિયમીત મળે તે માટે અમે પ્રયત્નશીલ છીએ.

શુભ દિપાવલી... નૂતન વર્ષાભિનંદન...

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સાથે સંકળાયેલા દરેક જ્ઞાતિજનોને દિવાળીની શુભકામનાઓ... સવંત ૨૦૬૯ના મંગલ પ્રભાતથી શરૂ થતું નૂતન વર્ષ આપ સૌના પરિવારજનો માટે સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપનારું બની રહે તેમજ પરસ્પર સ્નેહ, સેવા અને સહકાર સાથે સામાજિક એકતા જળવાઇ રહે તેવી શુભ ભાવના સાથે નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘની એક ચિંતન શિબિરનું શ્રી શ્રી રવિશંકર મહારાજના આશ્રમ વડોદરા ખાતે આયોજન કરવામાં આવ્યું. તેમાં અરસ-પરસ વિચારોની આપલે કરવામાં આવી. તેના સારા પરિણામ અત્યારે જોવા મળે છે. કેન્દ્રીય સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘ ખભે ખભા મિલાવીને કાર્ય કરી રહ્યા છે. નજીકના સમાજમાં આપણી સમાજનો સૂવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો. મહોત્સવ દરમ્યાન સમાજની સ્થાપના સમયના વડીલોના ઉદ્દેશ્યો વિશેની જાગૃતિ આવી. આ ઉદ્દેશ્યોને સાર્થક કરવા ફરીથી દઢ સંકલ્પ કરવામાં આવ્યો. જેના કારણે સમાજમાં વર્તમાનમાં નવી સમસ્યા ઉભી થઇ. સમાજની ગરીમાને ઠેસ ન પહોંચે એ રીતે મકકમતાથી આગળ વધી રહ્યા છીએ. સમાજમાં એકતા જળવાઇ રહે તે ઉદ્દેશ્યથી જરૂર પડે ત્યારે પરસ્પર સંવાદ પણ કરવામાં આવી રહ્યા છે. આપ સૌ જાણો છો તેમ વર્તમાન સમયમાં ઉપસ્થિત સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નિયુક્ત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ નવો વિવાદ ઉભો કર્યો છે. તેમાં પ્રથમ કંઠી વિભાગ લક્ષ્મીનારાયણ સનાતન સમાજ સમૂહ લગ્ન આયોજન સમિતિ દ્વારા શ્રી લખુભાઇ વીરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય મધ્યે સમૂહ લગ્ન યોજવા માટે માંગણી કરેલ. જેમાં કેન્દ્રીય સમાજે ભલામણ કરેલ હોવા છતાં માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ માંગણી ઠુકરાવી દિધી. સમૂહલગ્ન કરવા માટે હોસ્ટેલ આપી નહીં પરંતુ તેનાથી વધારે કેન્દ્રીય સમાજની માલિકી આ હોસ્ટેલ જમીન અને સંપૂર્ણ મિલકત આપણી સમાજના વર્તમાન ટ્રસ્ટ (૧) શિવદાસ ગોવિંદ છાભૈયા અને (૨) એલ.વી. પટેલે પોતાના મળતીયાનું અલગ ટ્રસ્ટ "પાટીદાર સર્વોદય ટ્રસ્ટ"ની રચના કરી સમાજને અંધારામાં રાખીને પોતાના આ ટ્રસ્ટમાં ટ્રાન્સફર કરી નાખી છે. કેન્દ્રીય સમાજને આ અંગે જાણ થતાં તેઓની સામે કાનૂની કાર્યવાહી કરી માંડવી પોલિસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી છે. આ અંગેની કાનૂની કાર્યવાહી ચાલુ છે. તેમાં દરેક જ્ઞાતિજનોનો સાથ સહકાર ખૂબ જ જરૂરી છે.

સમાજના વિકાસ માટે દરેક ઝોન તેમજ સ્થાનનિક સમાજોએ આર્થિક સહયોગરૂપે સમાજ વિકાસ દાન રૂા. ૨૦/- વ્યકિતદીઠ દર વર્ષે આપવા જરૂરી છે. જેઓએ સમાજ વિકાસ દાન આપેલ નથી તેઓએ વહેલામાં વહેલી તકે સમાજ વિકાસ દાન મોકલાવવું જરૂરી છે. આપ સૌનો સહકાર હશે તો જ સમાજ વિકાસ કરી શકશે. માટે સમાજના ઝોનના કર્ણધારો તેમજ સમાજના કારોબારી સભ્યોએ રસ દાખવીને જેમ બને તેમ વહેલામાં વહેલી તકે સમાજ વિકાસ દાન મોકલાવવા વિનંતી. સમાજના વિકાસના કાર્યમાં ઝોન, યુવાસંઘ, મહિલાસંઘ તેમજ દરેક જ્ઞાતિજનો દ્વારા સહકાર મળતો રહ્યો છે એ જ રીતે ભવિષ્યમાં પણ સહયોગ મળતો રહેશે એવી અપેક્ષા સાથે....

નૂતન વર્ષાભિનંદન...

ગંગારામભાઇ હિરાલાલ સાંખલા
પ્રમુખ

માવજીભાઇ કેસરા ભગત
મહામંત્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

કેન્દ્રીય સમાજના દ્વારેથી...

ઓકટોબર-૧૨ના ઉમા દર્પણના અંકમાં નિર્માણ સમિતિના સદસ્યો તરફથી એક જાહેરાત છાપવામાં આવી હતી. આ જાહેરાત નિર્માણ સમિતિના બધા સભ્યો તરફથી નથી. આ જાહેરાતમાં હાલમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની માંડવી મધ્યે લખુભાઇ વીરજી ધોળુ હોસ્ટેનલ મિલકત ચોરી છૂપીથી ખોટા દસ્તાવેજ તૈયાર કરી પાટીદાર સર્વોદય ટ્રસ્ટમાં રેવેન્યુ ડીપાર્ટમેન્ટમાં બદલો કરી નાખ્યો છે. આ ટ્રસ્ટના માલિકો દ્વારા જાહેરાત છપાવવામાં આવી છે. કેન્દ્રીય સમાજે ટ્રસ્ટના માલિકો સાથે વાટાઘાટો કરી મિલકત પાછી સમાજના નામે કરવાના પ્રયત્નો કર્યા, કેન્દ્રીય સમાજની ટ્રસ્ટી હોદ્દેદારની મિટીંગમાં શિવદાસ ગોવિંદ અને એલ.વી. પટેલને ટ્રસ્ટના માલિકોને સમજાવી કેન્દ્રીય સમાજ સાથે બેસી રસ્તો કાઢવાની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યાર બાદ એલ.વી. પટેલે જવાબ આપ્યો કે અમારા સાથીદારો મિટીંગ કરવા તૈયાર નથી. ત્યાર બાદ કેન્દ્રીય સમાજની કારોબારી તાકીદની મીટીંગ તા. ૨૫-૯-૧૨ના નખત્રાણા મુકામે બોલાવવામાં આવી. આ મીટીંગમાં મોટી સંખ્યામાં સભ્યો હાજર થયા. મીટીંગમાં વિચાર-વિમર્શ કરી જે લોકોએ સમાજ સાથે છેતરપીંડી કરી છે તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. ત્યાર બાદ ૧૯૯૧માં કેન્દ્રીય સમાજે સામાન્ય સભામાં ઠરાવ કરી નિર્માણ સમિતિનું ગઠન કર્યુ ત્યારથી આજ સુધીની નિર્માણ સમિતિની કાર્યવાહી સમાજના રેકર્ડ પ્રમાણે વકીલોને આપતાં નક્કી થયું કે માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ કેન્દ્રીય સમાજની પેટા સમિતિ છે, અને તેને પેટા સમિતિ તરીકે કાર્ય કર્યું છે. નિર્માણ સમિતિને કેન્દ્રીય સમાજની મિલકત બીજા ટ્રસ્ટને ભેટરૂપે આપવાનો કોઇ અધિકાર નથી. તેથી ખોટા દસ્તાવેજ તૈયાર કરીને જે કાર્ય કરવામાં આવ્યું છે, તેના સામે પોલીસ ફરીયાદ કરવાની વકીલની સલાહ મળતાં માંડવી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી છે. જાહેરાતમાં નિર્માણ સમિતિની તા. ૧૭-૧૧-૧૨ની મીટીંગમાં કાર્યવાહીને તોડમરોડ કરી બતાવેલ છે. અને લોકોમાં ખોટી ભ્રમણા ફેલાવવાની કોશિશ કરવામાં આવી રહી છે. ચાર વર્ષ પહેલા મળેલ મીટીંગમાં વિકાસની વાતો થઇ શકે પણ સમાજની મિલકત નવા ટ્રસ્ટમાં ફેરવી નાખવાનો ઠરાવ થયો નથી. નખત્રાણા, મથલ, દયાપરમાં ટ્રસ્ટો બનાવી વિકાસના કાર્યો થયા છે, તેમ કરવાનું વિચાર્યું હશે તો નખત્રાણામાં નવા ટ્રસ્ટ બનાવી તેમાં ગૌ શાળા અને હોસ્પિટલની કાર્યવાહી કરેલ છે. મથલમાં ગૌ રક્ષા કેન્દ્ર ચાલે છે, દયાપરમાં સમૂહ લગ્નની પ્રવૃત્તિની જરૂરીયાત માટે માતાજીનું મંદિર અને સમાજવાડીનું ભવન બનાવીને કાર્ય થાય છે. કેન્દ્રીય સમાજ પાસેથી કોઇ ફંડ લીધું નથી જે કાર્ય સમાજ નથી કરી શકતી તે કાર્ય કરી સમાજ વિકાસના ભાગીદાર બન્યા છે. કહેવાતા નિર્માણ સમિતિના સદસ્યોએ જે ખોટું કાર્ય કર્યું છે તેમની સાથે સમાજના વિકાસના વિચારવાળા કોઇ સભ્યો નથી. નિર્માણ સમિતિની રચના સમાજ વિકાસના કાર્યો કરવા માટે કરેલ હતી સમાજના ભાગલા કરવા માટે નથી કરી. નખત્રાણામાં જ્યારે વિકાસની વાત આવી ત્યારે ત્યાં પણ પેટા સમિતિની રચના કરવામાં આવી હતી, તે સમિતિએ ફંડ ભેગું કરી નિર્માણ કાર્ય કર્યાં. કન્યા છાત્રાલયનું બાંધકામ કર્યું. નખત્રાણામાં કાર્ય થાય તો તે વિકાસથી વધારે ફંડ આવે અને ભુજમાં કાર્ય થાય તો તે વિસ્તારથી વધારે ફંડ આવે તેમ માંડવીમાં કાર્ય થાય તો તે વિકાસથી વધારે ફંડ આવે અને મોટા દાતાઓએ બધી જગ્યાએ દાન આપ્યું છે. છેલ્લે જ્યારે લખુભાઇ વીરજી ધોળુ છાત્રાલયનું કામ ચાલું હતું ત્યારે ફંડની જરૂરત હોતાં નિર્માણ સમિતિની કેન્દ્રીય સમાજ પાસે રજૂઆત કરવામાં આવી ત્યારે સમાજે રૂપિયા પચાસ લાખની જોગવાઇ કરી આપેલ હતી. તેમાંથી થોડી રકમ પાછી આવેલ છે બાકીની રકમ આજે પણ નિર્માણ સમિતિના નામે ખાતે બોલે છે. કેન્દ્રીય સમાજે તે રકમ પાછી માંગી નથી કારણ કે આ

બધી મિલકત સમાજની જ છે. જાહેરાતમાં એવું લખ્યું છે કે નવા ટ્રસ્ટની કાર્યવાહી કરવા અગિયાર જણાની એડ્હોક સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી તે સમિતિને ટ્રસ્ટ બનાવવાનું કાર્ય કરવું હતું પરંતુ સમિતિએ ચોરી છૂપીથી કેન્દ્રીય સમાજની મિલકત નવા ટ્રસ્ટમાં ફેરબદલ કરેલ છે આવું કાર્ય કરવાનો તા. ૧૭/૧૧/૨૦૦૮ની મીટીંગમાં કોઇ ઠરાવ નથી. કેન્દ્રીય સમાજને માંડવી વિસ્તારમાં નવા ટ્રસ્ટની રચના સામે વાંધો નથી પરંતુ નિર્માણ સમિતિના સભ્યો સમાજને અંધારામાં રાખી સમાજની મિલકત પોતાના ટ્રસ્ટમાં ફેરવવા સામે વાંધો છે. નિર્માણ સમિતિના અમૂક સભ્યો, એટલે શિવદાસ ગોવિંદ, એલ.વી. પટેલ તથા મેઘજી જેઠા આ ત્રણ જણા શુત્રધાર છે અને તેના સાથે ચાર-પાંચ બીજા તેના સાથીદારો મળી નવા ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા છે અને કેન્દ્રીય સમાજને મુશ્કેલીમાં મૂકી કોર્ટ કાર્યવાહી કરવા ફરજ પાડી છે. કેન્દ્રીય સમાજ અત્યારે સમાજના નિતી નિયમ અને બંધારણ પાળવા તૈયાર નથી તેમના સામે પગલાં લેવાનું વિચારી રહી છે તેને કાર્યથી અસહમત લોકો સતપંથીના સાથે ભળીને આ કાર્ય કરી રહ્યા છે. સમાજના વિકાસના કાર્યો સૌને સાથે રાખી કરી શકાય તે ચોરી છૂપીથી કાર્ય કરવાવા પોતાના સ્વાર્થના કામો કરી શકે. અત્યારે શ્વેતપત્રના પાલનની બધી જ જગ્યાએ ચળવળ ચાલુ છે અને આ ચળવળનો સતપંથી વિરોધ કરે છે ત્યારે સતપંથીને સાથ આપવાના હેતુથી મિલકત ઓળવી જવાનું કાર્ય સમાજના સિનીયર ટ્રસ્ટીઓ કરી રહ્યા છે અને જાહેરાતમાં મન ફાવ્યું લખાણ લખી લોકોમાં ખોટી ભ્રમણા ફેલાવવાની કોશિશ કરી રહ્યા છે. હકીકતમાં માંડવી વિસ્તારમાં મોટી સભાઓ મળી છે અને તે સભાઓમાં ખોટી કાર્યવાહી કરી મિલમત સાથે ચેડા કરનારે વખોડી કાઢ્યા છે અને કેન્દ્રીય સમાજ સાથે રહી વિકાસના કાર્યો કરવાના ઠરાવ કરવામાં આવ્યા છે. આ લખાણ લખવા પાછળ અમારો ઉદ્દેશ્ય એટલો જ છે કે સમાજના લોકોને હકીકતની જાણ થાય અને ગુનેગારની અફવા સાંભળી કેન્દ્રીય સમાજ માટે અવિશ્વાસ ઉભો ન થાય. સમાજના વિકાસ અને સંગઠનના વિરોધી લોકો જુદા જુદા નામની મનગડત સંસ્થાઓ દાખલા તરીકે સનાતની એકતા મંથ, પાટીદાર સર્વોદય ટ્રસ્ટ, યક્ષની નદીથી દક્ષિણ તરફના ગામોના પાટીદારોની સંસ્થા બનાવી આવા ભાગલાવાદી લોકોને કેન્દ્રીય સમાજમાં મહત્ત્વ ન મળવાના કારણે તેઓ સમાજ વિરોધી કાર્યો કરી રહ્યા છે. બતાવવા માટે પાટીદારોની સંસ્થાન અને બંધારણ નાત-જાતના ભેદ વગરનું છે. હજી પણ આપણે આપણા સમાજનો જોઇએ તેટલો વિકાસ કરી શક્યા નથી ત્યારે રાજકીય નેતાઓ પોતાના અંગત સ્વાર્થ માટે આવા નાત-જાતના ભેદભાવ વગરના ટ્રસ્ટ બનાવવાની વાતો કરે છે. તો આવા લોકોને ઓળખી તેમને મહત્ત્વ આપ્યા વગર સમાજ સેવામાં જોડાઇ સમાજ વિકાસના ભાગીદાર બનવા અમારી નમ્ર અરજ છે. આ બધા કાર્યો મેઘજી જેઠા નિર્માણ સમિતિના પ્રમુખ બન્યા પછી બન્યા છે. કારણ કે તેનું કાર્યક્ષેત્ર નાનકડા એરીયા પૂરતું છે અને કેન્દ્રીય સમાજનું કાર્યક્ષેત્ર ભારતભરમાં છે તો તેમાં કાર્ય કરવાનું તેમનું ગજું નથી તેથી ક્ષેત્રવાદ ઉભો કરી પોતાના ગજા જેટલું કાર્ય કરવાનું વિચારે છે. માંડવીમાં હાલ સ્કૂલની વાતો પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કરે છે, પોતાને સીનીયર ટ્રસ્ટી ગણાવતા શીવદાસ ગોવિંદે ક્યારે પણ કેન્દ્રીય સમાજમાં માંડવીના વિકાસની વાત કરી હોય તેવું રેકોર્ડમાં નથી તો આવા લોકોની વાતોમાં ન આવશો કેન્દ્રીય સમાજ સાથે રહી વિકાસના કાર્ય કરીએ અને વિશ્વમાં બેજોડ ગણાતો આપણો સમાજને વધારે ઉંચાઇ પર લઇ જવા ભાગીદાર બનીએ અને સમાજના સનાતની વિચારધારાને ફળશ્રૃતી સુધી લઇ જઇએ એજ અભ્યર્થના સાથે...

ગંગારામભાઇ હિરાલાલ સાંખલા
પ્રમુખ

માવજીભાઇ કેસરા ભગત
મહામંત્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

અમદાવાદમાં ૩૦૦ કરોડની છેતરપિંડી કરનાર 'અભય' ગાંધી જેલમાં પણ દેશની તિજોરીમાંથી લાખો કરોડોની લુંટ ચલાવનાર હજી પણ 'અભય' છે

(અહીં તમામ પાત્રો અને સંવાદ કાલ્પનિક છે. પરંતુ સાર ગર્ભિત અને સત્યની આસપાસ છે)

લેખક : બ્રિજેશ ભાવાણી

કેહરાબાપાની રચાણ...

(કેહરા બાપાને એક જાણીતી ન્યુઝ ચેનલના ટીવી શો 'સબ કી અદાલત' કાર્યક્રમમાં બોલાવવામાં આવે છે. જેના અંશો નીચે મુજબ છે.)

એન્કર પિત્તળ શર્મા બાપાનુ સ્વાગત કરતા કહે છે...

''નમસ્કાર આજ હમ આપકો ઐસી શખ્સીયત સે મિલાને જા રહે હૈ જો અપની 'ર્ચાણ' કો લેકે કાફી મશહુર હો ચૂકી હૈ. વો હસાતે ભી હૈ ઔર સમાજ કો જગાતે ભી હૈ. તો આઓ હમ સ્વાગત કરતે હૈ સબકી અદાલત મેં ''કેહરાબાપા''કા...''

આઇએ કેહરાબાપા આપકા સ્થાન ગ્રહણ કીજીએ. આજ હમ કેહરાબાપા કે ઉપર જનતા કે ઇલ્જામાત લગાયેંગે.

કેહરાબાપા કે ઉપર જનતા કે ઇલ્જામ હૈ કી વો દૂસરોં કી કમ સુનતે હૈ ઔર અપની જ્યાદા કહેતે હૈ. ક્યા કહેના ચાહેંગે આપ?

કેહરા બાપા : પહેલે મેં આપકો બતાદુ મૈં ભી રાજ ઠાકરે કી તરાહ અપની માતૃભાષા મેં હમારી કચ્છી છાંટવાળી ગુજરાતી મેં જવાબ દુંગા. હિન્દી હમકો ભી આવડતા હૈ લેકીન મૈં રાજ ઠાકરે કી તરહ અપની માતૃભાષા કા સન્માન કરના ચાહતા હું.

પિત્તળ શર્મા : કોઇ બાત નહીં બાપા. મુજકો ભી ગુજરાતી આવડતા હૈ, આઇ મીન આતા હૈ. આપકો જૈસે ઠીક લગે આપ ઉત્તર દે સકતે હૈ. ચલો આપ મેરે પ્રશ્ન કા જવાબ દીજીએ.

કેહરા બાપા : જુઓ અમારી સભામાં એટલે કે ર્ચાણમાં દરેકને બોલવાનો અધિકાર હે. તમે 'પાટીદાર બંધુ' વાંચતા હો તો તમને ખબર હશે કે અમારી ર્ચાણમાં અમે બધાને બોલવા દઇરાં. અમે અમારી નથી ઘડતા તમારી જેમ. તમે લોકો જ કોઇનું નથી હાંભળતા તમારું જ ઘડે રાખોરાં. કેદીક અમારી જનતાનું પણ હાંભળો.



પિત્તળ શર્મા : યે 'ઘડેરુ, ઘડેરાં' કા ક્યા અર્થ હોતા હૈ?

કેહરા બાપા : ઇ હું શું કામ કઉં. કોઇ કચ્છી દુભાષિયો ગોતી લાવો.

પિત્તળ શર્મા : યે 'ગોતી લાવો' ક્યા હોતા હૈ? ચલો કોઇ બાત નહી 'ગોતી લાવો' કા અર્થ મેં ઢુંઢ લુંગા. લેકીન આપકે ઉપર જનતા કા અગલા ઇલ્જામ હૈ કી આપ કટ્ટર હિન્દુવાદી હે.

કેહરા બાપા : આ કોણે કીધું? નક્કી આ આરોપ ઓલા પિરપંથીઓએ લગાવ્યો હશે. ભલે જેને લગાવ્યો હોય પણ હાઁ તમે સાચું કહેનારને કટ્ટરપંથી કહેતા હો તો હું હઉં. દરેક વ્યક્તિને પોતાના ધર્મ પ્રત્યે, કર્તવ્ય પ્રત્યે અને જવાબદારી પ્રત્યે કટ્ટર રહેવું જ જોઇએ.

પિત્તળભાઇ તમને એક વાત કહું તમે લોકોને હિન્દુ શબ્દથી એલર્જી હોય એવું મને લાગેરું. હિન્દુઓનો ક્યાંક નાનો અમથો વાંક ગુન્હો હોય તો તમે લોકો તરત જ તેના ઉપર ચડી જાવરા અને હિન્દુ કટ્ટરવાદી, હિન્દુ આતંકવાદી જેવા શબ્દોનો મારો ચાલુ કરી દોરાં. ૧૦૦ સીટો વાળુ ૪૦૦ કરોડનું બોઇંગ ૩૦૩

વિમાનની માલિકી ધરાવતા દક્ષિણ ભારતના એક જાણીતા પાદરીએ તેના સગાભાઈનું ખુન કર્યું, પોલીસે તેની ધરપકડ કરીને જેલમાં નાંખ્યો પણ તમે કેમ તમારી ચેનલોમાં કાંઈ ના બતાવ્યું. એક મૌલવીએ દેશના ભાગલા કરાવવાની ખુલ્લેઆમ ધમકી આપી તો પણ તમે બધા ચુપ ર્‌યાં. જમ્મુ-કાશ્મીરમાં લોકો ખુલ્લેઆમ પાકિસ્તાનના ઝંડા ફરકાવી સલામી આપેરાં. પણ તમને લોકોને તે ક્યાંય દેખાતું હઈની.

પણ જો કોઈ હિન્દુ સંત હોય તો તમે લોકો હાચી હકીકત જાણ્યા વગર તે સંતને બદનામ કરવા હડકાયા કુતરાની જેમ વાંહે પડી જાવરાં. આ અંગે મારે વધુ કાંઇ કેવું હઈની વળી તમે મને ‘મિડીયા વિરોધી કહી બદનામ કરશો. હાલ ભાઈ આગળ વાત કરો.’ તમે મને જે માનો તે પણ હાચું હું કે તો રહીશ.

પિત્તળ શર્મા : આપકી સોચ કોંગ્રેસ વિરોધી રહી હૈ. આપ અક્સર કોંગ્રેસકો કોસતે રહેતો હો. ક્યા યે સચ હૈ?

કેહરા બાપા : જુઓ ભાઈ મેં તમને પેલા પણ કીધુ હે કે હું કોઈ વાદી નથી અને કોઈનો વિરોધી પણ નથી. હું સત્યવાદી હઉ. હું કોંગ્રેસનો વિરોધી નથી પણ કોંગ્રેસના નેતાઓ દ્વારા થતા કેટલાક કૃત્યોનો વિરોધી હઉ. એમ તો હું ભાજપવાળા નીએ કેદીક કેદીક ખેંચુરો. એટલે તમે મને કોંગ્રેસ વિરોધી ના કહી હકો. પણ હાઁ જ્યારે ભ્રષ્ટાચારીઓની વાતુ થાય ત્યારે કોંગ્રેસીઓ વધારે લપેટામાં આવેરાં. ભ્રષ્ટાચારીઓને ઊગાડા પાડવામાં તમારી મિડીયાની ભૂમિકા પણ થોડી ગણી વખાણવા જેવી હે. બસ આમ જ કેજરીવાલ અને અન્ના હજારેને સાથ દેતા રે જો અને સ્વામી રામદેવ ઉપર પણ દયાભાવ રાખી તેમને મદદરૂપ થજો. બિચારા રામદેવ વાંહે કોંગ્રેસ હાથ ધોઈને પાછળ પડી ગઈ હે. જુઓ વળી કોંગ્રેસનું નામ લેવાઈ ગ્યુ. પણ શું કરું? ઈ ધંધા જ એવા કરેરાં તે પછી અમે શું કરી?

પિત્તળ શર્મા : બાપા આપ ભ્રષ્ટાચાર કે સખ્ત ખિલાફ હૈ. ભ્રષ્ટાચાર રોકને કે લીએ ક્યા કરના ચાહિયે?

કેહરા બાપા : હું નહીં આખુ મલક ભ્રષ્ટાચારની વિરોધમાં હે ભ્રષ્ટાચારી સિવાય બધા જ ભ્રષ્ટાચારની વિરોધમાં હે. ભ્રષ્ટાચાર રોકવા દેશમાં મજબૂત અને સખ્ત કાનુન હોવો ખપે. જુઓને અમારા ગુજરાતમાં ૩૦૦ કરોડની છેતરપીંડી કરનારા અભય ગાંધીને પોલીસે પકડી લીધો હે પણ દેશના સર્વોચ્ચ પદ ઉપર દેશની તિજોરીમાંથી લાખો કરોડો રૂપિયા લુંટનારાઓને કોણ પકડશે? ભ્રષ્ટાચારીઓ માટે સખ્ત કાનુન ના હોવાથી ભ્રષ્ટાચારીઓ અભય હે અને ગાંધી તો ખરા જ.

પિત્તળ શર્મા : કેહરા બાપ. આપ પર ઈલ્જામ હૈ કી આપ લોગોં કો મુર્ખ બનાતે હૈ.

કેહરા બાપા : જુઓ ભાઈ તમને ક્યાં લાગ્યું કે હું મુર્ખ બનાઉરો. તમે લોકો ગજબના હો તમે લોકો ઉપર આરોપ એવી રીતે લગાવોરાં કે જાણે તમે બધા તો શાણી સીતા હો. ટાઢા પોરના ગપ્પા મારી તમે લોકોને ઉધુ ભનાવોરાંઇ કાંયની.

પિત્તળ શર્મા : દેખીએ હમલોગ ગપ્પા નહીં મારતે.

કેહરા બાપા : વધારે ડાહ્યો થા માં. આ અદાલતમાં તમને બેહાડીને સવાલ પૂછવા ખપે. તમે લોકોને પ્રલય આવશે, પ્રલય આવશે, એમ કહીને બિવડાવીને પટ્ટ કરી નાખોરા. ખોટા હમચારો જોઈ કેટલાયની ચડ્ડી ભીની થઈ ગઈ તી અને અકાદ-બે જણા બીકના માર્યા મરી ગ્યા તા. અને સંતો ને લઈને તો તમે હંમેશા લોકો ને ઉધુ જ બનાવોરાં.

પિત્તળ શર્મા : ઓ કે. બાપા અબ હમ હમારે જજ સે આજકા જજમેન્ટ સુનેંગે.

જજ : કેહરાબાપા એક ભલે ઇન્સાન હૈ. સત્ય કે આગ્રહી હૈ દિલકે સાફ ઔર નેક દીલ ઇન્સાન હૈ. સાથ મેં સચ કહેને કી હિમ્મતભી રખતે હૈ. ઇસલીએ યહ અદાલત કેહરાબાપાની પ્રશંસા કરતે હુએ બાઇજ્જત બરી કરતી હૈ.

પિત્તળ શર્મા : તો યે થે ‘પાટીદારબંધુ’ કે લોકપ્રિય કીરદાર કેહરાબાપા. હમને કેહરાબાપા પર જનતા કે ઈલ્જામ લગાયે ઔર કેહરાબાપાને મેરી ખીંચાઇ કરતે હુએ અચ્છે જવાબ દીએ. ઇસલીએ હમ ઉનકા ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરતે હૈ.

કેહરા બાપા : પિત્તળ શર્માજી મારાથી વધારે કેવાઈ ગ્યું હો તો માફ કરશો. બધાને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામના...

"નૂતન વર્ષાભિનંદન..."

ગુજરાત ટીમ્બર મરચન્ટ ફેડરેશન

ગુજરાત ટીમ્બર મરચન્ટ ફેડરેશન તેના સર્વ સભ્યોને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે. સંવત ૨૦૬૯નું વર્ષ આપના સ્વાસ્થય, સંપત્તિ તેમજ ધંધા ઉદ્યોગને દરેક રીતે લાયદાયી નીવડે તેવી ફેડરેશન શુભેચ્છા પાઠવે છે. અત્યાર સુધી આપના તરફથી જે સાથે અને સહકાર મળેલ છે તેવો સાથ અને સહકાર નવા વર્ષમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા અને અભ્યર્થના...

શ્રી રવજીભાઇ એસ. પટેલ
પ્રમુખ
નંદાસણ, જિ. મહેસાણા.

શ્રી હરિભાઇ પી. પટેલ
ઉપપ્રમુખ
પેટલાદ, જિ. આણંદ

શ્રી રવિન્દ્રભાઇ એસ. પટેલ
માનદ્‌મંત્રી
નડિયાદ, જિ. ખેડા

શ્રી બાબુભાઇ એમ. માકાણી
સહમંત્રી
નારણપુરા, અમદાવાદ

શ્રી ભવાનભાઇ આર. પટેલ
સહમંત્રી
કલોલ, ગાંધીનગર

શ્રી કાંતિભાઇ એસ. પટેલ
સહમંત્રી
સુરત


શ્રી ભરતભાઇ એમ. પટેલ
સહમંત્રી
પદમલા, જી. વડોદરા

શ્રી દેવજીભાઇ આર. પટેલ
ખજાનચી
નરોડા, અમદાવાદ

આદી જગદ્ગુરુ શંકરાચાર્યએ સ્થાપેલ

મુખ્ય ચારે પીઠોના શંકરાચાર્યોએ અને સાધુ સમાજે પત્રો જાહેર કરી સતપંથને હિન્દુ પંથ તરીકે નકાર્યો

તાજેતરમાં ગત ૧૭ થી ૧૯ નવેમ્બર દરમિયાન સતપંથને હિન્દુ સંપ્રદાય કે ધર્મ સાબિત કરવા માટે પીરાણામાં સંત સંમેલન યોજાયું હતું. આ સભામાં ઉપસ્થિત સંતો, મહાત્માઓ, આચાર્યો સતપંથની પ્રશંસા કરતા જોવા મળ્યા હતા અને એક સતપંથાચાર્યએ તો સતપંથ બિનહિન્દુ છે, એવો પ્રશ્ન કરનારને એક કરોડનું ઇનામ આપવાની જાહેરાત પણ કરી દીધી છે. ત્યારે બરાબર તેવા સમયે ઇન્ટરનેટ ઉપર આદી જગદ્ગુરુ શંકરાચાર્યની ચાર મુખ્ય પીઠોના શંકરાચાર્ય તથા શ્રી પંચ દશનામા જૂના અખાડા અને ભારત સાધુ સમાજના લેટરપેડ ઉપર પાકા સહી સિક્કાવાળા પત્રો વહેતા થયા છે.



જગદ્ગુરુ શંકરાચાર્ય અને તેમની પ્રેરણાથી દેશની ચારેય દિશાઓમાં મઠો સ્થાપનાર સત્‌શિષ્યો પદમપદાચાર્ય, તોટકાચાર્ય, મુંડકાચાર્ય અને સુરેશાચાર્ય

આ પત્રોમાં હિન્દુ ધર્મની સૌથી મહત્ત્વપૂર્ણ અને આદી મુળ જગદ્ગુરુ શ્રી શંકરાચાર્ય મહારાજ દ્વારા સ્થાપીત ગોવર્ધનમઠ-પુરી (ઓરીસ્સા, પૂર્વ ભારત), જ્યોર્તિમઠ (ઉત્તર ભારત), શારદામઠ (દ્વારકા, ગુજરાત-પશ્ચિમ ભારત) અને શંકરાચાર્ય મહાસંસ્થાનમ્ શ્રુંગેરીમઠ (દક્ષિણ ભારત) તથા આ ઉપરાંત ભારત સાધુ સમાજ અને શ્રી પંચ દશનામ જુના અખાડાએ સતપંથને હિન્દુ ધર્મના ભાગ તરીકે નકાર્યો છે. આ બધી સંસ્થાના મુખ્યાઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા પત્રોમાં સતપંથને સ્પષ્ટ રીતે મુસ્લિમ સંપ્રદાયનો ભાગ ગણવામાં આવ્યો છે તથા તેને ધર્માંતરણ કરવાના ભાગ રૂપે ગણવામાં આવ્યો છે.

પત્રોમાં જણાવવામાં આવેલી વિગતો પત્રોની ફોટો કોપીમાં વાંચી શકાય છે. લગભગ બે વર્ષ પહેલા સતપંથીઓએ શ્રી અવિચલદાસના સતપંથની પ્રશંસા કરતા પત્રો સનાતનીઓના ઘરે ઘરે પહોંચાડ્યા હતા અને સમાચાર પત્રોમાં પણ છપાવ્યા હતા. હવે જોવાનું એ છે કે પિરાણના સંત સંમેલનમાં હાજર મહંતો, મંડલેશ્વરો, આચાર્યો અને અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષશ્રી અવિચલદાસજી મહારાજ આનો કેવો જવાબ આપે છે. અવિચલદાસજીની આડ લઇ સતપંથ સંપૂર્ણ હિન્દુ ધર્મ છે તેવું સાબિત કરનારા આ પત્રોનો જવાબ આપશે કે પછી આંખ આડા કાન કરી પોતાની જ પિપુડી વગાડતા રહેશે?

અખિલ ભારતીય સંત સમિતિ અને સતપંથને હિન્દુત્વના પ્રમાણપત્રો આપનાર સાધુ-સંતો અને સંસ્થાઓ આદરણીય શંકરાચાર્યોના પત્રો અંગે લોકો સમક્ષ ખુલાસો આપે એવી આમ સનાતની કચ્છ કડવા પાટીદારોમાં માંગ ઉઠી રહી છે. આ પત્રોને કારણે સનાતનીઓમાં ઉત્સાહનો સંચાર થયો છે. આદી જગદ્ગુરુ દ્વારા હિન્દુ ધર્મની રક્ષા માટે દેશની ચારેય દિશામાં સ્થાપવામાં આવેલા આ મઠોએ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી પોતાની ગરીમાને ઉજાગર કરી છે, એવું લોક મુખે ચર્ચાઇ રહ્યું છે.

જ્યોર્તિમઠ ઉત્તરાંચલ (ઉત્તર ભારત)

।। श्री शङ्कराचार्यो विजयतेतराम् ।।

॥ श्रीः ॥

श्रीमत्परमहंसपरिव्राजकाचार्यपदवाक्यप्रमाणपारावारपारीणयमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाध्यष्टाङ्गयोगानुष्ठाननिष्ठतपश्चर्याचरणचक्रवर्त्यादिगुरुरम्पराप्राप्तवैदिकदर्शनमतस्थापनकाचार्यसकलनिगमागमसारहृदयवैदिकमार्गप्रवर्तकसर्वतन्त्रस्वतन्त्रचातुर्वर्ण्यसंरक्षकश्रीमन्महाराजाधिराजगुरुभूमण्डलाचार्यजगद्गुरुअनन्तश्रीविभूषितश्रीमदादिशङ्कराचार्यभगवत्पादप्रपूज्यमानाः श्रीमदनेक[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] अलकनन्दातटनिवासनुत्तराम्नायश्रीमज्ज्योतिष्पीठाधीश्वराः श्रीमद्वासुदेवानन्दसरस्वतीस्वामिवर्याः विजयन्तेतराम्।



पत्रांक ....

१. ज्योतिर्मठ
पोस्ट-जोशीमठ
जिला-चमोली
गढ़वाल, (उत्तरांचल)
दूरभाष-(०१३८९)२२२८०

२. श्री शंकराचार्य आश्रम
५९, श्री [illegible]
१९, [illegible],
प्रयाग, (उ.प्र.)
दूरभाष -(०५३२) ५००४९०
५०२१५८

३. [illegible] वास



दिनांक ५-६-२०१२

आम जनता के हित में और मुख्यतः सनातन धर्म के अनुयायियों के हित में यह स्पष्ट किया जाता है कि कुछ स्थलों पर प्रचलित धर्म - जिसका नाम सतपंथ धर्म • पीराणा सतपंथ धर्म उर्फ सतपंथ सनातन धर्म उर्फ सतपंथ सनातन वैदिक धर्म (और समय समय पर उनके द्वारा अपनाया हुआ अन्य कोई भी नाम) एवम् उनसे सम्बन्धित धार्मिक प्रचार, रीति रिवाज और प्रथा है, जिसे सुविधा के लिये सतपंथ धर्म कहा जाता है,

यह सतपंथ धर्म अनादि काल से प्रचलित सनातन धर्म (जिसे आम तौर पर हिन्दू धर्म कहा जाता है) का अंश । भाग । हिस्सा नहीं है । और यह धर्म और उससे सम्बन्धित धार्मिक प्रचार रीति रिवाज और प्रथा इत्यादि का सनातन धर्म से कोई भी सम्बन्ध नहीं है। वस्तुतः सतपंथ धर्म मुस्लिम धर्म है। सतपंथ धर्म से हिन्दुओं को सजग और सचेष्ट रहना चाहिए।

इत्यलम्

आज्ञया-श्रीचरणानाम्

[signature]

शारदापीठम्

द्वारका • गुजरात • भारत

प्रेषक : सचिव,
पू.पाद जगद्गुरु शङ्कराचार्य महाराज
टेलीफोन : (02892)234064, 235109 फैक्स : 234457

શારદા મઠ, દ્વારકા (પૂર્વ ભારત)

दिनांक : 12/11/2012
स्थान : द्वारका

धर्मादेश

जगद्गुरु शङ्कराचार्य मठ शारदापीठ द्वारका को कच्छ पाटीदार समाज द्वारा एवं प्राचीन इतिहास (गजेटियर) के आधार पर हम इस निश्चय पर स्थिर हुये हैं कि सत्पंथ पथ हिन्दु मुसलमानों को मिलाकर अन्त में छद्मवेष से हिन्दुओं को मुसलमान बनाने का कुचक्र चलाता है ।

* सत्पंथ के कथनानुसार वे हिन्दू ही हैं, तो नाम मुसलमानों जैसा क्यों ?
* यदि हिन्दुधर्म के ही देवी-देवता मानना है तो उसके लिये सतपंथ की ओर आकर्षित करना जरुरी क्यों ?
* हिन्दुधर्म का ही पालन करना है तो पीराणा में इमाम शाह बाबा की कब्र की आवश्यकता क्यों ?
* सत्यप्रकाश पीराणा सतपंथ का इतिहास ग्रन्थ से सतपंथ मुस्लिम धर्म है ।
* प्राप्त प्रमाणों के आधार पर सत्पंथ संस्थान के धर्मगुरु आगाखान माने जाते हैं, वे क्यों हिन्दुधर्म का प्रचार करेंगे ?
* सरकारी दस्तावेजों में - गुजरात गजेटियर में, बाम्बे गजेटियर - 1899 में, अहमदाबाद जिला के 1984 के गजेटियर से यह प्रमाणित हैं कि सत्पंथ मुस्लिम धर्मावलम्बियों का है ।
* भगवद्गोमण्डल, प्रवीण प्रकाशन, राजकोट (भाग-9) पृष्ठ सं. 8461 में स्पष्टता पूर्वक सतपंथ का अर्थ मुस्लिम धर्म कहा है ।
* गुजराती विश्वकोश (खण्ड-22), पृष्ठ सं. 70-71 में सतपंथ का पूरा इतिहास लिखा है जिससे ये मुस्लिम मतावलम्बी सिद्ध होते हैं ।

हिन्दुधर्म की विशालता, प्राचीनता एवं सनातनी परम्परा को देखकर सतपंथी इमाम शाह बाबा की यह सुनियोजित योजना थी (है) कि हिन्दुओं को तोड़ना है, तो प्रारम्भ में कुछ उनकी बातों को स्वीकार कर लिया जाय कुछ अपनी बात जोड़ दी जाय, धीरे-धीरे हिन्दू संस्कृति को विकृत कर दिया जाये ।

इसी योजना के अन्तर्गत भ्रम फैलाकर हिन्दु मुस्लिम एकता का ढिण्ढोरा पीटकर कच्छ, गुजरात, महाराष्ट्र में लाखों हिन्दुओं को सत्पंथी धर्मच्युत कर चुके हैं ।

हिन्दू कौन, जो अपने आप को हिन्दू मान बैठा हो, हिन्दूधर्म का पालन करे, जो अपने दिल में अपने आप को हिन्दू विषयक अभिमान से आविष्ट कर चुका हो - सः हिन्दुः ।

गोषु भक्तिर्भवेद्यस्य पुनर्जन्मनि दृढाशयः ।
ॐकार मूलमन्त्रस्य सर्वोहिन्दुरिति स्मृतः ॥

गाय में जिसकी भक्ति हो । ॐकार जिसका मूलमन्त्र हो । जो पुनर्जन्म मानता है, वैदिक परम्परा को प्रमाण मानता हो। माता-पिता में भक्ति हो, भारत को जन्मभूमि माँ के रूप में मानता हो वह हिन्दू। मुसलमान तो पुनर्जन्म मानते ही नहीं हैं, रोजा रखने वाला हिन्दू कैसे ?

हीनं दूषयति इति हिन्दू - हीन को दूषित करे हिन्दू - प्रश्न ये हैं कि हीन किसे कहते है -
अन्यवादी क्रियाद्वेषी नोपस्थायी निरुत्तरः ।
आहूत प्रपलापी च हीनः पञ्चविधस्मृतः ॥
हिन्दूधर्म को दूषित करने वाले की निन्दा करने वाला या हीन, अधम, नीच, गर्ह्य, निन्दा या नष्ट करने के अर्थ में -
हिंकृण्वती वसुमती .... (ऋक.1-164-27)
हीनञ्च दूषयत्येव हिन्दुरित्युच्यते प्रिये (मेरुतन्त्र प्रकाश -23)।
यवनैश्चानिः क्रान्ताः हिन्दवो विन्ध्यमाविशन् ।
कलिना वेदमार्गोऽयं बलिना कवलीकृतः ॥ (शार्ङ्गधर पद्धति)
बलिना कलिनाऽऽच्छन्ने धर्मे कवलिते कलौ ।
यवनैश्चानिः क्रान्ता हिन्दवो विन्ध्यमाविशन ॥ (कालिका पुराण)
हिनस्ति तपसा पापान् दैहिकान् दुष्टमानसान् ।
हेतिभिः शत्रुवर्गञ्च स हिन्दुरभिधीयते ॥ (पारिजातहरण नाटके)

कुछ उदारवादी हिन्दु संस्थान या सन्तों, महन्तों को भ्रम में रखकर उनसे समर्थन लेकर सत्पंथ अपने उद्देश्य को पुष्ट कर रहा है ।

अतः देश की अखण्डता, सनातनधर्म, हिन्दुधर्म की सुरक्षा, की रक्षा के लिए कोरी भावुकता का त्यागकर हिन्दुधर्म की सनातनीय परम्परा का पालन करना चाहिए, षड्यन्त्र से अपनी रक्षा करनी चाहिए ।

(स्वामी सदानन्द सरस्वती)
सचिव, श्रीशारदापीठ, द्वारका



ॐ

।। श्री गुरु दत्तात्रेयो विजयतेतराम् ।।

दूरभाष : 0542-2275701
मो0 : 09820528395

श्री पंच दशनाम जूना अखाड़ा

बड़ा हनुमान घाट, वाराणसी (उ० प्र०)
(रजि. एक्ट २१, सन् १८६० के अन्तर्गत पंजीकृत)

सभापती श्री गीरीजानन्द गीरीजी महाराज का आदेश

क्रमांक : .... दिनांक : 12-11-2012

सन्तपन्थ नामकसंस्था के कुचक्रों से सावधान

आत्मीय सन्तवृन्द।

भारतवर्ष में सर्वत्र एक सतपन्थ नामक धार्मिक संस्था के द्वारा हिन्दु नाम आचार एवं साहित्य सम्बन्धी शब्दों का उपयोग कर कुछ लोग बनावटी हिन्दु धार्मिक साहित्य द्वारा जनता को भ्रमित कर इस्लाम धर्म स्वीकार करने को बढ़ावा दे रहे हैं। उदाहरण के लिए → दशावतार के नाम पर मुहम्मद पैगम्बर के दामाद हजरत अली तालीम को विष्णु का दसवाँ अवतार मानना उन्हें निष्कलंकी नारायण कहना इत्यादि। इसी सतपन्थ की शाखायें गुजरात एवं महाराष्ट्र में भी कार्यरत हैं। जिनके माध्यम से पीराणा सतपन्थ नाम से लोगों को मुसलमान बनाया जा रहा है।

इसी विषय को लेकर हमारे सनातन धर्म के अमुक सन्तवृन्द जो इस विषय को लेकर मोहित हो गये हैं। इसलिए अमुक प्रतिष्ठित संतो का नाम उल्लेख करके और जनता को गुमराह कर है। इसलिए हमारी सनातन धर्म प्रजा इन गुमराह करने वाले व्यक्ति से बच के रहना उचित होगा। उदाहरण के तौर पर → जैसे की पत्रिका में महामण्डलेश्वर तथा सभापती नाम का गलत उल्लेख कीया गया है। यह बहुत गम्भीर प्रश्न है।*

इसलिए आम सनातन धर्म प्रेमी भाईयों को सुचित किया जाता है। की यह सन्त सम्मेलन रखा है, जो तारिख → 17-18-19, नवम्बर 2012 को पिराणा मे रखा है। उसमें जनता को गुमराह करने के लिए प्रतिष्ठित सन्तो का उल्लेख किया गया है। इसलिए आम सनातन धर्म प्रेमियों को सुचित किया जाता है कि यह सतपन्थी पिराणा धर्म यह इस्लाम धर्म का भाग है। इसलिए इस धर्म से बच कर रहना चाहिए।

महाराज की आज्ञा से
लिखितम देवेन्द्र शास्त्री
देवेन्द्र शर्मा

भारत साधु समाज

शाखा कार्यालय : अध्यक्ष-महंत श्री, गोपाला नंदजी, बीलनाथ महादेव, जुनागढ. फोन : ०२८५ - २६७१४२२

शाखा कार्यालय : महंत श्री पहेलवान बापुश्री मनोकामना सिद्ध हनुमान, केनाल रोड, कापड मील गेट के पास, राजकोट.

✱ अध्यक्ष ✱
महंत श्री
गोपालानंदजी ब्रह्मचारी
बिलखा
फोन नं. ०२८५-२६८२०८०

बालकेश्वर मंदिर
अहमदाबाद
फोन नं. ०७९-२७५५६८००

✱ सेक्रेटरी ✱
महंत श्री वैष्णवदासजी
जागनाथ महादेव,
राजकोट
फोन नं. ०२८१-२४६५८२०

✱ जो. सेक्रेटरी ✱
महंत श्री
रघुवरदासजी पहेलवान
श्री क्षेमेश्वर महादेव
आजी-१, राजकोट.

खाखरा मढी हनुमान
मंदिर, सारण पुल के
पास, जेतपुर.
मो. ९३७७६ ०५१८८
मो. ९९०९६ ०३३३९

प्रति श्री,

दिनांक : दिनांक : 20/11/12
स्थान :

सतपन्थ नामक संस्था के कुचक्रों से सावधान

आत्मीय सन्तवृन्द!

भारतवर्ष में सर्वत्र एक सतपन्थ नामक धार्मिक संस्था के द्वारा हिन्दु, नाम, आचार एवं साहित्य सम्बन्धी शब्दों का उपयोग कर कुछ लोग बनावटी हिन्दू धार्मिक साहित्य द्वारा जनता को भ्रमित कर इस्लाम धर्म स्वीकार करने को बढ़ावा दे रहे हैं। उदाहरण के लिये - दशावतार के नाम पर मुहम्मद पैगम्बर के जामाता हजरत अली तालीब को विष्णु का दसवाँ अवतार मानना, उन्हें निष्कलंकी नारायण कहना इत्यादि। इसी सतपन्थ की शाखायें गुजरात एवं महाराष्ट्र में भी कार्यरत हैं, जिनके माध्यम से पीराणा सतपन्थ नाम से लोगों को मुसलमान बनाया जा रहा है। आगाखाँ फाउण्डेशन नाम की विदेशी रिसर्च संस्था यहाँ के बुद्धिजीवियों पर अपना आधिपत्य जमा रही है। कहना न होगा कि मुहम्मद अली जिन्ना के दादा और पिता भी इसी धर्म से प्रभावित होकर मुसलमान हो गये थे।

सतपन्थ का विरोध होने पर इनके चतुर मुसलमान प्रचारकों ने ताकिया (इस्लाम में प्रतिबन्धित सभी आचार-विचार का उल्लंघन कर अन्य धर्मानुयायी को मुलमान बनाना) का प्रयोग शुरु कर दिया है। दुःख की बात है कि न केवल भोली-भाली हिन्दु जनता ही प्रत्युत् अनेक प्रतिष्ठित संत-महात्मा भी इनके कुचक्र से प्रभावित हो रहे हैं, उन्हें सतपन्थ के इस षड्यन्त्र से परिचित होना चाहिये तथा हिन्दुओं को मुसलमान बनने से रोकने में सहयोग करना चाहिये। कच्छ गुजरात में भी एक विशेष समाज को ये सतपन्थी प्रभावित कर रहे हैं। ध्यातव्य है कि सतपन्थ के कुचक्र का विरोध करने वाले संतों के प्रभाव से बचने के लिये और जनता का विश्वास जीतने के लिये ये लोग समय-समय पर हिन्दु संतों का सम्मेलन आयोजित करते रहते हैं। जैसे - इमाम शाह की कबर को समाधि कहकर कब्रिस्तान के बगल में एक बार साधु-सम्मेलन इनके द्वारा किया जा चुका है, जिससे पीराणा सतपन्थ को पुष्पित-पल्लवित होने का आधार प्राप्त हो रहा है। पीराणा जाने से मालूम नहीं पड़ता कि ये स्थान हिन्दुओं का है या मुसलमानों का।

अनेक प्रामाणिक साक्ष्यों के आधार पर निःसंकोचतया यह कहा जा सकता है कि अनेक नामों से प्रचलित पीराणा सतपन्थ सनातन हिन्दूधर्म, संस्कृति एवं वैदिक परम्परा को अनवरत क्षति पहुँचा रहा है। कुछ पत्रों के आधार पर यह भी पता चला है कि यह पन्थ 17-19 नवम्बर 2012 को पुनः एक सम्मेलन करने जा रहा है जिसमें देश के अनेक प्रतिष्ठित संत-महात्मा भाग लेने जा रहे हैं। उसके निमन्त्रण पत्र के मुखपृष्ठ पर लिखा है 'ॐनिष्कलंकी नारायणाय नमः' 'ॐ सनातन सतपन्थ' यह सम्मेलन भी सतपन्थ (छद्मरूप से इस्लाम की प्रचारक संस्था) के द्वारा ही कराया जा रहा है।

अतः समस्त सनातन वैदिक धर्म, हिन्दु संस्कृति की रक्षा को ध्यान में रखते हुए आप समस्त हिन्दुधर्मावलम्बियों को इस प्रकार के षड्यन्त्रों से सावधान होने की आवश्यकता है। एतावता भारत साधु समाज ऐसी छद्म संस्थाओं के षड्यन्त्र का विरोध करता है।

ब्र. गोपालानन्द

(ब्रह्मचारी गोपालानन्द)
अध्यक्ष

કેન્દ્રીય પ્રમુખ ગંગારામ બાપાનો શંકરાચાર્યના પત્રો સંદર્ભે પ્રતિભાવ

શંકરાચાર્યોએ બહાર પાડેલા પત્રો અંગે પ્રતિભાવ જાણવા અમે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઈ સાંખલા સાથે એક સામાજિક પ્રસંગે થયેલ મુલાકાત વેળાએ વાતચીત કરી હતી ત્યારે તેમણે નીચે મુજબ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

પ્રશ્ન : શંકરાચાર્યોના પત્રો અંગે આપનો પ્રતિભાવ શું છે?

જવાબ : શંકરાચાર્યોએ સત્ય જ કીધું છે. તેમણે અભ્યાસક રીને તટસ્થ અભિપ્રાય આપ્યો છે. શંકરાચાર્યો આપણા સનાતન ધર્મના ઉચ્ચ પદ ઉપર છે તેમનો નિર્ણય યોગ્ય છે.

પ્રશ્ન : સતપંથના એક સંતે એક કરોડનું ઈનામ જાહેર કર્યું છે તે અંગે આપનું શું કહેવું છે?

જવાબ : મારે એમને એ કહેવું છે કે આપણે બેસીએ ચર્ચા કરીએ પણ સર્વોચ્ચ નિર્ણય કોનો ગણાય? સનાતન ધર્મની જયાં વાત આવતી હોય તો આખરી નિર્ણય કોનો ગણાય તે જણાવે તો અમે આ પડકાર સ્વીકારી ચર્ચા કરવા તૈયાર છીએ.

પ્રશ્ન : કેન્દ્રીય સમાજ હવે શું કરશે? સતપંથીઓની જેમ પત્રો વહેંચશે?

જવાબ : આ પત્રો પછી સમાજ સ્પષ્ટ છે. પત્રો વહેંચવા મહત્ત્વપૂર્ણ નથી. પરંતુ સત્ય બધાને સમજાય કે શંકરાચાર્ય જેવી ઉચ્ચ મહત્ત્વપૂર્ણ પદો ધરાવતી વ્યક્તિઓ કહે છે તે સાચું છે. તે મહત્ત્વનું છે. અત્યાર સુધી આપણા આદ્યસુધારકો કહેતા હતા તે વાત ને શંકરાચાર્યોએ પ્રમાણીત કરી છે તે મહત્ત્વનું છે.

પ્રશ્ન : આ પત્રો પછી અવિચલદાસજીને શું કહેવા માંગો છો?

જવાબ : અવિચલદાસને એટલુ જ કહેવું છે કે "અમે જ્યારે તમને મળ્યા હતા ત્યારે તમે શું કીધું હતું? આનું રેકોર્ડીંગ છે અમારી પાસે. તમે અમારી સામે શું બોલ્યા હતા અને અહીંયા શું બોલો છો તમે આખા ભારતની સંત સમિતિ બનાવી હોય અને તેના તમે પ્રમુખ હો તો તમારે આમ બે મુખી વાતો ના કરવી જોઈએ."

પ્રશ્ન : આપની આ પત્રો અંગે અવિચલદાસજી સાથે વાત થઈ છે?

જવાબ : હું હમણાં સામાજિક પ્રસંગે સતત યાત્રાઓ કરી રહ્યો છું. તેથી આ અંગે કંઈ વિચાર્યું નથી.

પાટીદાર બંધુ : ખૂબ ખૂબ આભાર...

કરોડપતિ બનવાની અમૂલ્ય તક...

એક લાખની સામે એક કરોડ રૂપિયાનું ઈનામ...

નવા વર્ષના સુંદર અને આનંદદાયક સમાચાર છે કે હવે કરોડપતિ બનવું આસાન છે. જો કોઈ વ્યક્તિ સતપંથ હિન્દુ ધર્મ નથી તેવો પ્રશ્ન સતપંથે પસંદ કરેલા સાધુ સમાજને કરે તો એક કરોડ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત સતપંથના જનાર્દન સ્વામીએ કરી છે.

વાત એમ છે કે સતપંથ-સનાતનનું ઈ-મેલ સાયબર વોર ચાલુ છે, તે સૌ કોઈ જાણે છે. આ સાયબર વોરના મુખ્ય કીરદારો પૈકી એક મુંબઈના પ્રદીપ નાથાણીએ ઈ-મેલ દ્વારા ગત તા. ૧૫-૧૧-૧૨ના રોજ પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, "સતપંથ ધર્મને જે કોઈપણ હિન્દુ ધર્મ સાબિત કરી આપશે તેને રૂા. ૧,૦૦,૦૦૦ રૂપિયાનું ઈનામ તેમના તરફથી આપવામાં આવશે." આ ઈમેલના બરાબર બે દિવસ પછી પીરાણામાં સતપંથનો ધાર્મિક કાર્યક્રમ હતો. આ ધાર્મિક સંમેલનમાં શ્રી અવિચલદાસજી અને તેમની અખિલ ભારતીય સંત સમિતિના સંતો પધાર્યા હતા. આ સંમેલનમાં સતપંથના જનાર્દન સ્વામી નામના એક સંતે પ્રદીપ નાથાણી દ્વારા મોકલવામાં આવેલા એક લાખ રૂપિયાવાળા ઈ-મેલનો જવાબ આપતા માઈક ઉપરથી જાહેરમાં જણાવ્યું હતું કે "**મેં સાંભળ્યું છે કે આ પરંપરા (સતપંથ) હિન્દુ ધર્મ છે એવું સાબિત કરી આપે તો એક લાખનું ઈનામ... આવી વાતો બહુ થઈ થઈ. જેમને પુછવો હોય પ્રશ્ન એ અમારા સાધુ સમાજની સામે આવીને પૂછે, 'અમે એક કરોડ આપીશું.' આ સવાલ ઈ-મેલ કે ફોનમાં નહીં. પણ અમારી અખિલ ભારતીય વૈદીક સંત સમિતિની સામે આવીને પ્રશ્ન કરે. અમે એક કરોડ અપાવીશું, ખાલી પ્રશ્ન કરે.**"

આમ સનાતની પ્રદીપ નાથાણીના ઈ-મેલ પર કરેલ એક લાખની જાહેરાતના પડઘા સતપંથના સંત સંમેલનમાં પડ્યા હતા. અને આ જાહેરાત સામે એક કરોડના ઈનામની પણ જાહેરાત થઈ ગઈ છે. બરાબર આ સમયે શંકરાચાર્યની મુખ્ય ચારેય પીઠોએ અને ભારત સાધુ સમાજે સતપંથને હિન્દુપંથ તરીકે સ્વીકારવા સ્પષ્ટ ના પાડી દીધી છે. કોઈને એક કરોડનું ઈનામ જીતવાની ઈચ્છા હોય તો સતપંથ મંદિર, ફૈજપુર, મહારાષ્ટ્રના જનાર્દન સ્વામીનો સંપર્ક કરે અને તેમણે ફેંકેલ પડકારને સ્વીકારે.

ઉદ્યોગનગર કડવા પાટીદાર સમાજ નડીઆદના નવનિર્મિત અત્યાધુનિક ભવ્ય ઉમા ભવનનું ઉદ્‌ઘાટન



અંતિમસત્રમાં યોજાયેલ સામાજિક સભામાં લગભગ ૬૦ થી ૬૫ મહાનુભાવોને મંચ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું.


ગત ૨૬ અને ૨૭ નવેમ્બર દરમીયાન શ્રી ઉદ્યોગ નગર કડવા પાટીદાર સમાજ નડીઆદના નવ નિર્મિત ઉમિયા ભવનના લોકાર્પણનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય સમાજના પ્રમુખ ગંગારામબાપા અને યુવાસંઘ પ્રમુખ માવજી દીવાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ બે દિવસીય સમારોહમાં સત્સંગ, સામાજિક સભા, નિયાણીઓના સામૈયા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને નાટક જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૬-૧૧-૨૦૧૨ના સવારે સૌ પ્રથમ ૮-૦૦ કલાકે સમાજના નિયાણા (જમાઈ) તથા આમંત્રીત મહેમાનોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતના અંશને પૂજ્ય શ્રી નિર્ગુણદાસજી મહારાજના પાવન કરકમળ દ્વારા દીપમાં પ્રસ્થાપિત કરવામાં આવી હતી. ત્યાર બાદ નવનિર્મિત ઉમાભવનમાં વિવિધ વિભાગોનું તેમના દાતાશ્રીઓના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ નવનિર્મિત ઉભા ભવનમાં ભવ્ય આધુનિક શૈલીનો પ્રવેશદ્વારા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર અન્નાપૂર્ણા હોલ (ભોજન ખંડ), રસોઈ ઘર, પ્રથમ માળે વિશાળ વાતાનુકુલીત સભાખંડ તથા બીજા માળે પાંચ બેડરૂમ તથા બે મીની હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. લગભગ ૨.૫૦ કરોડ ૧૨,૦૦ ચોરસ ફૂટ જેટલા બાંધકામ પાછળ ખર્ચાયા છે. પ્રથમ માળે આવેલ સભાખંડમાં ૫૦ ટનનું સેન્ટ્રલ એ.સી. લગાવવામાં આવ્યું છે. જ્યારે બીજા માળે આવેલ બે મીની હોલમાં અને બીજા પાંચ રૂમોમાં સ્પ્લીટ એ.સી. લગાવવામાં આવ્યા છે. ૫૦

ટનના એ.સી.ને ચાલુ કરવા માટે ૧૨૫ કે.વી.નું જનરેટન પણ લગાવવામાં આવ્યું છે.

પ્રથમ દિવસે બપોર પછી ૧૧,૦૦૦થી વધુ દાન આપનાર દાતાશ્રીઓનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે સમાજના યુવામિત્રો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.


ઉમા ભવનનું દશ્ય

બીજા દિવસે સવારે આર્ષવિદ્યામંદિર, રાજકોટના અધ્યક્ષ પ.પૂ. સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીના સાનિધ્યમાં ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ જીવનમાં અધ્યાત્મના મહત્ત્વને ખૂબ જ સુંદર રીતે સમજાવ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે 'વિજ્ઞાનની સાથે આધ્યાત્મિકતાને મહત્ત્વ આપવું જરૂરી છે. વિજ્ઞાન થકી બ્રાહ્ય સુખ-સુવિધા મળી શકે પણ આંતરિક શાંતિ અને આંતરિક સુખ તો અધ્યાત્મક થકી જ મળી શકે. આધ્યાત્મિકતા વગરની માત્ર ભૌતિકતા નકામી છે. પતન તરફ લઈ જનારી છે. આથી ભૌતિક સુખ સમૃધ્ધિ મેળવવાની સાથે સાથે ધર્મ અને અધ્યાત્મથી સમૃધ્ધ થવું પણ જરૂરી છે.''

બપોર પછીના સત્રમાં સામાજિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સામાજિક સભામાં ગંગારામબાપા (કેન્દ્રીય સમાજ પ્રમુખ) ને અધ્યક્ષ સ્થાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ સામાજિક સભામાં કેન્દ્રીય યુવાસંઘ પ્રમુખ માવજીભાઈ દીવાણી, લખપત તાલુકા સમાજના પ્રમુખ નરસિંહભાઈ તથા મહામંત્રી શ્રી કાન્તીભાઈ લીંબાણી, મધ્ય ગુજરાત ઝોન સમાજ પ્રમુખ ધરમશીભાઈ, સરદાર પટેલ રીજીયનના ઉપપ્રમુખ મોહનભાઈ ધોળુ, મહીલા સંઘના ઉપપ્રમુખ શ્રીમતી ગંગાબહેન ધોળુ, ગુજરાત ટીમ્બર મરચન્ટ ફેડરેશનના પ્રમુખ રવજીભાઈ ચૌધરી, કેન્દ્રીય સમાજના મંત્રીશ્રી નરસિંહભાઈ સાંખલા તથા વાલજી હીરજી ચૌહાણ, અ.ભા. સત્સંગ સમાજ પ્રમુખ ખીમજીભાઈ (ઈન્દોર), નડીઆદ નગરપાલિકા પ્રમુખ સંજયભાઈ દેસાઈ તથા અન્ય આમંત્રીત મહેમાનો તથા સ્થાનિક સમાજના હોદ્દેદારો મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. આ સામાજિક સભામાં લગભગ ૬૦-૬૫ લોકોને મંચ ઉપરથી પાંચ હરોળમાં બેસાડવામાં આવ્યા હતા.

નડીઆદમાં માનદ્ પ્રતિનિધિ નિમેલ છે....



મનોજ સોમજીભાઈ સેંગાણી

(મો.) ૯૯૭૯૯ ૦૧૦૧૦

ફોન : (ઓ) ૦૨૬૮-૨૫૫૧૪૬૭

'સ્વસ્તીક પ્લાયલેમ'

૬/જલારામ બિલ્ડીંગ

શેર કંઠ તળાવ, નડીઆદ.

'પાટીદાર બંધુ'નું લવાજમ ભરવા તથા પ્રેસનોટ, સમાચાર કે જાહેરાત આપવા અમારા માનદ્ પ્રતિનિધિશ્રીનો સંપર્ક કરવો.

કેન્દ્ર સમાજનો વિકાસ એટલે સમાજનો સર્વાંગી વિકાસ : ગંગારામ બાપા



સામાજિક વિકાસની પરીભાષા સ્પષ્ટ કરતા શ્રી ગંગારામ બાપાએ જણાવ્યું હતું કે "આપણે અત્યાર સુધી પોતાનો અને પોતાના સ્થાનિક સમાજનો વિકાસ કર્યો છે. કેન્દ્રીય સમાજનો વિકાસ હજી બાકી છે. ત્રીચીમાં ૯૫૦ની જનસંખ્યા છે, બેંગ્લોરમાં ૮૫૦ની અને નડીઆદમાં ૧૨૫૦ની જનસંખ્યા એ અનુક્રમે ૫ કરોડ, ૮.૫૦ કરોડ અને ૨.૫૦ કરોડ એમ કુલ ૧૬ કરોડના ખર્ચે ત્રણ ભવ્ય નિર્માણો ઉભા કર્યા છે. ૩૦૦૦ની વસ્તી ૧૬ કરોડના પ્રોજેક્ટ રમતા રમતા કરી નાંખે છે પણ કેન્દ્રીય સમાજને ૫ કરોડનો પ્રોજેક્ટ કરવા ઘણા વિચારો કરવા પડે છે. હવે આપણે બધાએ આપણા કેન્દ્રીય સંગઠનના વિકાસ અંગે આગળ આવવું પડશે. કેન્દ્રીય સમાજના વિકાસ થકી જ આપણે સર્વાંગી વિકાસ કર્યો છે, તેમ કહી શકીશું.

સામાજિક સભાની શરૂઆતમાં સ્થાનિક બાળાઓ દ્વારા સ્વાગત ગીત નૃત્ય સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના મહામંત્રી વસંતભાઇ સાંખલાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વિવિધ મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સમયનો અભાવ હોવાથી દરેક વકતાને ટૂંકમાં પોતાની વાત પતાવવાની સૂચના આપવામાં આવતી હતી. આ પ્રસંગે પ્રેમજીભાઇ દિવાણી, નરસિંહભાઇ લીંબાણી, નરસિંહભાઇ સાંખલા (મંત્રીશ્રી), વાલજીભાઇ ચૌહાણ (મંત્રીશ્રી), કાન્તીભાઇ લીંબાણી (મહામંત્રીશ્રી લખપત તાલુકા સમાજ), રતીલાલભાઇ (સામાજિક અગ્રણી), ગંગાબહેન ધોળુ, ખીમજીબાપા, વાલજીભાઇ વાડીયા, કમળાબેન લીંબાણી તથા યુવાસંઘ પ્રમુખ માવજી દીવાણી એ સભાને સંબોધી હતી. માવજીભાઇ દીવાણીએ આ પ્રસંગે સૌ જ્ઞાતિજનોને ભરતભાઇ પોકાર પાસે મેટ્રીમોનીયલમાં પોતાના લગ્નઇચ્છુક યુવક-યુવતીઓના નામ નોંધાવવા અપીલ કરી હતી.

ત્યાર બાદ છેલ્લે સભાને સંબોધન કરવા ઉભા થયેલ કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઇ સાંખલાએ જણાવ્યું હતું કે "સમાજવાડીઓ આપણી સંસ્કૃતિ છે અને સંગઠનની નિશાની છે. અત્યારે સમાજ સામે જે સમસ્યાઓ છે તે ખોટી ઉભી કરેલી સમસ્યાઓ છે." સભામાંથી માંડવી હોસ્ટેલ પ્રકરણ અંગે પ્રકાશ પાડવા વિનંતી કરવામાં આવતા પ્રમુખશ્રીએ માંડવી હોસ્ટલ પ્રકરણની વિગતે સમજ આપી હતી અને જણાવ્યું હતું કે "**સ્વર્ગવાસી ટ્રસ્ટી લખમશી લધાની ખોટી સહીઓ અને એફીડેવીટ કરીને મૃત વ્યક્તિને તેમના ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનાવવામાં આવ્યા છે. બધુ ભૂલી જઇને આજે પણ કેન્દ્રીય સમાજ સમાધાન માટે તૈયાર છે.** હવે આપણે આપણા જયચંદોને ઓળખીને સબક શીખવાડવો પડશે. સતપંથીઓ પાસે સામી છાતીએ આવીને લડવાની કોઇ તાકાત નથી. "અમને તારી સાથે બેસાડો પણ અમે તમારી એકપણ વાત નહીં માનીએ" એવી સતપંથની નીતી છે. આપણે હંમેશા આપણો બચાવ કર્યો છે. આપણે તેમને ક્યાંય હેરાન નથી કર્યા. આપણે તેમને કેન્દ્રીય સમાજના બંધારણનું પાલન કરવા જણાવ્યું હતું પણ તેઓ બંધારણનું પાલન કરવા તૈયાર નથી. સત્સંગ સમાજે સદીઓથી સતપંથ સાથે સંબંધ રાખ્યો નથી હવે આપણે પણ સતપંથ સાથે કોઇ સંબંધ ના રાખવો જોઇએ."


પ્રમુખશ્રીના વકતવ્ય પછી આમંત્રીત મહેમાનોનું શાલ ઓઢાડીને તથા સ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લે મનસુખભાઇ પારસીયાએ આભારવિધી કરી હતી. સમગ્ર સભાનું સંચાલન મનસુખભાઇ પારસીયા અને રવિન્દ્રભાઇ સાંખલાએ કર્યું હતું. ત્યાર બાદ રાત્રે ૯-૩૦ કલાકે 'જુવાનીના ઝેર' નામનું નાટક સમાજના યુવાનો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. આમ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગભેર આ બે દિવસીય ઉદ્ઘાટન પ્રસંગ યાદગાર સંભારણા સાથે પૂર્ણ થયો હતો.

અલીન્દ્રાથી કથા સાંભળવા મંજીપુરા આવતા નડેલો અકસ્માત

ટ્રકે બાઈકને અડફેટમાં લેતાં સાસુ-જમાઈનું કરુણ મોત

નડિયાદ તાલુકાના મંજીપુરા ચોકડી નજીક એક ટ્રકચાલકે પોતાની ટ્રક બેફિકરાઇ અને ગફલતભરી રીતે હંકારી આગળ જતાં બાઇકને ટક્કર મારતાં બાઇકસવાર જમાઇ તથા સાસુનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નડિયાદ તાલુકાના અલીન્દ્રા ગામે રહેતા ભૂપેન્દ્રભાઇ દેવસિંહ પટેલ (ઉ.વ. ૩૮) પોતાની નવી બાઇક ડ્રીમયુગા ઉપર પોતાની સાસુ નિરૂબેન કાનજીભાઇ પટેલ (ઉ.વ. ૬૨)ને લઇ મંજીપુરા શ્રીમદ્ ભાગવતની કથા સાંભળવા નીકળ્યા હતા. ભૂપેન્દ્રભાઇ મંજીપુરા ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી પુરપાટ ઝડપે આવતી એક ટ્રક નં. જી.જે. ૧૨-એ. યુ-૬૧૯૨ના ચાલકે પોતાનું વાહન ગફલતભરી રીતે હંકારીને ભૂપેન્દ્રભાઈની બાઇકને ટક્કર મારતાં ભૂપેન્દ્રભાઈ તથા નીરૂબેન રોડ પર પટકાયા હતા. રોડ પર પટકાયેલા ભૂપેન્દ્રભાઇ તથા નિરૂબેનના મસ્તક ઉપરથી ટ્રકનું વ્હીલ ફરી વળતાં તેઓનું ઘટનાસ્થળે મૃત્યુ નીપજયું હતું. અકસ્માતમાં બાઇક ટ્રકના વ્હીલની વચ્ચે ફસાઈ જતાં ટ્રકચાલક બાઇકને એક કિ.મી. દૂર સુધી ઢસડી ગયો હતો. પરંતુ અચાનક ટ્રક બંધ પડી જતાં ટ્રકનો ચાલક પોતાનું વાહન લઈ ફરાર મૂકી ગયો હતો. આ બનાવની જાણ મંજીપુરા વિસ્તારમાં થતાં લોકોનાં ટોળેટોળાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. આ બનાવ સંદર્ભે પ્રવિણભાઈ માવજીભાઈ પટેલ (રહે. પાર્થનગર, વિભાગ-૨, મકાન નં. એ-૬, મંજીપુરા રોડ, નડિયાદ)ની ફરિયાદના આધારે નડીયાદ રૂરલ પોલીસે ટ્રકચાલક વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



"રીક્ષામાં ના જાવ તમારા જમાઇ મૂકી આવશે..."

મૃતક નિરૂબેન અલીન્દ્રથી કથા સાંભળવા નડીયાદ જવા રીક્ષામાં નિકળવાના હતા. પરંતુ નિરૂબહેનને તેની દિકરી પારૂબહેન (મૃતક ભૂપેન્દ્રના પત્ની)એ કહ્યું કે "મમ્મી તમે રીક્ષામાં ના જાવ તમારા જમાઈને કહીશ તમને મૂકી આવશે..."

આમ રીક્ષાને બદલે નિરૂબહેન તેમના જમાઈના બાઇક પાછળ બેસી નડીઆદ-મંજીપુરા જવા નિકળ્યા. કથાનું સ્થળ નજીકમાં જ હતું અને કાળમુખી ટ્રકે અડફેટે લેતા ભગવદ્ કથા શ્રવણ માટે જઇ રહેલ નિરૂબહેન તેમના જમાઇ ભુપેન્દ્ર સાથે ભગવદ્ શરણ થઈ ગયા.

જામનગર સમાજમાં બનેલ દુઃખદ બનાવ

દિવાળી ટાણે દિવાણી પરિવારની પુત્રવધુનો જીવનદીપ બુઝાયો

દર વર્ષે ક્યાંકને ક્યાંકને એકાદ પુત્રવધુના અપમૃત્યુના સમાચારો મળતા રહે છે. ગત વર્ષ બરાબર દિવાળીના બે મહિના પહેલા વિસનગરમાં ગીતા રૂડાણીના અપમૃત્યુંનો બનાવ સામે આવ્યો હતો. સ્થાનિક સામાજિક નેતાગીરીના કારણે ગીતાના અપમૃત્યુનુ સાચુ કારણ આજે પણ જાણી શકાયું નથી. આવી જ એક ઘટના ગત તા. ૩-૧૧-૧૨ના રોજ જામનગરમાં બની છે.

બનાવની વિગત એવી છે કે સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ જામનગર શહેરમાં દિવાળીના દિવા પ્રગટે તે પહેલાં જ એક કોડભરી કન્યાનો જીવનદીપ રહસ્યમય સંજોગોમાં બુઝાઇ ગયો છે. જામનગરમાં રહેતા મુળ દયાપરના વતની એવા હરિભાઇ દિવાણીના નાના પુત્ર વિનોદની પત્ની ગીતા (ઉ.વ. ૩૫)નું ગત તા. ૩-૧૧-૧૨ના રોજ તેમના જામનગર સ્થિત નિવાસ સ્થાને રહસ્યમય રીતે અપમૃત્યુ થયું છે. ગીતાનું મૃત્યુ કેવી રીતે થયું છે તે અંગે કોઇ સત્તાવાર માહિતી આપવા તૈયાર નથી. પરંતુ લોકમુખે થતી ચર્ચા મુજબ ગીતાને કોઇ બિમારી ન હોતી. અને બનાવના દિવસે પતિ-પત્ની વચ્ચે થોડો અણબનાવ પણ બન્યો હતો. અને તેના પછી આ ઘટના બની છે. આ આત્માહત્યા છે કે ગૈરઈરાદા હત્યા વાળી આકસ્મીક હત્યા છે તે અંગે સત્તાવાર રીતે કાંઇ જાણી શકાયું નથી. મૃતક ગીતાના પિયર પક્ષને સાસરી પક્ષે કોઇ ફરીયાદ નથી.આ ઘટના ક્ષણિક આવેગમાં આવી ઉઠાવેલા પગલાનું પરિણામ પણ હોઇ શકે છે.

અમે આ ઘટના અંગે વધુ માહિતી જાણવા માટે ગીતાના પિયર પક્ષના લોકોનો સંપર્ક કર્યો હતો. અંકલેશ્વરમાં રહેતા અને મૂળ વાલ્કાના પોકાર પરિવાર એવા ગીતાના પિયરપક્ષે આ અંગે કોઇપણ ટીપ્પણી કરવાનો ઇન્કાર કરી દીધો હતો અને આ ઘટના અંગે કંઇપણ જણાવવાની સ્પષ્ટ ના પાડી દીધી. તેઓ એ માત્ર એટલું જ જણાવ્યું હતું કે જામનગર સમાજને સાથે રાખીને અમે સમાધાન કરી લીધું છે. અમને સમાધાનથી સંતોષ છે. પતિ-પત્ની વચ્ચે અણબનાવો તો બનતા જ હોય છે પણ ક્ષણિક આવેગમાં આવી જઇ ઘટેલ ઘટનાએ બન્ને પરિવારોને દુઃખના સાગરમાં ધકેલી દીધા છે. મૃતક ગીતા તેની પાછળ તેના ૭ વર્ષના પુત્રને રડતો મૂકી ગઇ છે.

(સૂફી સંતની બોધકથા)

''સંતોષ''

એક સૂફીસંતની આ બોધકથા છે. એમણે ખૂબ જતન કરીને એક વિશાળ હર્યોભર્યો બગીચો બનાવ્યો. એક દિવસ એ રમણીય બગીચાના દરવાજે એક પાટિયું મૂકી લખ્યું : ''**જે વ્યક્તિ પૂર્ણ સંતોષી હોય એને આ બગીચો ભેટ આપવાનો છે.**'' કોઇ અમીરે આવીને પોતે પૂર્ણ સંતોષી હોવાનો દાવો કરી પોતાની પાસે કેટલી બધી સંપતિ છે એનો દેખાડો કરી બગીચો ભેટમાં આપવા માટે કહ્યું. સૂફીંતે તેની માગણીનો અસ્વીકાર કર્યો.

અમીર પછી એક સ્વરૂપવાર વ્યક્તિએ આવી પોતે સુંદર હોવાથી કુદરતી સૌંદર્યને બરાબર સમજી પામી શકે છે એટલે પોતે સંપૂર્ણ સંતુષ્ટ છે એવી રજૂઆત કરી, પરંતુ સૂફીસંતે એને પણ નાપાસ કરી. કેટલાયક લોકો આવ્યા ને પાછા ફર્યા. છેવટે રાયના સમ્રાટને આની જાણ થઇ. વિશાળ સામ્રાજ્ય અને અઢળક દૌલત ધરાવનારા સમ્રાટને થયું કે પોતાના જેવો સંતુષ્ટ બીજો કોઇ હોઇ જ ન શકે. એણે પણ આ સુખ અને સંતોષની સામે સૂફીસંચ પાસે બગીચો માંગી લીધો.

સૂફીસંતે એને પણ ઇનકાર કરી દીધો એટલે સમ્રાટે પોતાના સામ્રાજ્ય, વિસ્તાર, ધનદૌલત અને સંપત્તિ આંકડાનો ચિતાર આપી એના જેવો કોઇ પૂર્ણ સંતોષી હોઇ શકે જ નહીં એ વાત ફરી દોહરાવી. સૂફીસંત હસીને કહે : ''તમે પૂર્ણ સંતુષ્ટ હો તો અહીં આવ્યા જ શા માટે? આ બગીચો તો એ વ્યક્તિ માટે છે, જે અહીં આવવાની નથી કારણ કે એ ખુદ બધી રીતે સંતુષ્ટ છે... એવા માણસને હું જાતે શોધીને સામે ચાલીને આ બગીતો એને ભેટ આપવા જવાનો છું.''

સંતોષી નર સદા સુખી એમ આપણે કહીએ છીએ. પણ સવાલ એ છેકેસંતોષના અંચળા હેઠળ પેલા સમ્રાટની જેમ વધુને વધુ લાલસાનો અસંતોષ તો દિલના કોઇ ખૂણે ભભૂકી તો નથી રહ્યોને? **જરૂરિયાતને સલામ અને લાલસાને લગામ એટલે બાહ્ય સાધનોથી નહીં, પણ અંતરના ઊંડાણથી પ્રગટે એનું નામ સંતોષ.**

2012-12-15 -Patidar Bandhu -Shankaracharya Certificates (909)

સરદાર પટેલ રીજીયનની કાર્યશાળા યોજાઈ...

તા. ૧૧-૧૨ ઓક્ટોબર ૨૦૧૩ ગુરુ-શુક્રવારના પૂ. શ્રી શ્રી રવિશંકર મહારાજ આશ્રમ, આકલાવાડી, મહીસાગરના તીરે શાંત, પ્રકૃતિમય, રમણીય વાતાવરણમાં સરદાર પટેલ રીજીયન ચરોતર વિભાગની કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સરદાર પટેલ રીજીયનનાં સર્વે પદાધિકારીઓ, ચરોતર વિભાગનાં યુવામંડળના પ્રતિનિધિઓ સાથે સેન્ટ્રલ પ્રેસિડેન્ટ માવજી દિવાણી, જન. સેક્રેટરી ગૌતમ કેસરાણી, વી.પી. પ્રકાશ માવાણી, આઇ.પી.પી. ગૌરાંગ ધનાણી, પાસ્ટ જન. સેક્રેટરી હરીશ રામાણી, પૂર્વ પ્રમુખ જેન્તી લાકડાવાળા, નર્મદા કાઉ.પ્રેસી. પરસોત્તમ છાભૈયા, સેક્રેટરી શાંતિલાલ ભગત, ઓસન કાઉ.પ્રેસી. ડૉ. વિઠ્ઠલ ભાવાણી, ગ્રીનલેન્ડ કાઉનસીલ પ્રેસી. અમૃત નાકરાણી તથા સેક્રેટરી પુનમ ભગત, ચંદુભાઇ ભાદાણી, કાંતિભાઇ લીમ્બાણી તથા મધ્ય ગુજરાત સમાજ પ્રમુખ ધરમશીભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ હરીભાઇ તથા ઉપપ્રમુખ કાંતિભાઇ હળપાણી વિ. મહાનુભાવો સહિત ૧૧૦થી પણ વધુ સભ્યો ઉપસ્થિત રહેલ હતાં. પ્રાર્થના વિઠ્ઠલ ભાવાણી, પેટલાદ દ્વારા, શાબ્દીક આવકાર ચરોતર વિભાગીય મંત્રી પુરુષોત્તમ વાલાણી દ્વારા આવેલ મહેમાનો તથા પદાધિકારીઓ અને યુવામંડળોના પ્રતિનિધિઓનું સ્વાગત અને પરિચય સરદાર પટેલ રીજીયન મહામંત્રી ગૌતમ હળપાણી દ્વારા, કાર્યક્રમની પ્રસ્તાવના ચરોતર વિભાગ પ્રભારી શ્રી મનોજભાઇ સેંઘાણી દ્વારા રજૂ કરવામાં આવેલ હતી.

યુવાસંઘના ત્રિ-સ્તરીય માળખા વિશે હરેશભાઇ રામાણી દ્વારા અને સરદાર પટેલ રીજીયન ચેરમેન પુરુષોત્તમ સાંખલા દ્વારા રીજીયન વિઝન રજૂ કરવામાં આવેલ. સમાજ પ્રત્યે મારું કર્તવ્ય વિષય પર ડૉ. વિઠ્ઠલભાઇ ભાવાણીએ વિસ્તૃત ચર્ચા કરેલ. જ્યારે મીશન ૨૦૨૦ કમિટી ગઠન અને કાર્ય સોંપણી પર ચંદુભાઇ ભાદાણી, કાંતિભાઇ લીંબાણી અને નરેન્દ્રભાઇ ભાવાણીએ સમજ આપેલ. યુવા સુરક્ષા કવચ પર ગૌરાંગભાઇએ હરિશભાઇએ વિશેષ સમજણ આપેલ હતી. રાત્રીના ભોજન બાદ દરેક કમિટીના લીડરો અને યુવા મંડળના પ્રતિનિધિઓને વર્ષ ૨૦૧૨-૧૪ના ગોલ આપવામાં આવેલ હતા તે ઉપર પ્રોજેક્ટ ચાર્ટ તૈયાર કરવાનું સોંપવામાં આવેલ.

બીજા દિવસે પ્રાર્થનાથી શરૂઆત બાદ વલ્લભભાઇ મૈયાતે આધ્યાત્મ ઉપર મનનીય પ્રવચન આપેલ અને સત્યશોધક સમિતિના સભ્યશ્રી ખીમજીભાઇ કચ્છીએ અંધશ્રધ્ધા નિવારણ અંગેના દ્દષ્ટાંતો લાઇવ પ્રેક્ટીબલ દ્વારા સમજાવેલ અને તેનાથી દૂર રહેવા અનુરોધ કરેલ. મીશન ૨૦૨૦ કમિટીનું પ્રેઝન્ટેશન એસ.પી. ઉપપ્રમુખ મોહનભાઇ ધોળુ તથા સેન્ટ્રલ વી.પી. પ્રકાશ માવાણી દ્વારા દરેક કમિટી લીડરો દ્વારા કરવામાં આવેલ અને દરેક યુવામંડળો પાસેથી ૨૦૧૨-૧૪ના લક્ષ્યાંકો લેવામાં આવ્યા. માળખું વ્યવસ્થા અને સિધ્ધિ પર સેન્ટ્રલ જન. સેક્રેટરી ગૌતમ કેસરાણી દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવેલ, જ્યારે જયંતિભાઇ લાકડાવાળાએ દરેક કમિટી તેના નક્કી કરેલ રાહ પર ચાલીને વિષયાંતર કર્યા વગર ચોક્કસ ગોલ સિધ્ધ કરવા અનુરોધ કરેલ સાથે સાથે મ.ગુ. સમાજ પ્રમુખ ધરમશીભાઇ ચૌહાણ ઉપપ્રમુખ હરીભાઇ તથા ઉપપ્રમુખ કાંતિભાઇ હળપાણીએ પણ યુવાનોને કાર્યશાળાને અનુરૂપ ઉદ્‌બોધન કરેલ. નર્મદા કાઉ. પ્રેસી. પુરુષોત્તમ છાભૈયા રાયપુર અને સેક્રેટરી શાંતિલાલ ભગત ભૂજ રીજીયન કઇ રીતે ગોલ સિધ્ધ કરી શકાય, કયા કયા કાર્યો પર વિશેષભાર, યશ-વર્ષ વિશે તથા એવોર્ડ સીસ્ટમ અંગે અમૂલ્ય માર્ગદર્શન આપીને સૌને માહીતગાર કરેલ અને સમગ્ર બે દિવસના કાર્યક્રમમાં ટ્રેનર ગુરુ તરીકે મૃણાલભાઇ શુકલાએ અમૂલ્ય માર્ગદર્શન આપી વિશેષ યોગદાન આપેલ. આભારદર્શન હર્ષદભાઇ ભાવાણી આણંદ દ્વારા અને રાષ્ટ્રગીત ગાઇને કાર્યશાળાને વિરામ અને મિશનનાં મંડાણ કરવા સૌ યુવાનોને અનુરોધ કરવામાં આવેલ. સમગ્ર બે દિવસની કાર્યશાળાનું સફળ સંચાલન એસ.પી. રીજીયન મહામંત્રી ગૌતમ હળપાણી દ્વારા કરવામાં આવેલ.

હૈદરાબાદ મદયે ગણેશ ચતુર્થી તથા નવરાત્રી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

હૈદરાબાદ પાટીદાર ભવન, કોતાપટ તથા લક્ષ્મી નારાયણ ભવન, એલ.બી. નગર મદયે ગણેશ ચતુર્થીનાં મૂર્તિની સ્થાપના કરેલ. દરરોજ સાંજના પૂજા-આરતી કરવામાં આવેલ. જેનો બહોળી સંખ્યામાં ભાઇઓ તથા બહેનોએ લાભ લીધેલ. આ મહોત્સવ દરમ્યાન બંને ભવનમાં મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં નાની મોટી બહેનોએ કાર્યક્રમમાં આપણી સંસ્કૃતિને અનુરૂપ કાર્યક્રમ પ્રસ્તુત કરેલ. જેને બહોળી સંખ્યામાં સમાજજનોએ માણેલ. વિસર્જનના દિવસે વાજતે-ગાજતે રથમાં સવાર કરી નગર ભ્રમણ કરાવેલ ત્યાર બાદ ગામનાં તળાવમાં મૂર્તિનું વિસર્જન કરેલ અને ‘‘ગણપતિ બાપા મોરયા અગલે બરસ તું જલ્દી આ...’’ના નાદ સાથે ગણપતિ બાપાને વિદાય આપેલ.

નવરાત્રી મહોત્સવમાં તા. ૧૬-૧૦-૨૦૧૨ના સવારનાં શ્રી પાટીદાર ભવન, કોતાપેટ મદયે માતાજીની ગરબીની સ્થાપના વિધિવત રીતે કરવામાં આવેલ તા. ૧૬-૧૦ થી ૨૩-૧૦ સુધી પાટીદાર ભવન તથા લક્ષ્મી નારાયણ ભવન મદયે દરરોજ રાત્રે ૮-૩૦ કલાકે માતાજીની આરતી ઉતારવમાં આવેલ અને ત્યારબાદ દાંડિયા રાસ રમાયેલ. જેમાં ભાઇઓ તથા બહેનોએ ઉમંગ અને ઉત્સાહથી રમી દાંડિયા-રાસની રમઝટ બોલાવેલ. જેને ઢોલી તથા ગાયમોએ એવો સાથ આપેલ કે જોવા વાળા હરેકનાં મન પણ ઝૂમી ઉઠયા હતા. પાટીદાર ભવનમાં દરરોજ સવારના ધાર્મિક પુસ્તકનું વાંચન કરવામાં આવેલ અને અષ્ટમીનાં માતાજીનું હવન કરેલ. જેનો વિશેષ સંખ્યામાં સમાજજનોએ લાભ લીધેલ. તા. ૨૩-૧૦-૨૦૧૨ના રાત્રે ૧૨-૪૫ કલાકે સફરનગર તળાવમાં માતાજીના ગરબાનું વિસર્જન કરવામાં આવેલ. નવરાત્રીના કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજની રાહબરી હેઠળ યુવક મંડળે ખડે પગે સેવા આપેલ. સમાજના પ્રમખુ શ્રી રામજી કેશરા રામાણી તથા મંત્રીશ્રી જીવરાજ મનજી જબવાણીએ આભારવિધીમાં આર્શીવચન આપેલ અને યુવક મંડળના કાર્યને બિરદાવેલ.

તા. ૨૪-૧૦-૨૦૧૨ને બુધવારના વિજ્યા દશમીના દિવસે સમૂહ ભોજન રાખવામાં આવેલ અને તે સાથે નવરાત્રી મહોત્સવ પૂર્ણ થયેલ.

(પ્રતિનિધિશ્રી શાંતિલાલ વિશ્રામ લીંબાણી દ્વારા)

હૈદરાબાદમાં બિઝનેશ સેમિનારનું આયોજન થશે

આગામી તા. ૯ અને ૧૦મી જાન્યુઆરી-૨૦૧૩ દરમ્યાન આંધ્રપ્રદેશ રીજીયન યુવાસંઘ દ્વારા બિઝનેશ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ભાગ લેવા માટે તથા આ સેમિનાર અંગે વધુ માહિતી માટે સંપર્ક : **અમૃતભાઇ એસ. છાભૈયા- મો. ૯૪૪૦૦૬૬૮૬૪**

ચિંતન

- ★ ઇશ્વર દરેક પંખી માટે ચણ પેદા કરે છે, પણ તે એના માળામાં નથી નાખી આવતો.
- ★ મનુષ્ય ચિંતાથી મરતો નથી, પરંતુ ચિંતિત રહી દુઃખી જરૂર થાય છે.
- ★ 'મૌન' જ્ઞાનીઓની સભામાં અજ્ઞાનીઓ માટે ઉચિત છે તેટલું અજ્ઞાનીઓની સામે જ્ઞાનીઓ માટે ઉચિત છે.
- ★ શંકાથી શંકાઓનો ગુણાકાર થાય છે અને જવાબમાં વિનાશ આવે છે.
- ★ પ્રશંસા કર્યા વગર કોઇને પ્રસન્ન નથી કરી શકાતું અને ખોટું બોલ્યા વગર કોઇની પ્રશંસા નથી કરી શકાતી.
- ★ સદ્ગુણ વિનાની સુંદરતા, પાણી વિનાની નદી સમાન છે.
- ★ આજના યુગમાં સત્યને પણ પુરાવા અને સાબિતી આપવી પડે તેવું છે !

દક્ષિણના દ્વારેથી...

કેન્સર ડીટેક્સન કેમ્પ, રકતદાન કેમ્પ તથા બેડમીન્ટન સ્પર્ધા યોજાઇ

શ્રી દક્ષિણ ભારત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા ગત તા. ૨૮મી સપ્ટેમ્બરથી તા. ૨જી ઓકટોબર સુધી આરોગ્ય નિધિ સમિતિ દ્વારા કેન્સર ડીટેકશન આયોજન ચૈન્નાઇ, સેલમ, મદુરૈ અને કડલુર ખાતે યોજવામાં આવ્યું હતું.

કેન્દ્રીય યુવાસંઘની હેલ્થ એન્ડ ડીઝાસ્ટર સમિતિના કન્વીનર મહેન્દ્રભાઇ સેંગાણીના નેતૃત્વ હેઠળ ડૉકટર્સ, નર્સ અને ટેકનીશીયન સહિત ૧૮ ચિકીત્સકોની ટીમ તા. ૨૭મી સપ્ટેમ્બરે ચૈન્નાઇનાં ઉમિયા મહલ (સમાજવાડી) મદ્યે આવી પહોંચી હતી. તા. ૨૮ તથા ૨૯ના રોજ ચૈન્નાઇ સમાજના ૩૭૬ સભ્યોને તપાસ્યા હતા. તા. ૨૮મીના રાત્રે ૮-૩૦ કલાકે મહેન્દ્રભાઇની આખી ટીમને સમાજનાં અગ્રણીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ડૉ. પી. મિશ્રાએ કેન્સર થવાના કારણો અને તેના ઉપચારને લગતી માહિતી (કેન્સર અવેરનેસ પ્રોગ્રામ) પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશનના માધ્યમથી પડદા પર રજૂ કરી હતી.

તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ કાફલો સેલમના ગુજરાતી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે જઇ પહોંચ્યો હતો, જયાં સમાજનાં ૨૦૬ લોકોને તપાસ્યા હતા. તા. ૧લી ઓકટોબરે મદુરૈના સોલઇ મહલ ખાતે કેમ્પને જારી રાખવામાં આવ્યો, જયાં સમાજનાં ૧૬૪ લોકોની તપાસ કરી અને ત્યાર બાદ ૨જી ઓકટોબરે કડલુર ખાતે હોટેલ ક્રિષ્ણા રેસીડેન્સીમાં ૧૫૩ લોકોને તપાસ્યા બાદ આ કેમ્પને વિરામ આપવામાં આવ્યો હતો.

અહેવાલ : જગદીશ હળપાણી
(પ્રતિનિધિશ્રી- ચૈન્નાઇ)

શ્રી દક્ષિણ ભારત સમાજનાં આ અભિયાનમાં કુલ ૮૯૯ લોકોએ ભાગ લીધો, જે આ કેમ્પની સફળતા છે. આરોગ્ય નિધ સમિતિનાં આ અભિગમને સંપૂર્ણ રીતે પાર પાડવા શ્રી દ.ભા.યુવક મંડળનો સિંહ ફાળો હતો. આ આયોજનને સફળ બનાવવા માટે ચૈન્નાઇ યુવક મંડળનાં યુવાનોએ ખૂબ જ જહેમત ઉઠાવેલ હતી, જે નોંધપાત્ર છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ પોલાચી દ્વારા ગત તા. ૧૬મી સપ્ટેમ્બરના રોજ બ્લડ ગ્રુપ ડિટેકશન અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં તમામ સનાતની યુવક ભાઇઓએ હાજરી આપેલ, અને ૩૧ યુવાનોએ પોતાના અણમોલ રકતનું સ્વેચ્છાએ રકતદાન કરીને સમાજ તેમજ રાષ્ટ્ર માટે પોતાની સનાતની ભાવના પ્રગટ કરી હતી. પોલાચી સનાતન યુવક મંડળના પ્રમુખ શ્રી વિસનજી રવાણીએ પણ રકતદાન કરેલ અને સર્વે યુવક ભાઇઓને હાર્દિક ધન્યવાદ આપેલ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ પોલાચી દ્વારા તા ૭મી ઓકટોબર ૨૦૧૨ના બેડમિન્ટન ડબલ્સ ટુર્નામેન્ટનું શાનદાર આયોજન કરવામાં આવેલ. જેમાં ૨૪ સનાતની યુવક ભાઇઓએ ૧૨ ટીમોમાં ભાગ લીધેલ. આ ટુર્નામેન્ટ તમિલનાડુમાં અવ્વલ નંબર અને આંતરરાષ્ટ્રીય લેવલની સ્પર્ધા કક્ષાની રમત રહી હતી. રમત દરમિયાન ખૂબ જ ઉત્સાહ અને ઉલ્લાસ ભર્યું વાતાવરણ છવાયેલું હતું. આ રમતને નિહાળવા અને યુવાનોમાં ઉત્સાહ વધારવા માટે પોલાચી સનાતન સમાજના વડીલો તેમજ મહિલાઓ પણ મોટી સંખ્યામાં હાજરી રહ્યા હતાં. આ રમત દરમિયાન યુવાનોમાં ખેલદીલી અને એકતાનો અનુભવ થયેલ. સવારથી સાંજ સુધીના આ કાર્યક્રમ બાદ વિજેતાઓને ટ્રોફી અર્પણ કરી સન્માનનીત કરેલ. અંતે યુવક મંડળના પ્રમુખ દિનેશભાઇ વાસાણીએ જણાવેલ કે આ રમતમાં વિજેતા ચાર જણ હશે, પણ ખરેખરી જીતતો આપણા આ કાર્યક્રમની અને તેને આયોજન કરનાર સનાતન યુવક મંડળની જ થઇ છે.

નાસીકની નવાજૂની

(રમેશ દેવજીભાઇ વાસાણી-નાસિક પ્રવકતા : શ્રી અ.ભા.ક.ક.પા. યુવાસંઘ-મધ્ય મહારાષ્ટ્ર રીજીયન દ્વારા)

મેડીકલ કેમ્પ યોજાયો

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા મેડીકલ કેમ્પ પાટીદાર યુવા સંઘ, મધ્ય મહારાષ્ટ્ર રીજીયન દ્વારા તા. ૨/૧૦/૨૦૧૨ ગાંધી જયંતિ લાયન્સ કલબ ઓફ નાસિક સાથે ''બોડી ચેક-અપ કેમ્પ''નું આયોજન પાટીદાર ભવન, નાસર્ડી, નાસિક ખાતે રાખવામાં આવેલ. જ્યાં ગુરુજી રૂગ્ણાલયના ડૉક્ટરે યોગ્ય માર્ગદર્શન પાવર પોલન્ટ દ્વારા આપેલ. ચેક-અપ કરવાની જરૂરીયાત શા માટે છે? તે વિગતવાર સમજાવેલ. જેમાં નાસિક્ના ત્રણેય વિભાગના સમાજના વડીલો, માતાઓ, ભાઇઓ તથા બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમજ ચેક-અપ માટેની નોંધણી કરાવેલ.

તા. ૪-૧૦-૨૦૧૨ના રોજ મહિલાઓના આરોગ્ય માટે શિબિરનું આયોજન પાટીદાર ભવન, નાસર્ડી, નાસિક ખાતે રાખવામાં આવેલ. જેમાં ૩૦૦ થી વધારે માતાઓ, બહેનો તથા દીકરીઓએ ઉપસ્થિત રહી આ શિબિરનો લાભ લીધેલ. શિબિરમાં ડૉ. પદ્મજા જોષી દ્વારા સુંદર અને સરળ ભાષામાં પુખ્ત અવસ્થા, પ્રેગનન્સી તથા મોનોપોજ બદલ માહિતી આપવામાં આવેલ. આ જ પ્રકારના શિબિરનું આયોજન તા. ૧૨-૧૦-૨૦૧૨ના પિંપળગાંવ ખાતે રાખવામાં આવેલ. તેમજ આસપાસના ગામોની મહિલાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શિબિરનો લાભ લીધેલ.

તા. ૬-૧૦-૨૦૧૨ના રોજ 'બેટી બચાવો અભિયાન' અંતર્ગત 'બેટી બચાવો દેશ બચાવો...'ના નારા સાથે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાસિકના સર્વ લાયનસ કલબ, સિવીલ હોસ્પિટલ, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પરિષદ શાળાઓનો વિશેષ સહભાગ રહેલ. 'બેટી બચાવો...'ના નારા સાથે નાસિક શહેરમાં આ રેલીનું આયોજન થયેલ. જેમાં ૩૦૦૦ થી વધારે લોકો ઉપસ્થિત રહેલ.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુવાસંઘ, મધ્ય મહારાષ્ટ્ર રીજીયન દ્વારા તેમજ યુવાસંઘ, મધ્ય મહારાષ્ટ્ર રિજીયનના આરોગ્ય સમિતિના કન્વીનર સૌ. રમીલાબેન રવાણી દ્વારા કરવામાં આવેલ. જેમાં યુવાસંઘના મધ્ય મહારાષ્ટ્ર રીજીયનના પ્રમુખ શ્રી દિનેશભાઇ દિવાણી, મધ્ય મહારાષ્ટ્ર રીજીયનના પ્રવચન શ્રી રમેશભાઇ વાસાણી, મહિલા સંઘના મંત્રી સૌ. રમીલાબેન રવાણી તેમજ લાયન્સ કલબ ઓફ નાસિકના અધ્યક્ષ લા. ખેતસીભાઇ રવાણી તેમજ સર્વ યુવા ભાઇ-બહેનોનો સહકાર મળેલ.

નાસિક સમાજની કારોબારીની ફેરરચના

શ્રી ક.ક.પા. સમાજ નાસિક સન ૨૦૧૨-૨૦૧૭ આગામી પાંચ વર્ષ માટેની ટ્રસ્ટ મંડળની રચના કરવા માટે ત્રણ ભાઇઓ શ્રી હસમુખ કરસન છાભૈયા, શ્રી જયંત જીવરાજ દિવાણી, શ્રી દિનેશ શિવગણ ભગતની ચૂંટણી સમિતિ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી, આ સમિતિએ નિયમ પ્રમાણે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ કર્યો હતો. પ્રક્રિયાના અંતે મેદાનમાં ઉતર્યા હતા અને જાગૃતિ પેનલના ૮ અને એકતા પેનલના ૭ ઉમેદવાર ભાઇઓ વચ્ચે રસાકસી ભર્યો જંગ ખેલાયો હતો. મતદાનમાં સવારે ૯ થી ૧ દરમ્યાન સમાજના ૫૯૮ મતદાતાઓએ તેમના મતાધિકારનો ઉપયોગ કરી ૯૩% મતદાન કર્યું હતું. અને બપોર બાદ મતગણતરી કરી દરેક ઉમેદવારે મેળવેલ મતોની જાહેરાત સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

બીજા દિવસે તા. ૧૪-૧૦-૧૨ના બપોર બાદ સમાજની સામાન્ય સભા સમાજના પ્રમુખશ્રી શરદભાઇ માવાણીના પ્રમુખપદે રાખવામાં આવેલ હતી. જેમાં મંત્રીશ્રી ગંગારામભાઇ ભગત એ સૌને આવકાર્યા બાદ ટ્રસ્ટ મંડળના સભ્યો

આજીવન ટ્રસ્ટીશ્રી પુંજાભાઇ પોકાર, ઉપપ્રમુખશ્રી શિવજીભાઇ પોકાર, ખજાનચી શ્રી જીવરાજભાઇ ભાવાણી, ટ્રસ્ટીશ્રી રતીલાલ માવાણી, શ્રી વેલજીભાઇ પોકાર, શ્રી પરબતભાઇ સાંખલા, શ્રી પુરુસોત્તમભાઇ ભગતને મંચપર સ્થાગ્રહણ કરાવી આ મહાનુભાવોના હસ્તે માઁ ઉમાના પ્રતિક સામે દિપ પ્રજ્વલન કરવામાં આવેલ. ત્યાર બાદ એજન્ડા પ્રમાણે સભાની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષ માટે સંસ્થાના ચૂંટાયેલા ટ્રસ્ટીઓના નામોની જાહેરાત ચૂંટણી સમિતિએ કરી હતી અને એ ચૂંટાયેલા ટ્રસ્ટીઓ તથા આ.ટ્રસ્ટીએ હોદ્દેદારોની નિમણૂંક કરી હતી જે ને સમિતિ વતી શ્રી હસમુખ છાભૈયાએ સભા સમક્ષ જાહેરાત કરી. જેમાં પ્રમુખશ્રી ખેતશી લખમશી રવાણી, ઉપપ્રમુખશ્રી કેશવલાલ મેઘજી છાભૈયા, મંત્રીશ્રી ગંગારામભાઇ ભગત, ખજાનચી શ્રી ધીરજલાલ વેલજી ધોળુ, શ્રી કાંતિલાલ ભીમજી ભાદાણી, આ. ટ્રસ્ટીશ્રી પુંજાભાઇ પોકારને મંચ પર સ્થાન ગ્રહણ કરાવેલ.

નાસિક સમાજની રચનાથી આજ દિવસ સુધી સતત કાર્યરત વડીલોએ સ્વૈચ્છીક નિવૃત્તિ જાહેર કરતાં અને તેમણે કરેલ સમાજ સેવાની કદર રૂપે શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સર્વે સમાજવતી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. જેમાં સમાજના સ્થાપક પ્રમુખશ્રી રતીલાલ શિવદાસ માવાણીની ૨૧ વર્ષની સેવાની નોંધ લેવામાં આવેલ, તથા શ્રી વેલજીભાઇ પોકારની ૧૯ વર્ષની સેવાની નોંધ લેવામાં આવેલ. શ્રી જીવરાજભાઇ હરજીભાઇ ભાવણીની ૧૦ વર્ષની સેવાની નોંધ લેવામાં આવેલ તથા શ્રી પરબત સાંખલાની ૮ વર્ષની સેવાની નોંધ લેવામાં આવેલ. તેમજ વિદાય લેતા ઉપપ્રમુખ શ્રી શિવજીભાઇ પોકાર અને સહખજાનચીશ્રી પુરસોત્તમભાઇ ભગતનું પુષ્પગુચ્છ આપી વિદાયમાન આપવામાં આવેલ. અને નવા વરાયેલ હોદ્દેદારો તથા ટ્રસ્ટીશ્રીઓને પુષ્પગુચ્છ આપી આવકારવામાં આવેલ. નવ નિર્વાચીત પ્રમુખશ્રી ખેતશીભાઇ લખમશી રવાણી એ સર્વેનો આભાર માન્યો અને સોંપેલ જવાબદારી ટ્રસ્ટશ્રીઓનો આભાર માન્યો અને નાસિકનું નામ આગળ આવે તે માટે યુવાનોને કાર્ય કરવા જણાવેલ.

નાસિક જિલ્લાની ગુજરાતી માદયમની શાળા પંચવટી એજ્યુકેશન સોસાયટીની કાર્યકારીણીમાં નિયુક્તિ બદલ શ્રી હસમુખભાઇ છાભૈયા તેમજ હસમુખભાઇ સાંખલાને તથા મદય મહારાષ્ટ્ર રીજીજનના પ્રમુખ તરીકે નિયુક્તિ બદલ શ્રી દિનેશભાઇ દિવાણી તથા કેન્દ્રીય મહિલા સંઘમાં મંત્રી તરીકે શ્રીમતિ રમિલાબેન રવાણીને પુષ્પુગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. તેમજ ચૂંટણી સમિતિના સભ્યશ્રી હસમુખભાઇ છાભૈયા, શ્રી જયંતભાઇ દિવાણી, શ્રી દિનેશભાઇ ભગતને પુષ્પ ગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ.

વિદાય લેતા પ્રમુખશ્રી શંકરભાઇ માવાણીએ સમાજના વડીલોના માર્ગદર્શન હેઠળ ઉભો થયેલ સમાજ અને સમાજના ભવનોની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો અને વડીલોનો આભાર વ્યકત કર્યો હતો અને આગામી સમયમાં વિદ્યાર્થી હોસ્ટેલ ઉભી થાય એવો વિચાર રજૂ કર્યો હતો અને સર્વેને મતભેદ હોય પરંતુ મનભેદ ન રાખવા જણાવી સર્વેનો આભાર માન્યો હતો. આભારવિધી મંત્રીશ્રી ગંગારામભાઇ ભગતે કરી હતી. રાષ્ટ્રગીતના ગાન બાદ સભા પૂરી થઇ હતી. નાસ્તાનો ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

નાસિકને એકમાત્ર ગુજરાતી શાળામાં નિયુક્તિ

નાસિક જિલ્લાની એકમાત્ર ગુજરાત માદયમની શાળા પંચવટી એજ્યુકેશન સોસાયટી (સન ૨૦૧૨-૧૭)ની આગામી પાંચ વર્ષની કાર્યકારિણીમાં આપણી સમાજના યુવાન ભાઇઓ શ્રી હસમુખભાઇ છાભૈયા-નાસિકરોડ, શ્રી હસમુખ પરબત સાંખલા-નાસર્ડી, શ્રી હસમુખ પ્રેમજી પોકાર-પેઠરોડ, શ્રી પ્રવિણ કેશવજી પોકાર-મેરી, શ્રી પ્રકાશ મેઘજી ભાવાણી-પંચવટીની નિમણૂંક કરવામાં આવેલ છે. આ સંસ્થાનો વહીવટી કડવા પટેલ, લેઉવા પટેલ તેમજ ઇતર ગુજરાતી સમાજના ભાઇઓ દ્વારા કરવામાં આવે છે. અભિનંદન!

ન્યુઝ ફ્લેશ...

○ સંકલન :

ગુજરાતની જીવાદોરી : નર્મદા અવતરણ યોજના પાર પડતા ૧૦ લાખ એકરથી વધુ જમીનને સિંચાઇ સુવિધા પ્રાપ્ત થશે

સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશનની આંકડાકીય માહિતી હવે ઉપલબ્ધ થઇ છે. સરદાર સરોવર બંધ પરથી વહી જતા નર્મદાના નીરનો-નર્મદા યોજના પાણીનો ખેડૂતો અને પ્રજાના હિતમાં ઉપયોગ કરવા સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧૦ લાખ એકર ફીટ પાણી એટલે કે ૪૩,૫૦૦ એમ.સી.એફ.ટી. જે સૌરાષ્ટ્રના સાત ભાદર ડેમ અથવા ચાર શેત્રુંજી ડેમ અથવા રાજકોટના ૪૫ આજી-૧ ડેમ જેટલું થાય તેટલું સૌરાષ્ટ્રને ઉપલબ્ધ થશે. સૌરાષ્ટ્રને ફાળવી આપેલ ૧૦ લાખ એકર ફીટ પાણીને સૌરાષ્ટ્રમાં પહોંચાડવાનું આયોજન કરવા આંતરરાષ્ટ્રીય કક્ષાના કન્સલ્ટન્ટને સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ, બંધો અને ભૌગોલિક રચનાનો અભ્યાસ કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. કન્સલન્ટન્ટ દ્વારા છેલ્લા ૨ વર્ષથી વિવિધલક્ષી અભ્યાસ કર્યા પછી અહેવાલ રજુ કરવામાં આવેલ છે.

આ અહેવાલના આધારે રૂા. ૧૦ હજાર કરોડના અંદાજીત ખર્ચવાળી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નર્મદાના પૂરના વહી જતા પાણી નર્મદાની મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સુરેન્દ્રનગર પાસેના ધોળીધજા ડેમમાં લાવવામાં આવશે અને ત્યાંથી જુદી જુદી લીન્ક દ્વારા સૌરાષ્ટ્રના ૭ જિલ્લાની નદીઓ અને ૧૧૫ સુધી પહોંચાડવામાં આવશે. કેનાલ બનાવવા માટે ૮૭ નદીઓ, ૧૩ રેલ્વે લાઇન, ૨૯ સ્ટેટ હાઇ-વે, ૪ નેશનલ હાઈ-વે સહિત કુલ ૧૩૩ માટે ક્રોસીંગ કરવાના થશે. આમ એકંદર ૧૦,૨૨,૦૦૦ એકરથી વધારે ખેતીલાયક વિસ્તારમાં સિચાઇનું પાણી આપી શકાશે. કુલ ૪ સ્થળોએથી ૧૧,૦૧૫ કિ.મી. લીંક બનાવવાની થશે. જેમાં મોરબી મચ્છુ-૨ થી જામનગર સુધીની લીંક, ભાવનગરમાં કાળુભારથી રાયડી સુધીની લીંક તથા સુરેન્દ્રનગરથી જામનગરના વેણુ-૧ સુધીની લીંકનો સમાવેશ થાય છે.

ઓફિસમાં મહિલાઓને પુરુષ કર્મચારીઓથી દૂર બેસાડવાને અત્યાચાર ગણવામાં આવશે !

ઓફિસોમાં મહિલાઓ સાથે ફક્ત શારીરીક અત્યાચાર નહી પરંતુ માળખાકીય સુવિધાઓથી વંચિત કરવાને પણ અત્યાચાર ગણવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી પી. ચિદમ્બરમની અધ્યક્ષતામાં મંત્રી સમૂહની તાજેતરમાં મળેલી બેઠકમાં 'પ્રોટેકશન ઓફ વુમન અગેઇનસ્ટ સેકસયુઅલ હેરેસમેન્ટ એટ વર્ક પ્લેસ બીલ', ૨૦૧૦ને મંજુરી આપી હતી. સમુહે આ નવા ખરડાને "બર્ડન ઓફ પ્રુફ" પરીઘમાંથી બહાર ગણેલ છે. મંત્રી સમુહની બેઠકમાં ગૃહમંત્રી ઉપરાંત માનવ સંશાધન મંત્રી કપીલ સિબ્બલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ક્રિષ્ના તીરથ અને કાનુની મંત્રી સલમાન ખુરશીદ પણ સામેલ હતા. મંત્રી સમુહની બેઠક સાથે જોડાયેલા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ઓફિસોમાં મહિલા કર્મચારીને કામ કરવાના સ્થળ પર બેસવા માટે તૂટેલી ખુરશી, ખરાબ પંખો કે એસી અને અન્ય પુરુષ કર્મચારીથી દૂર બેસાડવાને અત્યારચારની વ્યાખ્યા આપવાનો ફેંસલો કરવામાં આવ્યો છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે પી. ચિદમ્બરમ સહિત તમામ પ્રધાનોએ તેને નવા કાનુનમાં સામેલ કરવા

મંજૂરી આપી છે. અધિકારીનું કહેવું હતું કે, આ ખરડાથી મહિલાઓની સુરક્ષામાં વધારો થશે. ઓફિસના મહિલા સહકર્મચારીથી લઇને ઘરમાં સાફસફાઇ કરનાર મહિલાઓ પણ આ નવા ખરડાની જોગવાઇમાં સામેલ હશે. તમામ કંપનીઓ અને કારખાનાઓએ એક ફરીયાદ વિભાગ ખોલવો પડશે. ફરિયાદ કરનારની સુરક્ષા નક્કી કરવાની જવાબદારી કંપનીની રહેશે. મેનેજમેન્ટે કંપનીના તપાસ વિભાગોમાં આંતરિક ફરિયાદ સમિતિ બનાવવી પડશે. જિલ્લા અધિકારીને મહિલાઓ માટે સ્થાનિક ફરિયાદ સમિતિ બનાવવાનું અનિવાર્ય રહેશે. મહિલાઓની ફરિયાદ સંબંધી કાર્યવાહી માટે સમિતિઓને સિવિલ કોર્ટ જેવી સત્તા હશે. દોષિત થનારને રૂા. ૫૦,૦૦૦ સુધીનો દંડ થશે.

નાલાયક સંતાનોને પાઠ ભણાવતા ઘરડાં મા-બાપ !

જે માતા-પિતાએ હાથ ઝાલીને ચાલતા શીખવ્યું, તે જ ઘરડાં થતાં નિરાધાર થઇ રહ્યા છે. સંપતિની લાલચ અને મા-બાપને ઇલાજ કરાવવામાંથી બચવા માટે સંતાનો તેના ઘરડાં માતા-પિતાને બહારનો રસ્તો દેખાડી રહ્યા છે. જાણકારી અનુસાર નાલાયક સંતાનોને કારણે દિલ્હીમાં દર મહિને ૭૩ વૃધ્ધો 'ઓલ્ડ એજ હોમ' જાય છે. દિલ્હી વિધિક સેવા પ્રાધિકરણ (ડાલસા)ના સહયોગથી લાલચી ઓલાદોને પાઠ ભણાવવાનું શરૂ કરી દીધું છે. આ વર્ષે અત્યાર સુધીમાં ૮૭ વૃધ્ધોએ કાનુનની મદદથી પોતાનો હક મેળવ્યો છે. જેમાં મકાનનો ફરી કબ્જો મેળવવો, જબરદસ્તીથી છીનવવામાં આવેલ સ્થાવર મિલકત પર અધિકાર મેળવવો અને સંતાનો પર ભરણ-પોષણનો ભાર નાખવાના કેસો સામેલ છે. ડાલસાએ ઓલ્ડ એજ હોમમાં રહેનારા વૃધ્ધોની સ્થિતિ જાણવા માટે એક વિશેષ અભિયાન શરૂ કર્યું છે. જેના અંતરગત ૧ જાન્યુઆરી ૨૦૧૨થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨ વચ્ચે ૫૨૪ 'ઓલ્ડ એજ હોમ'- વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી. આ વૃધ્ધાશ્રમોમાં અઠવાડીયામાં ત્રણ દિવસ માટે સલાહ કેન્દ્રો ચલાવવામાં આવે છે. કાઉન્સેલિંગ દરમિયાન ૬૦૦ થી વધુ વૃધ્ધો એવા છે જે હરવાં-ફરવાંને પણ સક્ષમ નથી. ઉપરાંત એવાં વૃધ્ધો મળ્યા જેનાં સંતાનો તેમની સ્થાવર અને જંગમ મિલકતો, હડપ કરી ગયા હતા અને તેનું અપમાન કરવા લાગ્યા હતા.

આરબ દેશોમાં પાંખો ફેલાવતો હિન્દુત્વ !

અખબારી આલમમાં એમ કહેવાય છે કે, 'જયારે કૂતરો માણસને કરડે તો તે સમાચાર નથી, પરંતુ માણસ જો કૂતરાને કરડે તો તે સમાચાર છે.' આવું જ કાંઇ લોજીક ધર્મ સંદર્ભે છે. 'હિન્દુઓ જો આશ્રમમાં ભજન ગાય અને પૂજાપાઠ કરે તો તે સમાચાર નથી, પરંતુ જ્યારે મુસ્લિમો જો આશ્રમમાં ભજન ગાય અને પૂજા પાઠ કરે તો તે સમાચાર છે.' આ મુસ્લિમ આરબ દેશો જેવા કે બહેરિન, ઇરાન, કુવેત, ઓમન, કતાર, સાઉદી અરબીયા, સિરિયા, તૂર્કી અને યુનાઇટેડ આરબ એમીરાઇટ્સના હોય તે મુખ્ય સમાચાર બનવા જોઇએ અને તે માત્ર 'ટોક ઓફ ધી ટાઉન' નહીં, 'ટોક ઓફ ધી વર્લ્ડ' બનવું જોઇએ. પરંતુ ભારતના હિન્દુઓ માટે એ ગૌરવની વાત છે કે, આરબ દેશોના હજારો મુસ્લિમો, આંધ્રપ્રદેશના પુટ્ટાપાર્થીના પ્રશાંતી નિલાયમમાં આવે છે. આ સ્થળ ભગવાન શ્રી સત્યસાંઇ બાબાનું રહેઠાણ છે, ત્યાં તેઓ ભજન ગાય છે, સેવા કરે છે. સમગ્ર વિશ્વ માટે આ સમાચાર રાષ્ટ્રીય અને ધાર્મિક રહસ્ય ધરાવે છે. કારણ કે, સનાતન હિન્દુ ધર્મ, માત્ર પાશ્ચાત્ય દેશોના ખ્રિસ્તીઓને જ નહીં, બલ્કે મધ્યપૂર્વના મુસ્લિમોને આકર્ષે છે. હવે આરબ મુસ્લિમો, પ્રશાંતી નિલાયમની યાત્રાએ આવે છે. આ સઘળી હકીકતો પ્રસ્થાપિત કરે છે કે ઇસ્લામિક દેશોના સુશિક્ષિત મુસ્લિમો શાંતિ, સહનશીલતા અને સુખનું આઉટ સોર્સ કરે છે. સનાતન હિન્દુ ધર્મમાં પૂરતા પ્રમાણમાં મૂળભૂત માનવમૂલ્યો રહેલા છે. આપણા વર્તમાન સાધુ-સંતો અને ધર્મગુરુઓ સમગ્ર વિશ્વમાં તેઓ ફેલાવો કરે છે અને વિશ્વ તે ઝંખે છે. એમાં કોઇ શંકા નથી કે સનાતન હિન્દુ ધર્મ, સમગ્ર વિશ્વમાં પ્રબળ બનશે, કારણ કે તે જ એકમાત્ર માર્ગ છે.

નજીક આવતો સમુદ્ર

જળવાયુ પરિવર્તનના પ્રભાવની અસર જોવા મળી રહી છે. ભારતીય દરિયાકિનારા ઉપરના ચાર સ્થળો ઉપર સમુદ્રના જળસ્તરમાં વધારો નોંધાવા લાગ્યો છે. ત્યાર બાદ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે કેટલાંક અન્ય સ્થળો ઉપર સમુદ્રના જળસ્તરોનું રેકર્ડ કરવાનું નક્કી કરેલ છે. કોચીન, વિશાખાપટ્ટનમ, મુંબઇ અને સુંદરવનમાં સમુદ્રના જળસ્તરના વાર્ષિક ૦.૮ મીમી થી ૩.૧૪ મીમી સુધીનો વધારો થઇ રહ્યો છે.

"નૂતન વર્ષાભિનંદન..."

શ્રી જલારામ વુડ ઇન્ડસ્ટ્રીઝ

રસિકભાઈ પટેલ

મો. ૯૮૨૪૧ ૪૮૨૦૨

પ્રમુખ, ભરૂચ જિલ્લા ટીમ્બર મરચન્ટ એસોશિએશન

પ્રમુખ, કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ભરૂચ

ફોરેસ્ટ કમિટી સભ્ય, ભરૂચ જી.આઇ.ડી.સી. એશોસિએશન

: ડિલર :

મેક્સ ગોલ્ડ, ડોર સ્કીન, બેલોન લેમીનેટ્સ

ઓફિસ : પ્લોટ નં. ૧૬૩, જી.આઈ.ડી.સી., ફેસ-૨, નર્મદાનગર, ભરૂચ - ૧૫. ફોન : (૦૨૬૪૨) ૨૪૮૨૦૨

રહેઠાણ : ૧૧૪૫, નારાયણ એવેન્યુ, સુરભી સોસાયટી પાસે, ભોલવ, ભરૂચ- ૩૯૨ ૦૦૨. ફોન : (૦૨૬૪૨) ૨૪૯૨૦૨

શ્રી દક્ષિણ ભારત રીજીયનની યેરકાડ ખાતે કાર્યશાળા યોજાઇ

(પ્રતિનિધિ શ્રી જગદીશ હળપાણી, ચૈન્નાઇ)

તા. ૧૬ અને ૧૭મી નવેમ્બર ૨૦૧૨ના રોજ શ્રી દક્ષિણ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ એટલે કે દક્ષિણ ભારતીય રિજીયન દ્વારા યુવાસંઘના મિશનોને સફળ બનાવવા તેમજ સમાજના સર્વાંગી વિકાસને લક્ષ્યમાં રાખીને કાર્યશાળાનું આયોજન સેલમ નજીક યેરકાડ હીલ સ્ટેશન પર હૉટેલ ગ્રાંડ પેલેસમાં ગોઠવવામાં આવેલ હતું.

તા. ૧૬મી ના સાંજે ૬-૩૦ કલાકે કાર્યશાળાની શરૂઆત સેલમ સમાજની બહેનોએ સર્વે સભ્યોને સનાતની તિલક કરી આવકાર્યા હતા ત્યાર બાદ કુમારી ઉષા વસંતભાઇ, કુમારી પૂનમ વસંતભાઇ, કુમારી વર્ષા શિવજીભાઇ અને કુમારી ધારા ધનસુખભાઇ દ્વારા સ્વાગત નૃત્ય રજૂ કરવામાં આવેલ હતું. રિજીયન તત્કાલીન પૂર્વ પ્રમુખ અને યુવાસંઘ કાઉન્સીલ પ્રમુખ નિતીનભાઇ લીંબાણી (હોસુર) એ પ્રસ્તાવના રજૂ કરેલ હતી. ત્યારબાદ રીજીયન પૂર્વપ્રમુખ રમણીકભાઇ ભાદાણી (ચેન્નૈઇ) અને કેન્દ્રીય યુવાસંઘ પૂવ પ્રમુખ જયંતિભાઇ રામાણી (અમદાવાદ) એ યુવાસંઘના ત્રિસ્તરીય માળખાંની પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમજણ આપી હતી. અમદાવાદથી પધારેલ યુવાસંઘ કાઉન્સીલ પ્રમુખ ડૉ. વિઠ્ઠલ ભાવાણીએ દરેક યુવાનનું સમાજ પ્રત્યે શું કર્તવ્ય હોય છે અને નિષ્ઠાપૂર્વક આપણા કર્તવ્યોને અંજામ આપવાથી કેમ કરીને સમાજના વિકાસમાં સહભાગી થઇ શકાય તે માટે યુવાનોને સ્પષ્ટ સમજણ આપેલ હતી. દક્ષિણ ભારત રીજીયનના પ્રવકતા અમૃતલાલ ભાવાણી (ચેન્નૈઇ)એ કાર્યશાળાના આયોજન પાછળનો હેતુ ઉદાહરણ સહિત સરળ શબ્દોમાં સમજાવેલ હતો. તેમણે જણાવેલ કે મિશન ૨૦૨૦એ આપણા સૌની મંજીલ છે, ત્યાં સુધી પહોંચવા માટે યુવાસંઘે ૧૩ મર્સિડીઝ ગાડીઓ (મિશનો) ખરીદેલ છે, અને ગાડીને મંજીલ સુધી પહોંચાડવા માટે ડ્રાઇવરો (મિશન લીડર) નક્કી કરાયા છે, આ ડ્રાઇવરો અત્યાર સુધી મારુતી ઓમની ચલાવી જાણે છે, હવે જ્યારે તેમને મર્સિડીઝ આપવામાં આવે ત્યારે આપણો ફર્જ છે કે એક વખત એન્જિનિયરો (કેન્દ્રીય લીડરો)ની મદદ થઇ ડ્રાઇવરને ગાડીની પૂરપૂરી માહિતી આપી દઇએ, જેથી રસ્તામાં કોઇ અડચણ ઉભી થાય તો તેનું નિવારણ કરી શકાય, અને વિના વિઘ્ને મંજીલ સુધી પહોંચી જવાય.

લીડરો તેમજ ઉપસ્થિત યુવાઓને મોટીવેશન મળે તે હેતુથી અમદાવાદથી મધુસૂદન લીંબાણી પધાર્યા હતા, તેમણે તેમની આગવી શૈલી અને પાવર પોઇન્ટ દ્વારા સમાજ અને દેશ માટે આપણી શું ફર્જ છે અને દરેક મિશનના ગોલ સુધી પહોંચવા માટે યુવાઓએ પોતે કેવી રીતે તૈયાર થવું જોઇએ તે માટેનું માર્ગદર્શન આપેલ હતું. તેમજ લીડરશીપ કેવી હોવી જોઇએ અને લીડરોના લક્ષણો કેવા હોય તે બાબત પ્રકાર પાડેલ હતો. ખેરગાંવથી યુવાસંઘ મહિલા સભ્ય શ્રીમતી અંજુબેન ધોળુએ એજ્યુકેશન બાબતે અને ખમ્મામથી પધારેલ રામસેતુ પ્રચાર-પ્રસાર પી.ડી.ઓ. કેશવલાલ ધોળુએ હૈદરાબાદ ખાતે તા. ૯ અને ૧૦ જાન્યુ. ૨૦૧૩ના યોજાનાર બિઝનેસ સેમિનારની માહિતી આપેલ હતી.

યુવાસંઘ તત્કાલિક પ્રમુખ ગૌરાંગ ધનાણી (સુરત)એ યુવાઓ પાસેથી સમયસર ગોલ એચિવમેન્ટ માટેની બાયંધરી લીધેલ હતી, અને તેમના આ પ્રયાસમાં યુવાસંઘ સદંતર તેમની સાથે રહેશે અને આ યશ વર્ષને સાર્થક કરવા માટેના પર્યાયો રજૂ કરેલ. ઉપસ્થિત મિશન લીડરોએ તેમની મુંઝવણોનું નિરાકરણ કર્યા બાદ પોતે આગળના બે વર્ષોમાં શું શું કરવા વિચારે છે અને શું શું કરી શકે તેમ છે, તેની રજૂઆત તેમના ટીમ મેમ્બરો સાથે રહીને કરેલ હતી. કાર્યશાળા દરમિયાન કેન્દ્રીય યુવાસંઘ પૂર્વપ્રમુખ જયંતિભાઇ રામાણીએ ખૂબ જ સરળ અને સહજ રીતે દરેક મુદ્દાની છણાવટ કરેલ હતી, તેમજ મધુસૂદન લીંબાણી દ્વારા માઇન્ડ પાવરનો ખૂબ જ અસરદાર કાર્યક્રમ રજૂ થયો હતો. **(અનુસંધાન પાન નં. ૯૧ ઉપર)**

પાટીદાર સેવા સંઘ-હિંમતનગર

પણ... શ્વેતપત્રનો ઈમાનદારીથી અમલ કરે...

(સામાજિક અને આધ્યાત્મિક સમિતિ-કન્વીનર દિલીપ સેંઘાણી-અમીરગઢ, યુવાસંઘ સાબર રીજીયન વતી પ્રવક્તા : અરવિંદ વેલાણી-અમીરગઢ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સમાજમાં દાયકાઓથી પ્રવૃત્ત અર્ધદગ્ધ, ખીચડીયા ધર્મમાંથી સંપૂર્ણ બહાર લાવવા અને વૈદિક હિન્દુ સનાતન ધર્મ પરંપરાને જ અનુસરવા સમાજમાં ગૌરવરૂપ હિન્દુ પરંપરાને સ્થાયી કરવા સમય અને સંજોગોની માંગ પ્રમાણે શ્વેતપત્રની ગાઇડ લાઇન આપણને મળી છે. શ્વેતપત્રને બુધ્ધિપૂર્વક વાંચ્યા કે સમજ્યા પછી આપણી જ્ઞાતિના સનાતની ભાઇ-બહેનોને સામાજિક કે ધાર્મિક આચરણમાં ક્યાંય સંશય કે દ્વિધા રહેતી નથી, તેમ છતાં કેટલાક મુઠ્ઠીભર આપણા જ કહેવાતા સનાતની પોતાના અંગત સ્વાર્થ કે હિત માટે શ્વેતપત્રનું ઉલઘંન કે ભળતો મનઘડંત અર્થ કરી સનાતની ગદ્દારી કરી રહ્યા છે. સમાજનો મોટો વર્ગ સમાજના દીર્ઘદૃષ્ટા સંતશ્રી ઓધવરામજી મહારાજ, પૂ. નારાયણ રામજી લીંબાણી અને પૂ. કેશરા પરમેશ્વર જેવા શુભચિંતકો દ્વારા કંડારેલા સનાતની રાહ પર બેશક નિશંક બની ધપી રહ્યો છે, ત્યારે આપણા સૌ જાગૃત ભાઇ-બહેનોનું કર્તવ્ય છે, ભણતા આચરણ કે ખોટા લાગણી વેડાથી આપણે હવે છેતરાવું નથી. જે લોકો આટલી સ્પષ્ટતા પછી પણ આપણને ગુમરાહ કરી રહ્યા છે તેમને ખુલ્લા પાડી જાકારો આપવાનો સમય પાકી ગયો છે.

શ્વેતપત્રના મુખ્ય અર્થ પ્રમાણે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની કોઇપણ વ્યક્તિ-હોદ્દેદાર, સમૂહ કે સંસ્થા સંપૂર્ણપણે શ્વેતપત્રને વફાદાર હોવી જોઇએ.

હિંમતનગર સ્થિત પાટીદાર સેવા સંઘ જેમાં મુખ્યત્વે શ્વેતપત્રની ધરાર અવગણના કરતા અને અ.ભા.ક.ક.પા. સમાજ માટે માથાના દુઃખાવા સમાન જૂથના કટ્ટરપંથીઓ બિનસાંપ્રદાયિકતાના ઓથા હેઠળ શ્વેતપત્રનો ઉલંઘન કરી તબીબી ક્ષેત્રે નમૂનેદાર કાર્ય કરતી સંસ્થાને ગ્રહણ લગાડી રહ્યા છે. અમારી જાણ પ્રમાણે હિંમતનગરમાં હોસ્પિટલના બિછાને પડેલ ગરીબ દર્દીને ટીફિન વ્યવસ્થા પૂરી પાડવાના શુભ આશયથી વ્યવસાયે તબિબ ડૉ. દેવશીભાઇ-હિંમતનગર સનાતન સમાજના ઉપપ્રમુખ હંસરાજભાઇ સાંખલા, પૂર્વ ધારાસભ્ય નાથાભાઇ ચોપડા અને સાબરડેરીવાળા ડૉ. આર.એસ. પટેલે પાટીદાર સેવા સમિતિના નામે આ યોજના શરૂ કરી અને સારી નામના મેળવી. પરંતુ આપણી જ્ઞાતિમાં કેટલીયે સંસ્થામાં બન્યું છે તેમ સેવાના નામે વ્યક્તિનો ઉમેરો થતો ગયો અને મૂળ સ્થાપકોને જાણે કે ઈરાદા પૂર્વક હાંસયામાં ધકેલી દઇ મલીન ઈરાદાવાળા લોકો પ્લાનીંગથી પ્રભુત્વ વધારતા ગયા. સેવાના નામની પાછળ સત્તાનો મેવો માણવા ટેવાયેલા સત્તા લાલચુનો ઈરાદો બર આવવા લાગે અને સેવા સમિતિના ગર્ભિત આગવો સમૂહ બનાવીને, તાકિયાની તરકિબ વડે પોતાના કક્કો ખરો કરવા લાગ્યા. શ્વેતપત્રનો ભારતભરની કચ્છ કડવા પાટીદારના બેનર હેઠળ ચાલતી સંસ્થાને અમલ કરી રહી છે ત્યારે આ સંસ્થામાં સેવા, બિન સાંપ્રદાયિકતા અને માનવ ધર્મ જેવા રૂપકડા શબ્દથી સનાતનીઓને ક્યાં સુધી છેતરતી રહેશે અને આપણે સનાતની ક્યાં સુધી તાકિયાનો ભોગ બનતા રહીશું.

આ સંસ્થા માટે દરેક સનાતનીના મનમાં કેટલાક સવાલો છે...

શું પાટીદાર સેવા સંઘ શ્વેતપત્રના

દાયરામાં નથી આવતી?

શું પાટીદાર સેવા સંઘ સાથે સંકળાયેલા સનાતનીઓ પોતાની દીર્ઘદ્દષ્ટિના અભાવે તાકિયાનો ભોગતો નથી બન્યાને?

સેવા દ્વારા પાટીદાર સેવા સંઘે નામના તો મેળવી છે પરંતુ તેનો ખોટો ઉપયોગ કરીને શ્વેતપત્રના વિરોધીઓ પાછલા બારણેથી આપણી સનાતની જ્ઞાતિમાં પ્રવેશી આપણને ફરીથી ભ્રષ્ટ કરવાતો નથી માંગતાને? નામર્દ સનાતનીઓને મોહરૂ બનાવી આપણી સનાતની ચળવળોમાં ક્યાંક હાડકા નાંખવાનું કાર્ય તો નથી કરતાને?

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ.... અને વૃધ્ધાશ્રમ...? શું માવિત્રો માટે હવે ઘરમાં જગ્યા નહિ હોય...? આ શબ્દ ક્યાંય મેળખાતો હોય તેવું લાગતું નથી.. છતાં પાટીદાર સેવા સંઘના હાલના કાર્યકર્તાઓને તે પાયાની જરૂરિયાત લાગે છે.

કેન્દ્રિય સમાજના આપણી સમાજમાં વૃધ્ધાશ્રમો ન હોવા જોઇએ. તેવા ઠરાવનું છડે ચોક ઉલંઘન કરી વાત્સલ્યધામ રૂપિ વૃધ્ધાશ્રમનું આયોજન થઇ રહ્યું છે તે યોગ્ય છે?

તે તો આપણે સૌએ આપણા સનાતની આત્માને પૂછી અને વડીલોએ આપેલા વારસાને જાળવવો કે નહિ તે સૌએ નક્કી કરવાનું છે...

વ્યસનની માયાજાળ...

વર્ષોથી મારો કાળક્રમ વહેતા ઝરણાની જેમ નિર્મળ અને પ્રગતિમય રહ્યો છે, પણ છેલ્લા અમૂક વર્ષોથી મનમાં હીંસા ફાટી હોય એવું લાગ્યા કરે છે. માંડીને વાત કરું તો આમ તો હું સીગારેટ નામમાં ભૂતનો વ્યસની, વર્ષોથી મારા પર એનું રાજ, પણ થોડા સમય પહેલાં આર્થિક નબળાઇને લીધે બીડીબાઇ સાથે ઘરગેણું કર્યું, ત્યારથી સીગારેટ ભાઇ છંછેડાયા, કારણ કે સ્ટેટસનો સવાલ હતો ભાઇ!!

સ્ટેટસને જાળવવા સીગરેટ ભાઇને માન આપું તો ગરબડી બીડીબાઇ અંચઇ કરે અને બીડીબાઇને અપનાવું તો સીગરેટ ભાઇ કોઠે ન પડે, સાલું કરવું શું? છેલ્લે મેં બન્ને વચ્ચે ત્રીજો રસ્તો પકડ્યો, મદીરાબાઇનું નામ સાંભળેલ પણ અનુભવ નહીં, તેથી થયું ચાલો અજમાવી જોઇએ, સફળતા મળી ખરી પણ છતાં સીગરેટ ભાઇ તો પીછો ન છોડે, મદીરાબાઇની લચકતી ચાલ પાછળ મોહિત થઇ સીગરેટ ભાઇને યાદ કરું અને બીડીબાઇ લાલગુમ થઇ જાય, હું તો ખરો ફસાયો.

થોડા દિવસ ચાલ્યું, એક દિવસ મદીરાબાઇના રંગે રંગાઇને બીડીબાઇને એલ-ફેલ સંભળાવી દીધું અને તિરસ્કાર કર્યો અને ન થવાનું થયું...

બીડીબાઇએ પંચને બોલાવી જનરલ સભા યોજી નાખી, સભામાં મુખ્ય અતિથિ તરીકે પાનમલ ચોરસીયા, ગુટકાચંદ, ગાંજાશેઠ અને માવામલ જેને આમંત્રીત કર્યા, અને મારા વિરુધ્ધ ફરીયાદ નોંધાવી, પંચે ફરીયાદ સાંભળી અને મને ફરમાન કર્યું કે હવે પછી આ ત્રણે સિગરેટ, બીડી અને મદીરાને કોઇ દી હાથ લગાડવો નહીં, મારાથી રહેવાનું નહીં, અને મેં હીમ્મત કરીને પૂછી લીધું કે માઇ-બાપ આ કેમ કરી શક્ય થશે? જવાબમાં મને રજનીગંધાનો હાથ પકડાવી સભા બરખાસ્ત કરી નાખી.

થોડા દિવસો ઠીક ઠાક ચાલ્યું, પણ એક સે મેરા ક્યા હોગા કરીને પાન પરાગજી સાથે જમાવટ કરી જોઇ, વળી ક્યારેય તુલસીદાસ, ક્યારેક ગોવામલ એમ કરતાં કરતાં કોઇક માણેકચંદ મને કીડનેપ કરી ગયો, માણેક ચંદનાં તાબા રહી મને જાત-ભાતની બિમારીઓ ગીફ્ટમાં મળી, મો માં ચાંદા, છાંતીમાં બળતરા, દાંતનોસડો વગેરે વગેરે... અને છેલ્લે હમણાં કેન્સર ડીટેક્સન કેમ્પ વાળા આવ્યા. મારી આખી વાર્તાઓ સાર મને સંભળાવી ગયા, સાંભળીને આંખે અંધારા આવી ગયા, પગ ભાર ન જાલે, પસીને રેબ-ઝેબ, હૃદયના ધબકારા હલકા થયા ત્યારે ખબર પડી કે જીવનની સૌથી મોટી ગીફ્ટ મને મળી છે... જેનું નામ છે... કેન્સર...

લિ. અૃમત પ્રેમજી ભાવાણી

સમસ્ત જ્ઞાતિબંધુઓને અમારા નવા વર્ષના

"નૂતન વર્ષાભિનંદન..."

શ્રી કાનજીભાઈ પ્રેમજીભાઈ લીંબાણી

પરિવાર

ધાર રોડ, ઈન્દોર.

કાનજીભાઈ પ્રેમજીભાઈ લીંબાણી

ગંગાબેન કાનજીભાઈ લીંબાણી

નર્મદા પટેલ

મીનલ શ્રીકાન્ત પટેલ

નરેન્દ્રભાઈ પટેલ



બી. ડી. પટેલ

મો. ૯૮૯૩૭ ૭૫૩૬૩


હર્ષીદા પટેલ

૯૪૨૫૦ ૫૩૪૧૭



ડી. કે. ત્રિવેદી પંચમાં સંતશ્રી આસારામજી બાપુનો ગૌ પ્રેમ ઉજાગર થયો

અમે ગાયોનું નહીં ગાયો અમારું પોષણ કરે છે : પૂ. બાપુ



રાજકીય કિન્નાખોરીનો અને વિદેશી મિશનરીના ષડયંત્રોનો ભોગ બનેલ સંતશ્રી આસારામજી બાપુ ગત ૧લી ડીસેમ્બરે જસ્ટીસ ડી. કે. ત્રિવેદી પંચ સમક્ષ પોતાની જુબાની આપવા હાજર રહ્યા હતા. પંચે પૂજય બાપુને 'બાપુ' કહીને જ સંબોધ્યા હતા. કોંગ્રેસી નેતા અને મિડીઆની જેમ હલકટ ભાષાનો પ્રયોગ નહોતો કર્યો. આખી કાર્યવાહી દરમિયાન જસ્ટીસ ડી. કે. ત્રિવેદી સાહેબે પોતાની સંસ્કારીતાનો પરિચય આપતા અને કરોડો હિન્દુઓની લાગણીને ધ્યાને રાખીને બાપુ સાથે ખૂબ જ આદર ભાવથી વ્યવહાર કર્યો હતો. બાપુએ પણ તપાસમાં પૂરતો સહયોગ આપ્યો હતો. આથી મૃત બાળકોના વાલીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

પંચે પૂજય બાપુને પ્રશ્ન કર્યો હતો કે તમારી ગૌ શાળામાં કેટલી ગાયો છે?

પૂજય બાપુએ કહ્યું કે લગભગ ૫૦૦૦ જેટલી ગાયો છે.

ત્રિવેદી સાહેબે તેના લેખકને કહ્યું કે લખો બાપુની સંસ્થા દ્વારા ૫૦૦૦ ગાયોનું ભરણપોષણ થાય છે.

આટલું કહેતા જ ગૌ પ્રેમી સંત બાપુએ રાઈટરને લખતા અટકાવ્યો અને જણાવ્યું કે ''અમે ગાયનું ભરણ પોષણ નથી કરતા ગાય અમારું ભરણ પોષણ કરે છે. અમે ગાયનું દૂધ પીએ છીએ તેથી ગાય અમારું પોષણ કરે છે, એમ લખો.''

બાપુના આ શબ્દો સાંભળી પંચે આશ્ચર્ય અનુભવ્યું હતું.

પંચે ફરી પ્રશ્ન કર્યો કે, ''બધી ગાય તો દૂધ નહીં આપતી હોય ને?''

બાપુએ જણાવ્યું કે, ''ગાય ભલે દૂધ ના આપે. છાણ અને મૂત્ર તો આપે છે ને. ગાયના મૂત્રમાંથી અમે ગૌ-ઝરણ બનાવીએ છીએ અને ગાયના છાણમાંથી વાતાવરણને શુદ્ધ કરતી ગૌ-ચંદન ધૂપબત્તી બનાવીએ છીએ. આથી દૂધ ના આપતી ગાયો પણ અમારું જ પોષણ કરે છે. અમે ગાયનું ભરણપોષણ નથી કરતા.''

સંત આસારામજી બાપુનો ગૌ-પ્રેમ જાણીતો છે. તેમની સંસ્થા દ્વારા અનેક ગૌ-શાળાઓ ચલાવવામાં આવે છે. ગૌ સેવા કરતા ઘણા લોકો કહે છે અમે આટલી ગાયોને પાળીએ છીએ પણ ભારતની આ મહાન વિભૂતિ કહે છે ગાયો અમને પાળે છે. પૂજ્ય બાપુનું બયાન રેકોર્ડમાં નોંધાયેલું છે. દ્વેષની પટ્ટી લગાવેલા આંધળાઓને પૂજ્ય બાપુનું આ અકર્તાપણું નથી દેખાતું. પંચની તપાસ વખતે કચેરીમાં ગુજરાત સમાચાર, ભાસ્કર, સંદેશ અને બીજા બે ત્રણ માધ્યમોના પત્રકારો હાજર હતા. પણ કોઈપણ પત્રકારે હકારાત્મક પાસાઓને ઉજાગર કર્યા નહોતા. આ તપાસમાં પૂજયબાપુ તરફથી મોટાભાગની બાબતો હકારાત્મક રહી હતી. પણ ક્યાંક મામૂલી બાબતોને મારી મરોડીને વાચકો સમક્ષ રજૂ કરી વાચકોને મુર્ખ બનાવવામાં આવે છે, જે ખરેખર દુઃખદ છે.

'પાટીદાર બંધુ' વારંવાર કહી રહ્યું છે કે આશ્રમમાં કોઇ તાંત્રિકવિધી થતી નથી. સીઆઈડી ક્રાઈમ અને સુપ્રિમ કોર્ટે પણ આ વાતને સમર્થન આપ્યું છે. આમ અમારી સત્યતા વધુ એક વખત સાબિત થઈ છે.

કણબીઓએ પોતાનો વાડો કુદાવી બહાર જનારા તે કેશરા ભકત અને તેના સોબતીઓના પર અનેક પ્રકારના અત્યાચારો ગુજાર્યા, જે તેમણે શાંતિથી સહન કર્યા, અને ઇશ્વરમાં શ્રદ્ધા રાખી પોતાના અન્ય બંધુઓને પણ સદુપદેશ દેવો ચાલુજ રાખ્યો. તેના સત્સંગથી વખત જતાં બીજા કેટલાક ભાઇઓએ પણ એ પીરાણા સતપંથીઓથી જુદા પડી સ્વામીનારાયણનો સંપ્રદાય સ્વીકાર્યો અને ધીમે ધીમે તેમની સંખ્યા વધવા લાગી. હાલ તેઓ બારસો માણસની સંખ્યામાં થઇ ગયા છે. કચ્છના કણબીની આવા દયાજનક દશા સુધારવા, એક દયાળુ પરોપકારી પરમહંસ સ્વામી જ્ઞાનનંદજીએ ગઢશીશાના પ્રખ્યાત પંડિત પીતાંબરજી (વિચાર-સાગરના ટીકાકાર)ની સલાહથી કેટલાક સમય પછી પ્રયાસ કરવા માંડ્યો, જેના પરિણામે એક પછી એક ગામો પીરાણા પંથની સાંકળમાંથી અંકોડાની માફક છૂટાં પડવા લાગ્યાં અને કેટલાંકોએ વેદ ધર્મ અંગિકાર કરી ઉપવીત ધારણ કર્યું.

સ્વામીજીના પરદેશ જવા પછી કણબી આગેવાનોએ વેદ-ધર્માનુયાયી સ્વામીજીના સઘળા શિષ્યોને, દંડી દંડી, જુલ્મ કરી કંઠીને ઉપવીત ઉતરાવી નાંખી, પાછું ચાલતું હતું તેમજ પીરાણાપંથનું જોર ચલાવ્યું. ઝીંઝાઇ ગામના વૃદ્ધ પટેલ માનાભાઇએ અનેક સિતમે પણ લીધેલો ધર્મ ન બદલ્યો, આખરે સંવત ૧૯૫૨-૫૩માં પોતાની માતાના મરણ વખતે, કોઇએ મુડદું ન ઉઠાવ્યું તેથી ડરી જઇ, કંળાળીને દંડ આપી પાછો પીરાણાપંથીઓમાં પેઠો અને ચાલતું હતું તેમ ચાલવા લાગ્યુ; પરંતુ ચારસો વર્ષથી ચાલતો જમાનો હવે બદલાયો હતો. ભાગ્યદેવીએ પણ કણબી પ્રતિ કરુણદ્રષ્ટિ કરી હતી, તેથી ખેતીવાડીમાં જ માત્ર જીવન ગાળનારા કણબી પુત્રો હુન્નર ઉદ્યોગ માટે દેશ છોડી પરદેશ જવા લાગ્યા. ત્યાં દેશાટણથી જ્ઞાન વધે છે, તે સિદ્ધાંત તેમને યથાર્થ ફળદાઇ બન્યો. પરદેશમાં જુદી જુદી હિંદુકોમો સાથે પરિચય આવતાં આંખ ઉઘડી. અને પોતાના ધર્મ પ્રતિ એક સાચા હિંદુ તરીકે તિરસ્કાર આવવા લાગે. તેમાં સુધારો કરવા કેટલાકની ઉર્મિઓ ઉછળવા લાગી, પણ પોતાના પહેલાં આવો પરમાર્થ કરનારને વારંવાર વેઠવો પડેલો ત્રાસ મનમાં તાજો હોવાથી કેટલાક આરંભશુરાઓની ઉછળતી ઉર્મિઓ ઊંડી દબાઇ ગઇ; પરંતુ કેટલાક સાચા શુરાઓને તો ''क्षणमधि सजज्नंसततिरेका भवति भवार्णवतरणे नौका।'' એટલે કે એક ક્ષણભર કરેલો સત્સંગ સંસાર સમુદ્ર તરવાને નૌકારૂપે થઇ પડે છે; એક પ્રમાણે ઉદ્ધારક લાગણી, વિટંબણાના ડરથી દબાઇ ન જતી રહેતાં વિશેષ તીવ્ર બની અને આખરે કોઇપણ કુટુંબીની, જ્ઞાતિજનની કે માત-પિતાની સલાહ લીધા વિના માત્ર સાત જ ભાઇઓએ પીરાણા વિરુધ્ધ, ધર્મધ્વજ ખડો કરી વિગ્રહ આરંભ્યો, જેની સવિસ્તર બીના, આ પુસ્તકની શરૂઆતના ભાગમાં પાનાં ૧૧થી વર્ણવામાં આવેલી છે, તેમાં સ્વધર્મ વર્ધક અને જ્ઞાતિહીતચિંતક મંડળના કાર્યકર્તાઓમાંના મુખ્ય ભાઇઓના નામો નીચે પ્રમાણે છે.

પટેલ નારાયણજી રામજીભાઇ લીંબાણી- ગામ વીરાણીવાળા, પટેલ રતનશીભાઇ કરસન છાભૈયા ગામ રાજપુરવાળા, પટેલ રામજીભાઇ જેઠા રંગાણી. ગામ ગઢશીશાવાળા, પટેલ વિશ્રામભાઇ દેવજી નાકરાણી. ગામ વિરાણીવાળા, પટેલ કરસનભાઇ ભાણજી નાકરાણી, ગામ વીરાણીવાળા, પટેલ નાયાભાઇ શીવજી નાકરાણી. ગામ વીરાણીવાળા, પટેલ હરજીભાઇ લધા રામાણી. ગામ લોડવાવાળા.

એ સાતે ભાઇઓએ રાજકોટ નજીક ઢોલરાના મૂળવતની વેદશાસ્ત્ર સંપન્ન જ્યોતિષ શાસ્ત્રી સદગત્ શ્રી રામેશ્વર મોરારજીના ઉપદેશથી સંવત ૧૯૬૪ના જેઠ સુદી ૫ ને ગુરુવારે પતિત પાવતીશ્રી ગોદારીના પવિત્ર તીરે શ્રી ત્ર્યંમબકેશ્વર તીર્થ ક્ષેત્રમાં નાશિકના પ્રસિદ્ધ વેદવિત્ત વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદીક વિધીએ દહેશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને ઉત્સાહ પૂર્વક ઉપવિત (જનોઇ) ધારણ કરીને વેદ ધર્મના પૂર્ણ અધિકારી થયા છે, અને તેજ દિવસથી એ પાપી પીરાણા

શ્રી ગણેશાય નમઃ	શ્રી ઉમિયા માતાય નમઃ	શ્રી હનુમંતેય નમઃ
		

શ્રી ઉમિયા માતાજી મંદિર, મેરી નાશિક, મહારાષ્ટ્ર
શ્રી ઉમા સેવા સાંસ્કૃતિક બહુઉદેશીય મંડળ

નૂતન વર્ષાભિનંદન

કારતક સુદ એકમ (પડવા) થી શરુ થતુ નવુ વર્ષ
આપ સૌ જ્ઞાતીજનો માટે સુખદાયી, લાભદાયી અને સ્વાસ્થ્ય વર્ધક નિવડે
તેવી મા ઉમિયાના ચરણોમાં પ્રાર્થના
મા ઉમિયા શ્રી કડવા પાટીદાર જ્ઞાતીની સમૃધ્ધી, સંપ, સહિષ્ણુતા
તેમજ ભાઈચારાની ભાવનામાં ઉત્તરોતર વધારો કરે
તેમજ વૈચારીક દષ્ટીકોણને યોગ્ય દિશા આપે તેવી શુભકામના.

શ્રી પ્રવિણ કે. પોકાર	શ્રી કેશવલાલ જે. ધોળુ	શ્રી દિનેશભાઈ એ. દિવાણી
પ્રમુખશ્રી	ઉપપ્રમુખશ્રી	મહામંત્રીશ્રી


કારોબારી સદસ્યશ્રી

૧. શ્રી મહેન્દ્રભાઇ એમ. ચૌધરી	૨. શ્રી નરેન્દ્રભાઇ એ. પોકાર	૩. શ્રી શાંતિભાઇ ડી. ભગત
૪. શ્રી બચુભાઇ આર. ચોપડા	૫. શ્રી કિશોરભાઇ એન. સૈંગાણી	૬. શ્રી નિલેશભાઇ એચ. રંગાણી
૭. શ્રી દિલીપભાઇ એમ. ભાવાણી	૮. શ્રી જગદીશભાઇ પી. સાંખલા	૯. શ્રી ચંદુલાલ એ. પારસિયા
૧૦. શ્રી પુરુષોત્તમ એસ. ભગત	૧૧. શ્રી વિનોદ આઇ. ધોળુ	૧૨. શ્રી અશોકભાઇ સી. સેંધાણી

સલ્હાકાર સમિતિ

૧. શ્રી જીવરાજ હંસરાજભાઇ પોકાર	૨. શ્રી હરિભાઇ માવજીભાઇ પોકાર	૩. શ્રી ઈશ્વરભાઇ માવજીભાઇ માવાણી
૪. શ્રી મણિલાલ અરજણભાઇ દિવાણી	૫. શ્રી અરવિંદભાઇ કેશવજી પોકાર	૬. શ્રી હરીલાલ લધ્ધાભાઇ રંગાણી
	૭. શ્રી પુરુષોત્તમ નારણ ધોળુ	


With Best Compliments From...
ZERO MAINTENANCE DOORS
Doors with Style...
HET door TM
DESIGNER MAMBERANE DOORS • HDF DOORS • 3D EMBOSSED DOORS • KITCHEN SHUTTERS
HET DECOR
Unth Khari Road, PANSORA.
Ta. Umreth. Dist. Anand.
Tele : 02692-279244 | 279444
email : hetdecor@gmail.com
www.hetdecor.com
For Dealer Enquiry Contact... 099250 31765
૪૯ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨


With Best Compliments From...
।। जय जलाराम बापा ।।
3 Layerd
Quality
Melamine Faced
Plain & Pre-laminated
Particle Board
Shiv-Dhan
TM
SIZE
8 x 6, 8 x 4, 8 x 3, 8 x 2
6 x 4, 6 x 3, 6 x 2½, 6 x 2
THICKNESS
9mm, 12mm
18mm, 25mm
WE ALSO PRODUCE
26MM FOR DOOR FILER
artwork: rajeevnimje@gmail.com
Manufactured by : SHIV-DHAN BOARDS PVT. LTD.
102, Ramkrishna Aptt., Nr. Chhaprunagar Sq., Lakadganj, Central Avenue, Nagpur-440 008
Tel.: 0712-2764655, 2774655, Fax : 0712-2778417, Mobile : 9923401818, 9823277811
Email : shivdhanboard@yahoo.com
૫૦ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨


realpatidar.com
With Best Compliments From...
RELIANCE
Life Insurance
Bhimjibhai K. Patel
Advisor Code : 20737672
Mo. : 09667 143721
Advisor & Tex Consultant
108/ Ramkrishna Appartment,
Chhaparu Chowk, Lakkadganj,
Nagpur - 440008, Maharashtra
૫૨ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨
realpatidar.com


સૌ જ્ઞાતિ જનોને નૂતન વર્ષાભિનંદન
realpatidar.com
With Best Compliments From...
દેવજીભાઈ એસ. સામાણી (પટેલ)
ધારાસભ્ય, ધરસીવા,
છત્તીસગઢ
विधायक - धरसींवा (क्षेत्र क्रमांक -45), रायपुर (छ.ग.)
पूर्व अध्यक्ष - कृषि उपज मण्डी समिति, रायपुर (छ.ग.)
अध्यक्ष - जिला अंताव्यवसायी विकास निगम, रायपुर
अध्यक्ष - छत्तीसगढ़ स्टेट बेवरेजेस कार्पोरेशन लिमिटेड, रायपुर
નિવાસ : સરસ્વતી સૉ મિલ, ફાફાડીહ, રાયપુર, (છ.ગ.)
૫૩ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨
realpatidar.com


realpatidar.com
With Best Compliments from ....
Shree Ishwar Saw Mill
Specialist In : CP Teak Wood Logs & Sizes
New Timber Market, Fafadih, Raipur (CG)
Phone : 0771 2525851 Fax : 0771 2524184
MaganBhai Nakrani 94255-01185
Haresh Nakrani 99261-00120
Ishwar Paper Mill
Manufacturer of craft Paper & White paper
Fac.: Ring Road No.-2, Gondwara, RAIPUR [CG]
Mohan Bhai Nakrani 93291-00200
Dhanji Bhai Nakrani 99261-36235
Hitesh Nakranil : 99261-04455
Umiya Board & Paper Mill (P) Ltd.
Vidhanshabha Road, Saddu - Mova, RAIPUR (CG)
Mohanbhai Nakrani 93291-00200
Navinbhai Nakrani 99772-55772
Chetan Bhavani 99261-00120
Ishwar Ispat Industries [P] Ltd.
Urla, Industrial Area, Urla, Raipur [CG]
Vijay Bathani 98266-80670
Bharat Nakranil 98261-45850
Deepak Bathani 98261-92006
Piyush Bhavani 99261- 43300
Dharmesh Nakrani 98260-22990
Hind Pipe Industries
(Manufacturer of PVC Pipe)
Ring Road No. - 2, Gondwara, RAIPUR (CG)
Phone : 2525851(O), 2327025(Fect.)
Fax : 0771-2524184
Deepak Nakrani 98261 45851
Dhanjibhai Bathani 99261-02197
Chandubhai Bathani 94255-17325
Anilbhai Bathani 93291-23549
Surya Saw Mill
Specialist in Sal Wood Log's & Size's
New Timber Market, Fafadih, Raipur (CG)
Phone : 0771 2523549
SURYA
Lavjibhai Bhavani
94252-04583
Phone : 0771-2523594
Cell : 98269 93339 (Vasant)
99771 00080 (Jatin)
Patel Timber Mart
Sister Con. - Patel Wood Works
New Timber Market, Fafadih, Raipur (CG)
Specialist Bija, Saja(Mathi) Loges & Size
૫૪ પાટીદાર બંધુ
નવે.-ડીસે. ૨૦૧૨

સતપંથનો ત્યાગ કરી જ્ઞાતીને અને અન્ય હિન્દુ ભાઇઓએ એ પંથના પાખંડમાંથી છોડાવવાની ભીષ્મ પ્રતિજ્ઞાઓ નાશિકના પવિત્ર તીર્થક્ષેત્રમાં કરી આવ્યા છે, તેને બરાબર પાળી રહ્યા છે અને એજ સત્યનિષ્ઠા, તથા અડગ વૃત્તના પ્રતાપથી આજે પણ તેઓએ પીરાણા સતપંથના કચ્છદેશના અમાનુષી કણબી જ્ઞાતિના જુલ્મગાર આગેવાનોની સામે ટકી રહેવા તથા જાહેર ચળવળ કરવામાં ફતેહમંદ થયા છે.

એટલું જ નહિ પણ એજ સાતે ભાઇઓએ પોતાની તનતોડ ચળવળથી બારસો (૧૨૦૦) જ્ઞાતિભાઇ બહેનો કે જેઓ આજે સ્વામીનારાયણનો ધર્મ પાળે છે તેમણે પણ એ પીરાણા સતપંથીઓના સંસર્ગથી જુદા પાડ્યા છે; તથા ગુજરાતના પ્રતિષ્ઠિત જ્ઞાતિભાઇઓના સહવાસમાં આવી તેમની દાર મદદ મેળવવા ભાગ્યશાળી થનાર પણ એ જ સાતે બંધુઓ છે. એ ઉપરાંત યુવક મંડળ, તથા પરિષદોની સ્થાપના કરનારાઓ પણ એજ બંધુઓ છે. એ સર્વે કોઇથી અપરિચીત નથી. એટલું જ નહિ પણ નીચે જણાવેલા ગામ ડચાપર, ઘાટકોપર, પાનેલી, રવાપર તેમજ કરાંચીના ધર્મવીર બંધુઓ અને બહેનોને જાગૃત કરી એ પાપી પીરાણા સતપંથની જાળમાંથી મુક્ત કરી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી, શુદ્ધ વૈદિક ધર્મની દીક્ષા અપાવનારા પણ એજ ઉપર જણાવેલા સાતે બંધુઓ, તેમજ યુવકમંડળ અને પરિષદના કાર્યકર્તાઓ જ છે.

સાભાર : પીરાણા - 'સંતપંથ'ની પોલ તથા
સત્યનો પ્રકાશ ભાગ-૧

મેટ્રોમોનીયલ (સગપણ સમસ્યા) કમિટીનો સંદેશ...

શ્રી અ.ભા.ક.ક.પાટીદાર યુવાસંઘ-મેટ્રોમીનીયલ કમિટી

હાલમાં આપણી જ્ઞાતિમાં પ્રવર્તી રહેલ સગપણ સમસ્યા નિવારવા (કુંવારા, વિધવા, છૂટાછેડા લીધેલ વિગેરે) દિકરા-દિકરી માટે યોગ્ય પાત્ર શોધવા અંગેની મુશ્કેલીઓમાં મદદરૂપ થવા માટે કેન્દ્રીય યુવાસંઘ દ્વારા મેટ્રોમોનીયલ સમિનિટી રચના કરવામાં આવેલ છે. જેનું કાર્ય સગપણ કરવા માટે થતી મુશ્કેલીઓમાં મદદરૂપ થવું અને યોગ્ય પાત્ર મેળવી આપવા માહિતી પૂરી પાડવાનું છે. આનાથી સમાજમાં પ્રવર્તી રહેલ સગપણ સમસ્યામાં કંઇક અંશે ઉપયોગ થવાશે.

ઉપરોક્ત હેતુ અને ઉદ્દેશને લઇ આ સમિતિ કાર્ય કરી રહેલ છે તો આપણે સૌ જ્ઞાતિજનોને વિનંતી છે કે આપના દિકરા-દિકરીના સગપણ માટે આપ યોગ્ય પાત્રની શોધમાં હોવ તો ચોક્કસ આ સમિતિનો સંપર્ક કરવો અને આ અંગેની તમામ માહિતી પૂરો પાડશો જેથી અમો તેનો યોગ્ય પ્રચાર-પ્રસાર કરી (એસ.એમ.એસ. અને વેબસાઇટ દ્વારા) આપને લાયક યોગ્ય પાત્ર શોધવામાં મદદરૂપ થઇ શકીએ. આપના સૌના સહિયારા પ્રયત્નો થકી જ સગપણ સમસ્યાનો ઉકેલ લાવી શકાશે.

સંપર્ક : (૧) ભરતભાઇ એસ. પોકાર-કન્વીનર, મેટ્રોમોનીયલ કમિટી, C/o. ગાયત્રી ટીમ્બર માર્ટ, મુ. પો. સારસા. તા. જિ. આણંદ, ગુજરાત (૩૮૮૩૬૮) (૨) ડાયરેક્ટ વેબસાઇટમાં ફોર્મ ભરી શકાશે : www.yuvasangh.org (૩) આપના રીજીયનના પ્રમુખ/મંત્રીને ભરેલ ફોર્મ સબમીટ કરાવવું.

નોંધ : સગપણ થઇ જાય તો અમોને જાણ કરવા વિનંતી. અન્યથા આ માહિતી વેબસાઇટમાંથી એક વર્ષ પછી આપોઆપ ડીલીટ (રદ્દ) થઇ જશે.

વધુ માહિતી માટે પ્રોફેસર ભરતભાઇ (મો.) ૯૪૨૬૪ ૮૮૬૯૬ ઉપર સંપર્ક કરવો.


સમાજ જાગૃતિ...

જાણો રોજીંદા જીવનમાં વપરાતા સાબુની ગુણવત્તા

○ લેખક : તુલસીભાઈ પટેલ
રાજકોટ
મો. ૯૯૯૮૮૭૧૬૨૮

"સાબુથી જયારે આપણે નહાઈએ છીએ ત્યારે આપણે આપણાં શરીરમાં એક અનોખી તાજગી અનુભવીએ છીએ. પણ આપણે એવો વિચાર કદીયે નથી કરતાં કે આ સાબુ આપણાં શરીર માટે યોગ્ય છે કે નહીં? જો જો ક્યાંક તમે કુતરાઓને નવડાવવાના સાબુથીતો નથી નહાઈ રહ્યા ને? સાધારણતા સુંદર અભિનેત્રીઓને ટી.વી.માં સાબુથી નહાતી જોઈ અભિનેત્રી જેવું સુંદર દેખાવા માટે આપણે જે તે બ્રાન્ડનો સાબુ આંખો બંધ કરી ખરીદતા હોઈએ છીએ. ચેતજો... આવી જાતેરાતો જોઈ સાબુ વાપરવાથી જ તમે તમારા શરીરને રોગોનું ધામ બનાવી રહ્યા છો..."

"આવો જાણીએ આપણાં સાબરને. સર્વપ્રથમ તો આપને ખબર જ હશે કે સાબુના બે પ્રકાર હોય છે. (૧) રાસાયણીક (૨) આયુર્વેદીક હર્બલ. શરૂઆત કરીએ રાસાયણિક સાબુથી... શું છે આ રાસાયણિક સાબુ? તો જે સાબુને



બનાવવામાં જુદો જુદો જાતનાં રસાયણો ઉપયોગમાં લેવાય છે જેવા કે... આમ્લ, કાસ્ટીક સોડા"

આમ્લ : (FATTY ACID)

"આમ્લ મુખ્યત્વે નારીયેલ અથવા તાડના ઝાડમાંથી મળે છે અને જે આમ્લ જનાવરોનો ચરબીમાંથી મળે છે તેને ટાલો (TALLOW) કહેવાય છે. જે અપેક્ષા મુજબ ખૂબ જ સતસ્તુ હોય છે. "આમ્લ"માંથી જ સોડીયમ લોહેલ સલ્ફેટ (SLS)નું નિર્માણ થતું હોય છે અને આ SLSના લીધે જ પાણી અને સાબુ મિક્સ થતાં જ ફેસ ઉત્પન્ન થાય છે. અને SLS વગર સાબુ બની જ નથી શકતો એમ કહો તો પણ ચાલશે અને જો આપ શાકાહારી છો તો આપ આપનો સાબુ ખરીદતા પહેલાં સાબુના રેપર ઉપર લખેલ લખાણને દયાનપૂર્વક વાંચજો કે કયાંય TALLOW તો નથી લખેલને. કારણ TALLOW જનાવરોની ચરબીમાંથી પ્રાપ્ત કરાય છે."

TFM એટલે શું?

સાબુની જાણકારી આપતાં પહેલા આપ સહુને જણાવી દઉં કે TFM કરતાંય ખતરનાક TFM નું પ્રમાણ તમારા સાબુમાં કેટલું છે તે અવશ્ય વાંચજો. કારણ TFM જ સાબુની અસલ ગુણવત્તા નક્કી કરે છે. TFM એટલે શું? તો TFM એટલે Total Fatty Material અને તમારા સાબુમાં જેટલું TFMનું પ્રમાણ વધુ એટલો જ તમારો સાબુ સારો કહેવાય. TFMના આધારે જ સાબુને ત્રણ વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે જેને આપણે "ગ્રેડ" કહીએ છીએ. આ ગ્રેડ એટલે કાર્બોલીક સાબુ, ટોયલેટ સાબુ અને નહાવાનો સાબુ. આવો હવે આપણે આ ત્રણેય ગ્રેડને નજીકથી જોઈએ અને જાણીએ પણ યાદ રાખો કે તમારા સાબુમાં TFMનું પ્રમાણે ૭૬%થી વધુ હોવું જોઈએ.

કાર્બોલીક સાબુ (ગ્રેડ-૩)

એકદમ નીચલી કક્ષાનો સાબુ જે ગ્રેડ-૩ કહેવાય છે. જેમાં TFM પ્રમાણે ૫૦% થી ૬૫% હોય છે. આવો કક્ષાનો સાબુમાં ફીનાઈલની માત્રા વધુ હોય છે જેનોલ ફીનાઈલ ઘરનો ટાઈલ્સ કે દવાખાનાનો ટાઈલ્સ સાફ કરવામાં વપરાય છે. આ સાબુને ખરેખર તો જનાવરોના શરીર ઉપર લાગેલા કીડાઓને મારવા માટે ઉપયોગમાં લેવાય છે. એટલે જ વિદેશમાં આટલા TFMના પ્રમાણના સાબુને 'એનિમલ સાબુ' કહેવાય છે. જ્યારે ભારતમાં આવા સાબુ લોકપ્રિય છે. જેમ કે 'લાઈફબોય, બ્રીઝ, મેડીમીક્સ વગેરે...' જો વિશ્વાસ ના આવતો હોય તો નીચે આપેલ કોઠો જોઈ લેજો. મિત્રો ક્યાંક તમારો સાબુ કુતરાને નવડાવવા માટેનો ના હોય...

ટોયલેટ સાબુ (ગ્રેડ-૨)

ગુણવત્તાની દષ્ટિએ મૂલ્યાંકન કરતાં આ સાબુ બીજી કક્ષાએ આવે છે. જેને ગ્રેડ-૨ કહેવાય છે. ટોયલેટ શોપનો ઉપયોગ સામાન્યતઃ શૌચાલય ઈત્યાદી ક્રિયાઓ બાદ હાથ ધોવા માટે કરવામાં આવે છે. જેનામાં TFMનું પ્રમાણે ૬૫% થી ૭૫% હોય છે. કાર્બોલીક સાબુથી સ્નાન કરવાથી જે નુકશાન તમારી ત્વચાને થાય છે તેના પ્રમાણમાં થોડું ઓછું નુકશાન ''ટોયલેટ શોપ'' વાપરવાથી તમારી ત્વચાને નુકશાન થતું હોય છે અને ભારતમાં શૌચ ઈત્યાદી ક્રિયાઓ બાદ હાથ ધોવાની કક્ષાના આવા સાબુના ઉત્પાદકોનો તો વણજાર છે.. લક્સ, લીરીલ, ડેટોલ... એવા તો કેટલાય છે.

નહાવા માટેનો યોગ્ય સાબુ (ગ્રેડ-૧)

જેને આપણે ગુણવત્તાની દષ્ટિએ સર્વોત્તમ સાબુ કહીએ એવા આ સાબુમાં TFMનું પ્રમાણ ૭૬% અથવા તેનાથી વધુ પણ હોય છે. આવા પ્રકારના સાબુ તમારી ત્વચાને નહીંવત નુકશાનકારક હોય છે પણ આવા સાબુ નિરમા, ડાયના, ગોદરેજ નં.૧ જેવો બહુજ ઓછી કંપનીઓ બનાવે છે. સાબુના વપરાતા TFMથી તમારી ત્વચા શુષ્કપણ થઈ જાય છે અને આ TFM વગર તમારા સાબુમાં ફેસ થવો શક્ય પણ નથી એ પણ વાસ્તવિકતા જ છે. નહાવાના સમયે તમારી આંખમાં જો સાબુનું પાણી જાય તો તમને અસહ્ય બળતરા થાય છે જેનો પાછળનું કારણ આ TFM જ હોય છે. અને આવો પ્રકારના કેમિકલ-યુક્ત સાબુ વાપરવાથી તમને 'ખરજવું' પણ થઈ શકે છે.

કંપની	TFM	ગ્રેડ
ગોદરેજ નં. ૧	૭૬%	૧
નીરમા	૭૬%	૧
ડાયના	૭૬%	૧
વીવેલ	૭૩%	૨
સંતુર	૭૨%	૨
ડેટોલ	૭૧%	૨
લક્સ	૭૦%	૨
લાઈફબોય	૬૦%	૩
ઈન્ટરનેશનલ બ્રીજ	૬૩%	૩
મેડીમીક્સ	૬૦%	૩

તાત્પર્ય : કોઈપણ રાસાયણીક સાબુ તમારી ત્વચાને નુકશાન પહોંચી શકે છે જેનાથી બચવા અને તમારી ત્વચાને સુરક્ષિત રાખવા માટે સાબુના રેપર ઉપર લખેલ TFMનું પ્રમાણ અવશ્ય જુઓ. મિત્રો જેટલું TFMનું પ્રમાણ વધારે એટલો જ તમારો સાબુ તમારા આરોગ્ય માટે સુરક્ષિત રહેશે. યાદ રાખો ૭૬% TFM અથવા તેનાથી વધુ TFMના સાબુ જ સ્નાન કરવા માટેના છે બાકી બધા સાબુ શૌચક્રિયા બાદ હાથ ધોવા માટેના તેમજ પ્રાણીઓને નવડાવવા માટેના છે.

ટીવીમાં સૌથી વધુ જાહેરાત આપતી કંપનીઓ તમને શું આપી રહી છે તે જુઓ. તમારા આરોગ્ય સાથે રમાતી રમતને સમજો. મિત્રો કારણ કોષ્ટકમાં દર્શાવેલ તમામ કંપનીઓનું વેચાણ ભારતમાં સૌથી વધુ છે. આ કોઠામાં ક્યાંય તમને ૭૬% TFMથી વધુ દેખાયું?

હર્બલ સાબુ (આયુર્વેદીક સાબુ)

જી હાં... આ છે કેમિકલ રહિત

સાબુ. જે બનાવવામાં આયુર્વદનો સહારો લેવામાં આવે છે. જેમ કે... (૧) હળદર, લીમડો : બેક્ટેરીયાથી બચવા, ખરજવું પૈદા કરવાવાળા FUNGALથી બચાવ. (૨) તુલસી : ચહેરા ઉપર પ્રાકૃતિક ચમક લઇ આવવા માટે. (૩) ધૃતકુમારી : ત્વચા ઉપર કરચલીઓ નથી પડતી. (૪) આંમળા : અનેક ઔષધીય ગુણોનો ભંડાર (૫) ચંદન : ત્વચાની શુષ્કતાને ખતમ કરી ત્વચાને નરમ રાખે છે. (૬) બદામ : ત્વચાને પ્રોટીન પુરું પાડે છે.


આ ઉપરાંત નારીયેલ તેલ, નીલોય જેવી બીજી અનેક ઔષધીયો આયુર્વેદીક સાબુમાં વપરાય છે. આ આયુર્વેદીક ઔષધોનો ઉપયોગ ભારતમાં હજારો વર્ષોથી ત્વચાને સ્વસ્થ રાખવા માટે કરાતો હતો. તુલસી, ચંદન, બદામની ઉપલબ્ધતા નહીંવત બરાબર હોવાથી સાબુમાં આયુર્વેદીક ઔષધીઓની જગ્યાએ કેમીકલ વાપરવા લાગે છે અને વધુ નફો કમાવવાની લાલસામાં આપણા શરીરને અતિહાનિકારક એવા ગ્રેડ-૨ અને ગ્રેડ-૩ના સાબુ આપણા દૈનિક જીવનમાં આવી ગયા. શીક્ષીત હોવા છતાંય આપણે આપણાં શરીરને કુતરાને નવડાવવાના સાબુથી સાફ કરી તંદુરસ્તીના ગીતો ગાઇએ છીએ કે "લાઇફબોય હૈ જહાઁ તંદુરસ્તી હે વહાઁ..." યુરોપીયન કુતરાને નવડાવવાના સાબુથી સ્નાન કરવું અને પોતાને શીક્ષીત કહેવું એ ખરેખર શરમજનક છે. આયુર્વેદીક સાબુના ઉપયોગથી તમને સાઇડ ઇફેકટ નહીં થાય પણ કેમિકલયુક્ત સાબુથી તમને સાઇડ ઇફેકટ જરૂર થશે.

જાહેરાતોમાં દર્શાવાતી રુપાળી અભિનેત્રીઓના હાથમાં આવા હાનીકારક સાબુ પકડાવી આપણને મુર્ખ બનાવવામાં આવી રહ્યા છે. અને આપણે શૌચક્રિયા બાદ હાથ ધોવાના સાબુથી સ્નાન કરી મુર્ખ બની રહ્યા છીએ... અરે ક્યારેક વિચારો, તપાસ કરો અને જાણો કે "તમારો સાબુ માણસોને નહાવા માટેનો છે કે પછી જનાવરોને નવડાવવા માટેનો છે?"

દેશ ક્યાંથી આગળ આવે...?

લોકો કહ્યા કરે છે,
ભ્રષ્ટાચાર વધી ગયો છે,
દેશ ક્યાંથી આગળ આવે..?
પણ! જો તમારા લુગડાંમાં ન હોય દાગ,
તો આ દૈત્ય ક્યાંય ઘર ન જમાવે.
આ દેશની મોટી જ છે એવી,
કે જ્યાં ધર્મનો થાય છે વિજય,
કરોડોનો ભ્રષ્ટાચાર આચરીને પણ
ઇશ્વર આગળ શીષ નમાવે,
દેશ ક્યાંથી આગળ આવે..?
દેશદાઝને ખાતર જવાનો જ્યાં
શહિદી લે છે વહોરી,
ખફણનાં લીરે-લીરા કરીને
લોકો માતમ ના મનાવે,
દેશ ક્યાંથી આગળ આવે..?
દુનિયાનું સર્વ શ્રેષ્ઠ લોકતંત્ર
આંખે પાટા બાંધી ન્યાય તોળાય,
ગુનો કરીને પૈસે બળવાન
જ્યાં ન્યાયના ચીથરે-ચીથરા ઉડાવે,
દેશ ક્યાંથી આગળ આવે..?
ભગવદ્ ગીતાનું રટણ કરી,
ફળની આશા ન કર કર્મ કર્યે જાવ,
પણ, કર્મને નામે મીંડુવાળી,
જ્યાં ફળોનો ઢગલો જમાવે,
દેશ ક્યાંથી આગળ આવે..?
માનવ સેવાનું નામ લઇ,
નેતા વોટ બેંક બનાવે,
ભણેલને પડી નથી,
અભણને લાલચ દઇ ફસાવે,
દેશ ક્યાંથી આગળ આવે..?
પણ! જો તમારા લુગડામાં ન હોય દાગ,
તો આ દૈત્ય ક્યાંય ઘર ન જમાવે...

અમૃત પ્રેમજી ભાવાણી-ચૈન્નાઇ


realpatidar.com
નવે.-ડિસે. ૨૦૧૨
પાટીદાર બંધુ
नूतन वर्षाभिनंदन...
भीमजीभाई पटेल
9422894744
दिनेशभाई पटेल
94236 09997
अमिया मार्बल
* मार्बल * ग्रेनाईट
* कडप्पा * टाईल्स
* सेनेटरी वेअर * सिमेन्ट फ्रेम
बस स्टोप के सामने, हायवे रोड,
तिवसा. जि. अमरावती
દિપોત્સવી વિશેષાંક
૫૯
realpatidar.com

સામાજિક ચિંતન

○ લેખક : સીતારામભાઇ જે. પટેલ-ચેરમેનશ્રી, પ્રચાર અને પ્રકાશન કમિટી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

પીરાણા પંથની માયાજાળ સામે કચ્છી પાટીદારોનો સંઘર્ષ..!!!

ધર્મ માનવીને જન્મ સાથે વારસામાં મળતા જીવન જીવવાના સંસ્કારનું મૂળ છે. જીવનમાં ડગલે ડગલે માનવીને ધર્મની આસ્થા જોડાયેલી હોય છે. કચ્છી પાટીદાર સમાજ માટે ધર્મનું પાસું જીવન સંઘર્ષનું પાસું બની ગયું છે.

કચ્છી પાટીદાર સમાજ લગભગ પીરાણાપંથી હતો. ગુજરાતમાંથી પાટીદારોને કચ્છમાં વસવા આ પીરાણા પંથે ફરજ પાડી હતી.

પીરાણા પંથ આગાખાની નિઝારી શિયા પંથનો ફાંટો છે. હિન્દુસ્થાનમાં હિન્દુઓને વટલાવવા સૌ પ્રથમ નુસરત ગોર આવ્યા. તેમના પછી પીર સૈયદ સમસુદીન, પીર નસીરૂદ્દીન, પીર સૈયદ સદરૂદ્દીન, પીર કબીરુદ્દીન અને તે બાદ પીર ઇમામશાહે પીરાણા પંથ કે જે સતપંથ તરીકે ઓળખાય છે તેની સ્થાપના કરી. ઇમામશાહે આ પંથની એવી ખૂબથી સ્થાપના કરી કે તેમાં દાખલ થનાર ભોળા હિન્દુઓને કે તેને અનુસરનાર વ્યક્તિને ખબર ન પડે કે તે અજાણપણે પોતાના વૈદીક ધર્મને છોડી રહ્યો છે. ઇમામશાહે વદીક ધર્મને ધીમે ધીમે દૂર કરી સનાતન હિન્દુ ધર્મમાંથી સતપંથ ઊભો કર્યો. સતપંથ અપનાવનાર પોતાના વૈદીક ક્રિયાકાંડની જગ્યાને ધીમે ધીમે ઇમામશાહે સૂચવેલાં ક્રિયાકાંડ અપનાવતો જાય.

ઇમામશાહે હિન્દુશાસ્ત્રોનો અભ્યાસ કરી તેજ શાસ્ત્રોમાં છદ્મવેશ અલગ કથાઓ એવી રીતે ઉમેરી કે કોઇને ખબર ન પડે અને એજ સતપંથના શાસ્ત્રો (ગીનાન) બન્યા. ઇમાશાહે સનાતન હિન્દુધર્મમાંના ભગવાનના દશ અવતારોને તેમના મુરીદો (અનુયાયીઓ) માટે થોડા થોડા ફેરફાર સાથે ચાલુ રાખ્યા. દરેક અવતારના અવતારી કાર્યોને પણ થોડા ઘણા સ્વીકાર્યા અને તેમાં તેમણે ઇસ્લામની કેટલીક વાતો ઉમેરી. આ શાસ્ત્રો તેમના મુરીદોના નવા શાસ્ત્રો બન્યા. હિન્દુ વૈદિક શાસ્ત્રોમાં ભગવાનનો દશમો કલ્કી અવતાર જે હજી થવાનો છે તેનો ઉલ્લેખ છે. અને તે કયાં, કઇ રીતે થવાનો છે તેની એંધાણીઆ બતાવી છે. જ્યારે ઇમામશાહે આ દશમો અવતાર એ નિષ્કલંકી નારાયણ અવતાર દર્શાવ્યો છે જે હિન્દુઓએ ઇમામશાહે બતાવેલ શાસ્ત્રો પ્રમાણે ન વર્તવાને લીધે નારાજ થઇ અરબસ્તાનમાં થઇ ચૂકયા છે અને ઇમામશાહ તેના વંશજ છે તેમ બતાવ્યું છે. કેટલાક તેમને જ દશમો અવતાર ગણે છે.

ઇમામશાહે હિન્દુઓને વટલાવી એવી લાઇન ચલાવી કે હિન્દુઓને તેઓ પોતાના ધર્મ છોડી રહ્યા છે અને નવો સતપથં અપનાવી રહ્યા છે. એટલે કે પોતે વટાલઇને મુસ્લિમ લાઇન પર ચાલવા લાગ્યા છે. એવો ખ્યાલ પણ ન આવે. આ સતપંથ એટલે ન હિન્દુ કે ન પૂરા મુસલમાન - એવો ધર્મ બનાવ્યો. અમદાવાદ નજીકના પિરાણા ગામ ઇમામશાહના મુખ્ય સ્થાન છે. ઇમામશાહે ત્યાં આજુબાજુ જ લોકો તેમના મુરીદો બન્યા. તેમની સાથેનો વ્યવહાર અન્ય લોકોએ તેમની સાથે ઓછો કરી દીધો. ઇમામશાહની ચતુરાઇએ તેમને અન્ય લોકોએ ''મુમના'' બનાવી દીધા. તેઓ સમાજમાં એકલા પડવા લાગ્યા. જેથી તેમને કચ્છમાં જવું પડ્યું. ઇમામશાહનું આ વર્તન પ્રવૃત્તિનું કામ કરાવવાવાળા મુખી કે કાકા કે સૈયદોએ તેમને કચ્છમાં મોકલવામાં મદદ કરી. કચ્છમાં મહારાવની કૃપાથી તેમને વેરાન જમીનો મળી. આ જમીનોને તેમણે મહેનત કરી ફળદ્રુપ બનાવી. આમ હિન્દુ પાટીદાર ગુજરાત છોડી

કચ્છમાં વસ્યા. કચ્છમાં સતપંથ કે પીરાણાપંથી પાટીદારોનો આખો સમૂહ વસ્યા. પીરાણાપંથીઓનું કચ્છ મુખ્ય સ્થાન બન્યું. અહીં ઇમામશાહના મુખીઓ, પટેલો, કાકાઓકે સૈયદો કચ્છમાં જઇ ઘેર ઘેરથી દશાંશ કે વીશાંશ ઉઘરાવતા થયા. પીરાણા સ્થાને કચ્છના પાટીદારોની મોટી આવક મળવા લાગી. સાથે સાથે ઉઘરાવનારાઓને પણ મજા થવા લાગી. તેઓ વર્ષોવર્ષ ત્યાં જવા લાગ્યા. તેમણે હિન્દુ ધર્મના વિધિ-વિધાનો કે ક્રિયાકાંડોમાં પણ ફેરફાર કરાવ્યો. જેમકે મડદાને હિન્દુધર્મને રીતે અગ્નિસંસ્કાર નહિ, પણ મુસ્લિમ રીતે દાટવાનું શરૂ કરાવ્યું. લગ્ન વિધિમાં પણ અહીં મુસ્લિમ નિકાહ પઢવાની શરૂઆત થઇ. સૈયદો અને કાકાઓએ ખાસ કરીને પ્રાગજીકાકાએ કોઇપણ વિધિમાં બ્રાહ્મણોને બોલાવવાનું બંધ કરાવ્યું. જનોઇ ધારણ કરનારાઓની જનોઇઓ ઉતરાવી. દરેક પરિવારની વહી લખનાર વહી વંચ બારોટોને પણ બોલાવવાનું બંધ કરાવ્યું. તેમની જગ્યાએ સર્વ વિધિઓ કાકાઓ કે સૈયદો જ કરવા લાગ્યા. તેમને બંદગી કે પ્રાર્થના માટે મંદિરો નહિ પણ ખાનાઓ બનાવ્યા. આમ ભોળા કચ્છી પાટીદારોને આ લોકોને પૂરા સતપંથી બનાવી દીધા.

આવા સંજોગોમાં કેટલાક વીરપુરુષો પેદા થયા. લાકડાના ધંધા માટે અને બાંધકામના ધંધા માટે જે લોકો મુંબઇ ગયા, તેમને ધંધામાં ફાવટ આવી. પણ મુંબઇમાં તેમને મુમના તરીકે અપમાન સહન કરવાનું થયું. આવા સંજોગોમાં સૌપ્રથમ ધર્મનું આત્મચિંતન કરનાર જેઓ કેશરા પરમેશરાના નામે ઓળખાય તે શ્રી કેશરા બાપા અને નારાયણ રામજી કોન્ટ્રાકટર તથા રતનજી ખેતાણી જેવા માણસોને તેઓ અને તેમનો કચ્છી સમાજ સનાતન હિન્દુ ધર્મ છોડી સતપંથના ખોટા રસ્તે છે, તેવો સ્પષ્ટ ખ્યાલ આવ્યો. તેમણે હિન્દુ ધર્મશાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. પરિણામે સતપંથ છોડવાનો પાકો નિર્ધાર કર્યો. મુંબઇના હિન્દુધર્મના વિદ્વાનોનો અભિપ્રાય લીધો. તેમના માર્ગદર્શન મુજબ સનાતન હિન્દુધર્મ ફરી અંગીકાર કરવા શુધ્ધિકરણ અને પ્રાયશ્ચિત કર્મ કરી સતપંથ છોડ્યો. સાથે સાથે સતપંથ પાળતી આખી કચ્છી પાટીદાર જ્ઞાતિને સાચા હિન્દુ સનાતન વૈદિક ધર્મમાં લાવવા પ્રયત્નો આદર્યા. તેમણે ખૂબ સંઘર્ષ કર્યો. તેમને આખી કચ્છી જ્ઞાતિએ જ્ઞાતિ બહાર મૂક્યા. તેમની સાથેનો તેમજ તેમના સગાવહાલાં સાથેનો સઘળો વ્યવહાર બંધ કરવામાં આવ્યો. આ લોકોમાંથી કેટલાક જ્ઞાતિના ડરથી સાથ છોડી ગયા. છતાં તેઓ હિંમત હાર્યા નહિ અને સમાજમાં જાગૃતિ લાવવા મુંબઇ, કચ્છ અને કરાંચીમાં પરિષદો ભરી જોરશોરથી સતપંથ છોડાવવા પ્રચાર કર્યો. ઘણા સંઘર્ષથી લોકો સતપંથ છોડવા લાગ્યા. આ ઝુંબેશમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો અને તેમના દ્વારા કચ્છના મહારાજનો પણ સાથ મળ્યો. સાથે સાથે શ્રી ઓધવરામજી મહારાજે પણ ખૂબ મદદ કરી. તેમણે શ્રી લક્ષ્મી નારાયણ ભગવાનનાં મંદિરો બનાવવાનું શરૂ કર્યું. પરિણામે સમાજ પરથી સતપંથની પકડ ઢીલી પડી.

આજે તો સતપંથમાંથી લગભગ ૭૦/૭૫ ટકા કચ્છી પાટીદાર મુકત થયા છે. આજની શિક્ષણ લેતી નવી પેઢી શાસ્ત્રોનો અભ્યાસ કરી સનાતન હિન્દુ ધર્મનો સાચો રસ્તો જાણી ચૂકી છે. શ્રી હિંમતભાઇ રતનજી ખેતાણી અને શ્રી રમેશભાઇ વાગડીયા જેવા કચ્છી પાટીદારો કચ્છી પાટીદાર સમાજને સતપંથમાંથી છોડાવવા માટે આજે ઝૂંબેશ ચલાવી રહ્યા છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા એ કડવા પાટીદારોની આસ્થાનું મુખ્ય કેન્દ્ર છે. સતપંથના અનુયાયીઓ માઁ ઉમિયાને ઇમામશાહના પત્ની ફાતિમા બીબીનો અવતાર માની પૂજી રહ્યા છે. એવું જાણવા મળ્યું છે તેઓ ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સતપથંને માન્યતા આપે તેમ ઇચ્છી રહ્યા છે. આમ તો હિન્દુધર્મના કોઇપણ મંદિર સનાતન હિન્દુધર્મની ધજા ફરકાવનાર સ્થાનો છે - એ વણલખ્યો સિધ્ધાંત ગણાય. આથી દરેક હિન્દુ ધર્મસ્થાનોની એ પણ ફરજ છે કે જે કોઇ ધર્મ કે સંપ્રદાય સનાતન હિન્દુ ધર્મ સાથે ચેડા કરે તેને કદી માન્ય રાખે જ નહિ. આથી શ્રી ઉમિયા

માતાજી સંસ્થાન ઊંઝા કે અન્ય માતાજીનાં મંદિરો કદી પણ સતપંથના જે કોઇ સનાતન હિન્દુ ધર્મથી ફંટાતા હોય કે અલગ પડતા હોય, તેવા કર્મકાંડોને કદી માન્ય કરે જ નહિ.

આથી સતપંથના અનુયાયીઓ અને પીરાણાના ગાદીપતિઓએ સનાતન વૈદીક હિન્દુ ધર્મનાં શાસ્ત્રોનો અભ્યાસ કરી ભૂતકાળમાં ભોળપણમાં ભૂલે ભટકે કરેલી ભૂલોને સુધારી લઇ સનાતન વૈદીકધર્મના સાચા માર્ગે વળી જવું જોઇએ. કારણ કે ઇમામશાહે સ્થાપેલ સતપંથ એ સનાતન હિન્દુધર્મનો ભાગ નથી જ.

આ સતપંથનો હવે પીરાણા ગાદીવાળા સનાતન સતપંથ તરીકે પ્રચાર કરવા લાગ્યા છે. સનાતન એટલે આદીથી ચાલી આવતું સત્ય. સતપંથને સનાતન વિશેષણ લગાવવું પણ યોગ્ય નથી. આ બાબતે 'વિકીપેડિયાના ફ્રી એન્સાયકલોપેડીયા'માં આપેલી 'સતપંથ'ની વ્યાખ્યા નીચે મુજબ છે.

Satpanth is a subgroup of Nizati Ismailism Inmaili Sufism formed by conversions from Hinduism 700 years ago by Pir Sadrudin (1290-1367) and 600 years ago in the 15th century by Pir Immam Shah (1430-1520) one of the authors of Ginans. There are villages in Gujarat which are totally 'Satpanth', such as Pirana Ahmedabad where Immam shah is buried.

અર્થ : સતપંથ એ નિઝારી ઇસ્માઇલીયા ઇસ્માઇલી સૂફી પંથનું એક પેટા ગ્રુપ છે કે જે ૭૦૦ વર્ષ પહેલાં પીર સદ્રુદ્દીન (૧૨૯૦ થી ૧૩૬૭) અને ૬૦૦ વર્ષ પહેલાં પંદરમી સદીમાં પીર ઇમામશાહ (૧૪૩૦ થી ૧૫૨૦) એ હિન્દુઓને વટાલવી ઊભું કરેલું છે. પીર ઇમામશાહ ગીનાન (સતપંથનાં શાસ્ત્રો)ના લેખકો પૈકીના એક છે. ગુજરાતમાં સંપૂર્ણપણે સતપંથને અપનાવનાર ઘણાં ગામો છે. આમાંનું એક પીરાણા ગામે કે જે અમદાવાદથી નજીક છે કે જ્યાં ઇમામશાહને જમીનમાં દફનાવવામાં આવ્યા છે.

અમદાવાદ ઝોન આરોગ્ય સમિતિ દ્વારા ત્રિ-દિવસીય આરોગ્ય ટ્રેનીંગ શિબિર યોજાશે

શિક્ષણ અંગે જાગૃત બનેલ સમાજ પાટીદાર સંદેશ તરફથી મળેલ તથા મળી રહેલ પ્રેરણા તથા શ્રી દેવજીભાઇ સાંખલાની સમગ્ર ટીમનું શિક્ષણ સમિતિને મળેલ નેતૃત્વ નવા જોમ સાથે દરેક ઘટક સમાજોમાં પ્રવૃત્તિઓથી ધમધમતું બનેલ છે. ''એજ્યુકેશન કાર્ડ''થી જાગૃત બનેલા કુટુંબીજનો અને વિદ્યાર્થીઓને સમયે સમયે શિક્ષણ સમિતિ તરફથી માર્ગદર્શન મળતું રહેશે તેવી કન્વીનરશ્રી દેવજીભાઇ સાંખલા ખાત્રી આપે છે.

આરોગ્ય સમિતિના કન્વીનર શ્રી ડૉ. વિઠ્ઠલભાઇ ભાવાણી તથા ડૉ. ચંદાબેન ભાવાણી તો જાણે કે અમદાવાદ ઝોનના દરેક સભ્યો તંદુરસ્ત રહે તેવા પ્રોગ્રામો આપવા જઇ રહ્યા છે. જાન્યુઆરી ૨૦૧૩ તા. ૬, ૭, ૮ને રવિ, સોમ, મંગળ આરોગ્ય ટ્રેનીંગ શિબિર કરવા જઇ રહ્યા છે. સમગ્ર ભારતમાંથી આ આયોજનનો લાભ લઇ શકાશે.

આરોગ્ય સમિતિના ત્રિ-દિવસીય આરોગ્ય ટ્રેનીંગ શિબિર (૧) So-Jok Theroph (૨) હાર્ટ થેરાપી (૩) લાફીંગ થેરાપી. ઉદ્ઘાટક શ્રીમતી મણીબેન કરસનદાસ ચૌધરી (સાપેક્ષ ગ્રુપ). શિબિર ચાર્જીસ રૂા. ૨૦૦૦/- તા. ૩૦-૧૦-૨૦૧૨ સુધી, રૂા. ૨૫૦૦/- તા. ૩૦-૧૧-૨૦૧૨ સુધી, રૂા. ૩૦૦૦/- તા. ૨૧-૧૨-૨૦૧૨ સુધી, રૂા. ૪૫૦૦/- તા. ૪-૧-૨૦૧૩ સુધીમાં સંપર્ક : ડૉ. વિઠ્ઠલભાઇ પ્રેમજીભાઇ- મો. ૯૮૨૪૦ ૧૧૦૩૬ તથા અમદાવાદ ઝોન દરેક ઘટક સમાજો આરોગ્ય સમિતિના નવતર પ્રયોગને સફળ બનાવવા સહયોગ માટે અપીલ કરવામાં આવે છે.

બાળ પાટીદાર વિભાગ

જ્ઞાન સાથે ગમ્મત આપતો વિભાગ

સંકલન કર્તા : કુ. મહિમા એમ. ભાવાણી-પાટણ



જાણવા જેવું...

આપણાં ફેફસા :

- આપણું જમણું ફેફસું ડાબા ફેફસા કરતાં વધારે હવા ગ્રહણ કરે છે. કારણ કે જમણું ફેફસું ડાબા ફેફસાં કરતાં થોડું મોટું હોય છે. અને ડાબુ ફેફસું એના કરતાં નાનું. તે નાનું એટલા માટે છે કે આપણું હૃદય તેની જગ્યા લઈ લે છે.

શ્રીનગરનો વિકાસ

- એવું માનવમાં આવે છે કે શ્રીનગર શરૂઆતમાં નાનકડો તાલુકો હતો, પણ સમ્રાટ અશોકની પુત્રી અહીં આવી ત્યારે તેને ડાલ સરોવરનું દૃશ્ય અત્યંત ગમી ગયું હતું. તેથી અહીં સમ્રાટ અશોકે આ શહેર વસાવ્યું હતું. કહેવાય છે કે છઠ્ઠી સદીમાં તેનો સૌથી વધુ વિકાસ થયો હતો.

વિદ્યુત શક્તિનું ઉત્પાદન :

- સામાન્ય રીતે વિદ્યુત શકિત કે વીજ શકિત ઉત્પન્ન કરવા માટે થર્મલ પાવર સ્ટેશન કે હાઇડ્રો પાવર સ્ટેશનોનો ઉપયોગ કરીએ છીએ. કોલસા તેલ જેવાં ઇંધણ વાપરી ભારે દબાણ અને ઊંચા તાપમાને ઉષ્મા ઉત્પન્ન કરી વીજ શક્તિ મેળવીએ છીએ. હાઇડ્રો પાવર સ્ટેશનોમાં જોરથી વહેતા પાણીની શક્તિનો ઉપયોગ કરીને વીજશક્તિ મેળવીએ છીએ. પાણીના વહેણને નિયંત્રિત કરી સુરક્ષિત વીજ મથકમાં વોટર ટર્બાઇન દ્વારા વિદ્યુત ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે છે.

ગ્રીસની બાવન શિખરવાળી માઉન્ટ ઓલિમ્પસ :

- ગ્રીસમાં આવેલો માઉન્ટ ઓલિમ્પસ પર્વત તેની સૌથી વધુ સજીવ સૃષ્ટિ અને વનસ્પતિ માટે વિશ્વભરમાં જાણીતો છે. માઉન્ટ ઓલિમ્પસને પર (બાવન) શિખર છે. સૌથી ઊંચું શિખર ૨૯૧૭ મીટર ઉંચું છે. યુરોપનો એ સૌથી ઊંચો પર્વત છે.

બૂલેટપ્રૂફ કાપડ – કેવલર :

- સલામતી માટે પોલિસ અધિકારીઓ બૂલેટપ્રુફ જેકેટો પહેરે છે. આ વાત જાણીતી છે. આ બુલેટપ્રુફ જેકેટ કેવલર નામના કાપડ જેવા પદાર્થનું બનેલું હોય છે. જો કે તે સંપૂર્ણ બુલેટપ્રુફ હોતું નથી. પરંતુ તેની જાળી બુલેટને પસાર થવા દેતી નથી. બુલેટનું કદ કેલિબરમાં ગણાય છે. ઇંચનો ૧૦૦મો ભાગ એટલે કે એક કેલિબર. ૩૮ કેલિબરની ગોળી એટલે કે લગભગ ઇંચના ત્રીજા ભાગના વ્યાસની ગોળી.

તારા ગુચ્છ :

- અંગ્રેજીમાં 'કલસ્ટર' નાખે ઓળખાતા તારાગુચ્છ નિશ્ચિત નાની જગ્યામાં સાથે વસતા, તારાઓનું જૂથ છે.
- તે પરસ્પર ગુરુત્વબળથી બંધાયેલા હોય છે. તેના મુખ્ય બે પ્રકાર વિકીર્ણ અને સઘન છે.
- વિકીર્ણમાં કોડીબંધ તારા વેરવિખેર પથરાયેલા હોય છે. જ્યારે સઘનનાં કેન્દ્રમાં હજારો કે લાખો તારા જોવા મળે છે.

- અત્યાર સુધી સેંકડો તારાગુચ્છો કૃતિમાં સૌથી મોટું જૂથ છે તે વિકીર્ણ પ્રકારનું છે. તેની વય ૨૪ લાખ વર્ષ છે.
- સૌથી નાનું ધનુમાં આવેલું નનાસૂ તારાગુચ્છ ૩.૨૬ પ્રકાશ વર્ષ છે.
- વાસ્તવિક કદમાં યયાતિ સૌથી મોટું ૫૫ પ્રકાશ વર્ષ વ્યાસનું છે. તેમાં સૌથી વધારે ૩૦૦ તારા છે.
- ૨૦૦ તારાવાળું રોહિણી ગુચ્છ સૌથી નિકટનું ૧૩૦ પ્રકાશ વર્ષ છે.
- તેમજ શર્મિષ્ઠાનું નસાસૂ ૫૮૧ ગુચ્છ સૌથી દૂર આવેલું છે. તેમાં ૩૦ તારા છે.

નોલેજ બેંક

- દર બે અઠવાડિયે સમુદ્રમાં ભૂકંપનો મોટો આંચકો આવે છે.
- મચ્છરને જડબું નથી હોતું છતાં પણ તે પોતાના પગનો ઉપયોગ શિકાર કરવા માટે અને લોહી ચૂંસવા કરે છે.
- પ્રોબોસિસ નામનો વાંદરો ઝાડ ઉપર અને પાણીમાં રહેનારો કુશળ તરવૈયો છે. મોટા ભાગે પ્રોબેસિસ ઈન્ડોનેશિયામાં જોવા મળે છે. અને ત્યાં તે 'બેક્કટન' નામે જાણીતો છે.
- મનુષ્યના શરીરમાં ૬૫૦ કરતાં પણ વધારે સ્નાયુ હોય છે.
- આપણા શરીરના સ્નાયુ રેસા (તંતુ) માંથી બને છે કસરત કરવાથી સ્નાયુ મજબૂત બને છે. આપણું હૃદય પણ એક મોટો સ્નાયુ છે.
- મનુષ્યની આંખ માત્ર એક મિનિટમાં ૧૦ થી ૨૦ વખત પલકારા મારે છે.
- આખા વિશ્વમાં લગભગ ૨,૪૦,૦૦૦ પ્રકારના ફૂલના છોડ જોવા મળે છે.
- ટામેટાના લગભગ ૧૦,૦૦૦ કરતાં પણ વધુ પ્રકાર હોય છે.
- આબંલીના અલગ અલગ દેશમાં અલગ અલગ નામ હોય છે જેમકે તામિલ અને મલયાલમમાં 'પૂલી', તેલૂગુમાં 'ચિંતા', મરાઠીમાં 'અમલી', અંગ્રેજીમાં 'ટેમરિંડ', ઇન્ડિયન ડેટ તરીકે ઓળખાય છે.
- જ્યારે કોઇ પક્ષી પીકોક નામના પતંગિયાનો શિકાર કરેછે ત્યારે તે પોતાની બે મોટી આંખ જેવા ગોળ ટપકાં દેખાડીને પક્ષીઓને ડરાવે છે.
- શરીર પર ભૂરી રીંગવાળા ઓક્ટોપસ ઝેરી હોય છે.
- કટલ ફીશ નોમની માછલીને ત્રણ હૃદય હોય છે.
- વિશ્વના બધા જ દરિયાઇ પ્રાણીઓમાં બ્લૂ વ્હેલનો અવાજ સૌથી મોટો હોય છે.

ઉખાણા...

(૧) જળ થકી એ નીપજે, જળ અડે જીવ જાય, ખાય આખી દુનિયા એને, પણ બીજ ન રાખે કોઇ.

(૨) ફાઇલોની કોપી કરે, વિના પેન-કાગળ, ઢગલો માહિતી સંઘરે, જાણે મોટું મગજ.

(૩) કાણો સિક્કો આપતાં, નોટોના બંડલ મળે, સમજીને બટન દબાવતાં રૂપિયાનો વરસાદ પડે.

(૪) છેલછબીલો સચોઇઓ, બાફવામાં છે ઉસ્તાદ ગરમ થાય, સીટી મારે, તોયે સ્ત્રીઓને ગમે.

(૫) જટાળો પણ જોગી નહિ, ત્રિનેત્રી પણ નહીં શિવ, છલોછલ જળથી ભર્યો, નહિ સાગર નહીં કૂપ.

(૬) ઊંડા મહેલમાં લાલ રાણી, બત્રીસ એના સંત્રી, વાંક બોલી નાસી જાય, મારખાય સંત્રી.

(૭) મા ગોરી રૂપકડી, ને બચ્ચાં કાળાં મેશ, મા મરે, બચ્ચાં જો ભળે, દૂધ-ચામાં સુગંધ પ્રસરે.

(૮) રાતા રાતા રતનજી, ઉપર લીલાં પાન, મૂળાના તો સગાભાઇ, બોલો એનું નામ?


(૯) પડી પડી પણ ભાંગી નહીં, કટકા થયા બેચાર, વગર પાંખે ઊડી ગઇ, ચતુર કરો વિચાર.

(૧૦) થાળ મોતીનો વિશાળ ભર્યો, ચક્કર ચક્કર ફર્યા કરે, વાત અજબની એવી બને, મોતી એમાંથી એક ન પડે.

(૧૧) ભરે ફાળ પણ મૃગ નહીં, નહીં સસલો નહી શ્વાન, મોં ઊંચું પણ મોર નહીં, સમજો ચતુર સુજાણ.

જવાબ : (૧) મીઠું (૨) કમ્પ્યૂટર (૩) બેન્ક (૪) કૂકર (૫) નાળિયેર (૬) જીભ (૭) ઈલાયચી (૮) ગાજર (૯) રાત (૧૦) તારા ભર્યું આકાશ. (૧૧) દેડકો.

આંગણાનું ફૂલ...






અર્ચના

(જન્મ તા. ૩/૧૦/૨૦૧૨) (કચ્છમાં માતાના મઢ)
માતા-પિતા : નિકીતાબેન રીતેષભાઈ ભાદાણી
દાદા-દાદી : પ્રેમિલાબેન ભવનભાઈ ભાદાણી
કાકા : પરેશ
નાના-નાની : હેમલતાબેન કેશવલાલ ગોગારી-નડીઆદ
માસી : મિતલ / મામા : મયુર
ફર્મ : મહાલક્ષ્મી સો મીલ, સાવલી, વડોદરા.

જન્મદિવસ કેવી રીતે ઉજવશો...?



તમસો મા જ્યોતિર્ગમય।

'હે પ્રભુ! મને અંધકારથી બચાવી પરમ પ્રકાશ તરફ લઈ જા.' સનાતન સંસ્કૃતિના આ દિવ્ય સંદેશને જીવનમાં અપનાવી જીવનને પ્રકાશમય અર્થાત્ જ્ઞાનમય બનાવવાનો સુઅવસર છે જન્મદિવસ.

આપણે પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત થઈને પ્રકાશ, આનંદ અને જ્ઞાન તરફ લઈ જનારી આપણી સનાતન સંસ્કૃતિનો અનાદર કરી જન્મદિવસ અંધકાર અને અજ્ઞાનની છાયામાં ઉજવતા હોઈએ છીએ. કેક પર મીણબત્તીઓ સળગાવી એમને ફૂંક મારીને ઓલવીએ છીએ, પ્રકાશને બદલે અંધકાર કરીએ છીએ.

આ શરીર કે જેનો જન્મદિવસ ઉજવવાનો છે એ પંચભૂતોથી બનેલું છે. એના અનેક રંગો છે. પૃથ્વીનો પીળો, જળનો સફેદ, અગ્નિનો લાલ, વાયુનો લીલો અને આકાશનો ભૂરો છે.

થોડા ચોખાને હળદર, કંકુ વગેરે ઉપરોક્ત પાંચ રંગના દ્રવ્યોથી રંગી લેવા. પછી એનાથી સ્વસ્તિક બનાવવો અને જેટલાં વર્ષ પૂરાં થયાં હોય - ધારો કે ૧૧, તો એટલા નાના દીવા સ્વસ્તિક પર ગોઠવી દેવા અને ૧૨મા વર્ષની શરૂઆતના પ્રતિક રૂપે એક મોટો દીવો સ્વસ્તિકની વચ્ચે મૂકવો.

પછી ઘરના સભ્યો દ્વારા બધા દીવા પ્રગટાવવા તથા મોટો દીવો કુટુંબની શ્રેષ્ઠ, ઉચ્ચ સમજણવાળી, ભક્તિભાવવાળી વ્યક્તિ પાસે પ્રજ્વલિત કરાવવો. ત્યારબાદ જેનો જન્મદિવસ હોય એને બધા હાજર રહેલા લોકોએ શુભકામનાઓ પાઠવવી. પછી આરતી અને પ્રાર્થના કરવી.

હે પુણ્યશાળી વાલીઓ...

તમારા લાડલાઓનો જન્મદિવસ ભારતીય સંસ્કૃતિ અનુસાર જ ઉજવો કે જેથી એ નિર્દોષો પાશ્ચાત્ય સંસ્કૃતિના ગુલામ બનવાને બદલે ભારતના સન્માનનીય નાગરિક બની શકે.

ધ્યાન આપો : જન્મદિવસના અવસર પર મિજબાનીનું આયોજન કરી વ્યર્થમાં પૈસા ઉડાવવાનું કેટલું યોગ્ય છે? એનાથી દેશના આ ભાવિ કર્ણધારો કઈ શીખ લેશે? તમે આજથી જ જન્મદિવસ ભારતીય સંસ્કૃતિ અનુસાર જ ઉજવવાનો દૃઢ નિશ્ચય કરી લો. એ દિવસે બાળકોના હાથે ગરીબ વસ્તીઓ, અનાથાલયોમાં ભોજન, વસ્ત્ર વગેરેનું વિતરણ કરાવી પોતાના ધનને સત્કર્મમાં વાપરવાના સુસંસ્કારનું બાળકોમાં બીજારોપણ કરો. લોકો પાસેથી ભેટની વસ્તુઓને લેવાને બદલે પોતાના બાળકોને દાન કરવાની શીખવો કે જેથી એમનામાં લેવાની નહિ પરંતુ આપવાની સુવૃત્તિ કેળવાય. બાળકોમાં ભગવદ્ભક્તિ અને દેશભક્તિ વિકસાવવા માટે એમને બાળભક્તોની કથા-વાર્તાઓ કહેવી, એમની પાસે શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરાવવો, વડીલોને પ્રણામ કરાવીને એમના આશીર્વાદ અપાવવા. બાળકો પાસે પર્યાવરણ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરાવનારાં વૃક્ષારોપણ જેવાં તથા સમાજહિતનાં કાર્યો કરાવવાં.

બાળકે એ દિવસે પોતાના ગત વર્ષનો હિસાબ કરવો કે એણે વર્ષ દરમિયાન ક્યાં ક્યાં સારાં અને ખરાબ કાર્યો કર્યાં? જે સારાં કાર્યો થયા હોય એમને ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દેવાં અને જે

ખરાબ કાર્ય થયું હોય એનું ફરી પુનરાવર્તન ન થાય એવો તથા સન્માર્થ પર જ ચાવાનો સંકલ્પ કરવો.

જન્મદિવસે બાળક પાસે કોઇ શુભ સંકલ્પ કરાવવો. જેમ કે, ''આજની સ્વસ્તિક પર નિયમિતરૂપે ત્રાટક કરીશ.'' વગેરે. બાળક પાસે એ સંકલ્પ પણ કરાવવો કે 'આ નૂતન વર્ષે હું સદ્‌ગુણ-સદાચારનું પાલન પૂર્ણ તત્પરતાથી કરીશ. માતા-પિતા અને દેશનું ગૌરવ વધારીશ.'

આ પ્રમાણે બાળકો એવાં મહેકતાં ફૂલ જેવાં બની શકશે કે નિષ્કામ કર્મની મહેકથી પોતાનાં ઘર, પડોશ, શહેર, રાજય અને દેશ જ નહિ પરંતુ સમગ્ર વિશ્વને મહેકાવી શકે છે.

પરીક્ષામાં સફળ થવા માટે...

પરીક્ષામાં સફળ થવા માટે બાળકોએ નીચે આપેલ કેટલાક પ્રયોગનું અવલંબન લેવું :



- વિદ્યાર્થીએ અદયયનની સાથે સાથે જપ, દયાન, આસન અને પ્રાણાયામનો નિયમિત અભ્યાસ કરવો જોઇએ. એનાથી એકાગ્રતા તથા બુદ્ધિશક્તિ વધે છે.
- સૂર્યને અર્દ્ય આપવું, તુલસી-સેવન, ભ્રામરિક પ્રાણાયામ, બુદ્ધિશક્તિ અને મેધાશક્તિ વર્ધક પ્રયોગો તથા સારસ્વત્ય મંત્રના જપ જેવા બુદ્ધિશક્તિ અને સ્મરણશક્તિ વધારવાના પ્રયોગોનો નિયમિત અભ્યાસ કરવો.
- પ્રસન્ન ચિત્તે વાંચવું, તણાવગ્રસ્ત થઇને નહિ.
- સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ૫-૭ મિનિટ દયાન કર્યા પછી વાંચવાથી વાંચેલું જલદી યાદ રહી જાય છે.
- મોડી રાત સુધી તથા ચા પીને વાંચવાથી બુદ્ધિશક્તિનો ક્ષય થાય છે.
- ટી.વી. જોવામાં, ગપ્પાં હાંકવામાં સમય ન વેડફવો.
- પ્રશ્નપત્ર મળે એ પહેલાં પોતાના ઇષ્ટદેવ કે ગુરુદેવને પ્રાર્થના કરવી.
- સર્વપ્રથમ આખા પ્રશ્નપત્રને એકાગ્ર ચિત્તે વાંચી જવું.
- સરળ પ્રશ્નોના ઉત્તર પહેલાં લખવા.
- ઉત્તર સુંદર અને સ્પષ્ટ અક્ષરોમાં લખવા.
- મુખ્ય વાત એ છે કોઇ પણ કિંમતે ધૈર્ય ન ગુમાવવું. નિર્ભય રહી દૃઢ પુરુષાર્થ કરવો.

આ વાતો સમજી એમના પર અમલ કરવામાં આવે તો ફક્ત લૌકિક શિક્ષણમાં જ નહિ, જીવનની દરેક પરીક્ષામાં વિદ્યાર્થી સફળ થઇ શકે છે.

આંતરડાં અને દાંતના દુશ્મન

ફાસ્ટફૂડ : બ્રેડ, પીઝા, બર્ગર, બિસ્કીટ વગેરે ખાદ્ય પદાર્થોમાં મેંદો, યીસ્ટ વગેરે હોય છે. આથી એ આંતરડાંઓમાં જામી જાય છે અને એનાથી કબજિયાત, અપચો, ગેસ, દુર્બળ પાચનતંત્ર, સ્થૂળતા, હૃદયરોગ, ડાયાબિટીસ, આંતરડાંના રોગો વગેરે થાય છે.

આઇસ્ક્રીમ : આમાં પેપરોનિલ (ઇયળો મારવાની દવા), ઇથાઇલ એસિટેટ (કીડની, ફેફસાં અને હૃદય માટે હાનિકારક) જેવાં ઘાતક રસાયણો જોવા મળે છે. કેટલાંય બજારું આઇસક્રીમમાં ૬% સુધી પશુઓની ચરબી હોય છે.

ચોકલેટ : આમાં ફિનાઇલ અને ઇથાઇલ એમીન, જાનથીક, થાયબ્રોમીન વગેરે રસાયણો જોવા મળે છે. એનાથી દાંડ સડવા, ડાયાબિટીસ, કેન્સર જેવા ભયંકર રોગો થઇ શકે છે.

હેપ્પી બર્થ ડે...





પરમ (શિવ) તા. ૧૯/૧૨/૨૦૧૧ **પુન્ય (શંભુ)**

માતા-પિતા : જયશ્રી રાજેશભાઇ સાંખલા
દાદા-દાદી : પ્રેમીલાબેન અરજણભાઇ સાંખલા
પડદાદા : શિવગણભાઇ વાલજી સાંખલા
મોટા પપ્પા : ઉર્મિલાબેન પ્રકાશભાઇ સાંખલા
કાકા-કાકી : નેહાબેન અશોકભાઇ સાંખલા
બહેનો : નીકી - પ્રાચી - શગૂન
નાના-નાની : ઝવેરબેન કાન્તીભાઇ પારસીયા
મામા-મામી : હિરલબેન ભાવેશભાઇ પારસીયા

-:: ફર્મ ::-

ભવાની ટીમ્બર માર્ટ

જી.આઈ.ડી.સી., ફેસ-૨, કમળા. તા. જિ. નડીઆદ

મો. ૯૯૨૫૧ ૬૬૨૭૭

શું કરવું, શું ન કરવું?

આચરણ-વિચાર, ખાન-પાન, પોશાક વગેરેનો આપણાં મન-મગજ પર એટલો પ્રભાવ પડે છે કે એનાથી આપણી વિચારધારામાં ઘણું પરિવર્તન આવી જાય છે. સાથે જ આપણાં તન-મન પર પણ ઘણો ઊંડો પ્રભાવ પડે છે. આથી સુખી-સ્વસ્થ તથા સન્માનિત જીવન માટે આપણે સંતોએ જણાવેલ અને શાસ્ત્રો તથા સંસ્કૃતિએ દર્શાવેલા નિયમોનું પાલન કરવું જોઇએ.




તેજસ્વી તારલા

એમ.બી.એ. ફાઇનલ



હરણી-વડોદરા વાળા અરવિંદભાઇ વસ્તાભાઇ નાથાણીના પુત્ર બિષિતે જૂન-૨૦૧૨માં એમ.બી.એ. ફાઇનલ ૮૭.૧૦% સાથે પાસ કરેલ તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

બી.એમ.એસ. (સેમ.-૬)



શહાડ (કલ્યાણ-મુંબઇ)ના પ્રભુદાસ મનજી રંગાણીની સુપુત્રી ચિ. યશોદાએ એપ્રિલ-૨૦૧૨માં લેવાયેલ બેચલર ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ ડીગ્રી (સેમેસ્ટર-૬)ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરેલ છે. ખૂબ ખૂબ અભિનંદન...

જાણવા જેવું...

૧... અલખ
૨... ચાંદ-સુરજ
૩... ત્રિદેવ
૪... જુગ
૫... પાંડવ
૬... કિશ્ન
૭... સતેરા (સપ્તઋષિ)
૮... અઠવાડીયા
૯... ખંડ (નામ)
૧૦... અવતાર
૧૧... એકાદશી
૧૨... મેઘ (મેઘધનુષ)
૧૩... તીલક
૧૪... રતન
૧૫... પખવાડીયું
૧૬... શુરવીર
૧૭... સાથર
૧૮... અંતરયામી
૧૯... હું (નરજાતી)
૨૦... તું (નારી જાતી)

અંક ગણિત

એકમ - દશક - સો - હજાર - દસ હજાર
લાખ - દસ લાખ - કરોડ - દસ કરોડ
અબજ - દસ અબજ - ખર્વ - નિર્ખવ
મહાયદમ - શંકુ - જલદી - અન્ત - મદય
પરાર્થ - શંખ - દસ શંખ - રતન - દસ રતન
ખંડ - દસ ખંડ - સુઘર - દસ સુઘર
મંન - દસ મંન - વજી - દસ વજી
રોક - દસ રોક - અસંખ્ય - દસ અસંખ્ય
નીલ - દસ નીલ - પારમ - દસ પારમ
કંગા - દસ કંગા - ખીર - દસ ખીર
પરબ - દસ પરબ - બલમ - દસ બલમ

ન્યુ બેબીઝની એબીસીડી

આજના ટેણિયાઓને 'ક' કળમનો ક એમ શીખવાડો તો એ પૂછશે કે કમળ કેવું હોય? ખડીયાના 'ખ' વાળો ખડિયો ક્યાંથી લાવવો? એ જ રીતે 'એ ફોર એપલ' કહો તો નવી જનરેશનનું બાળક સમજશે : એપલ કોમ્પ્યુટર! ટૂંકમાં હવે જરૂર છે નવી ટેણિયા જનરેશન માટે નવી એબીસીડીની...

A = એટીએમ	J = જાવા	S = સર્વર
B = બ્લુટુથ	K = કી-બોર્ડ	T = ટચ-સ્ક્રીન
C = ચેટિંગ	L = લેપ-ટોપ	U = યુએસબી
D = ડાઉનલોડ	M = મેસેજ	V = વાયરસ
E = ઇ-મેઇલ	N = નિરો	W = વાઇ-ફાઇ
F = ફેસબુક	O = ઓરકુટ	X = એક્સ-પી
G = ગુગલ	P = પિકસલ	Y = યુટ્યુબ
H = એચટીએમએલ	Q = ક્વોન્ટમ્	Z = ઝપાક!
I = આઇ-પોડ	R = રેમ	




વહેલા ઉઠવાના ફાયદા

"રાત્રે વહેલા જે સૂઇ, વહેલા ઊઠે વીર,
બળ, બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર"

આ કાવ્યપંક્તિ જ બતાવે છે કે વહેલા ઊઠવાથી શું ફાયદા થાય છે

- અંગ્રેજીમાં 'અર્લી ટુ બેડ, અર્લી ટુ રાઇઝ' સૂત્ર છે. સારી તંદુરસ્તી માટે આ સૂત્રને અનુસરવું જરૂરી છે.
- સવારે વહેલા ઉઠવાથી મન, શરીર અને આત્મા સરસ રીતે કાર્ય કરે છે અને તેમનાં કાર્યમાં વધારો થાય છે.
- વહેલા ઉઠવાથી કાર્યના કલાકોમાં વધારો થાય છે. હંમેશાં સૂર્યોદય પહેલાં તો ઉઠી જવું જોઇએ. જેથી લોહીનું ભ્રમણ (બ્લડ સર્ક્યુલેશન) પણ સારું થાય. હકારાત્મક વિચારો આવે છે. જે આપણા દરેક કામમાં મદદરૂપ થાય છે.
- સવારે વહેલા ઊઠવાથી યાદશક્તિ તેજ બને છે અને આંખોની રોશની પણ વધે છે.
- વહેલા ઉઠવાથી દિવસભર કરવાના કામોના પ્લીનીંગ માટે સમય કાઢી શકાય છે.

ગાયની વૈજ્ઞાનિક મહત્તા અને ફાયદા



(૧) એક મહાન રશિયન વૈજ્ઞાનિક શિવોરિચ અનુસાર ગાયના દૂધમાં 'આણ્વિક વિકિરણો'ને રોકવાની ક્ષમતા છે.

(૨) ગાયના છાણથી લીંપેલા ઘર (હાનિકારક) વિકિરણોને પ્રતિરોધ કરે છે.

(૩) સૂર્યનાં ગૌકિરણોને ઝીલવાની ક્ષમતા ફક્ત ગાયમાં જ છે. આથી ગાયના દૂધમાં સુવર્ણક્ષાર જોવા મળે છે.

(૪) ગાયના ચાલવાના અવાજથી આપોઆપ ઘણી બધી માનસિક વિકૃતિઓ તથા રોગો દૂર થઇ જાય છે.

(૫) મદ્રાસના પ્રસિદ્ધ ડૉ. કિંગ અનુસાર ગાયના છાણમાં કોલેરાના જીવાણુંઓને નાશ કરવાની શક્તિ છે.

(૬) ક્ષયરોગના રોગીને જ્યારે ગૌશાળામાં રાખીએ છીએ ત્યારે એનો ગાયના છાણ અને ગૌમૂત્રની સુગંધથી ઇલાજ થાય છે.

(૭) એ સિદ્ધ થઇ ચૂક્યું છે કે ગૌમૂત્રમાં તાંબું હોય છે કે જે મનુષ્ય શરીરમાં જતાં જ સોનામાં પરિણમે છે કે જેમાં રોગપ્રતિકારક ક્ષમતા છે.

(૮) ગાયને પૃથ્વીનો સૌથી મોટો વૈદ્યરાજ (ચિકિત્સક) મનાય છે.

ગૌમાંસનાં ભીષણ દુષ્પરિણામો

(૧) ગૌમાંસ એક ઘાતક વિષાણુ COLI-0157-H-7ને શરણ આપે છે, જેનાથી ભોજન પૂર્ણપણે વિષાક્ત થઇ જાય છે.

(૨) ગૌમાંસમાં ડાયોક્સિન (Dioxin) નામનું ઝેરી ઓર્ગેનિક (Organic) રસાયણ પૂરતા પ્રમાણમાં હોય છે, જેનાથી કેન્સર, એન્ડોમીટિરિયોસિસ (Endometrisis), અક્ષમતા (Deficit) સતત થાક, નાડી રોગ, રક્તવિકાર, રોગપ્રતિરોધક ક્ષમતાનો હ્રાસ વગેરે અનેક રોગોનો જન્મ થાય છે.

(૩) ગૌમાંસ અને મજ્જા ખાવાથી B.S.E., C.J.D. જેવા ઘાતક અને ભયાનક જીવલેણ રોગો પેદા થાય છે. B.S.E., C.J.D. નો કોઇ ઉપચાર નથી અને એ AIDS ની જેમ ઘાતક છે. B.S.E. મગજનો અને C.J.D. જેવો રોગ પરિવારના વંશાનુગતરૂપે એક પેઢીથી બીજી પેઢીમાં સંચાલિત થઇ જાય છે. આમ ગૌમાંસ ખાવાથી એ વંશ જ સમાપ્ત થઇ જાય છે.

(૪) ગૌમાંસ ખાવાથી માનવ શરીરમાં પ્રોસ્ટેગલેંડીન નામનો હોર્મોન ઉત્પન્ન થાય છે. જે હૃદય રોગ અને લકવા જેવા જીવલેણ રોગોને જન્મ આપે છે.


(૫) ગૌમાંસમાં લાંબી કાર્બન શ્રૃંખલાવાળા પ્રોટીન રહે છે એનાથી ખાનારા વાત રોગ અને સાંધાના દુખાવાના શિકાર થઇ જાય છે.

(૬) યુનાની ચિકિત્સા સંશોધનથી જણાય છે કે ગાયનું માંસ ખાવાથી ગાંડપણ, સંધિવા, કોઢ જેવી બિમારીઓ થઇ શકે છે.

(૭) હૃદયરોગ નિષ્ણાતો સલાહ આપે છે કે ગાય જેવા પશુઓના માંસ અચાનક હૃદયની ગતિ રોકવામાં અગત્યની ભૂમિકા નિભાવે છે.

આથી માંસ ભક્ષકોએ ગૌ માંસ ખાવાથી બચવું જોઇએ.

હાર્દિક અભિનંદન...



શ્રી માવજીભાઈ દિવાણી

આપ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવાસંઘના પ્રમુખ પદે ચૂંટાયા છો તે બદલ અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આપ આપના કાર્યોની સુવાસ દ્વારા યુવાસંઘને સર્વોચ્ચ સ્થાને લઈ જશો એજ માઁ ઉમિયા પાસે અભ્યર્થના સહ...

:: શુભેચ્છક ::

શ્રી જીંજાય કચ્છ કડવા પાટીદાર સમાજ

પ્રમુખ	વિશ્રામ ખેતા લીંબાણી
ઉપપ્રમુખ	મનુભાઈ વાલજીભાઈ રૂડાણી
ઉપપ્રમુખ	મનજી દેવશી ભાવાણી
મંત્રી	હર્ષદભાઈ મગનભાઈ દિવાણી
સહમંત્રી	મણીલાલ સોમજી દિવાણી
સહમંત્રી	જયંતીભાઈ મેઘજી જબુઆણી
ખજાનચી	હિરાલાલ અબજી દિવાણી

શ્રી જીંજાય કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ

પ્રમુખ	માવજી ડાહ્યાભાઈ દિવાણી-નાસિક
ઉપપ્રમુખ	લાલજીભાઈ અખાઈ ભાવાણી-રામનગર
ઉપપ્રમુખ	રાજેશ મેઘજી દિવાણી-જીંજાય
મંત્રી	પરેશ રમણીક ધોળુ-મુંબઈ
સહમંત્રી	મોહન મનવજી લીંબાણી-દયાનગીરી
સહમંત્રી	કિરીટ નરશી ધોળુ-જીંજાય
ખજાનચી	મનસુખ અબજી દિવાણી-જીંજાય
સહખજાનચી	જીતેન્દ્ર લખમશી પોકાર-કઠલાલ

☺ ☺ ☺ મરક-મરક (હસે તેનું ઘર વસે) ☺ ☺ ☺

એક માણસ : હવલદાર સાહેબ બસમાં મારું ખિસ્સું કપાઇ ગયું.

હવલદાર : તો મારી પાસે શું કામ આવ્યો છે? દરજી પાસે જા.

☺

શિક્ષક : મોન્ટુ, યુદ્ધ કરવું એ સારું કે ખરાબ કહેવાય?

મોન્ટુ : સર, યુદ્ધ તો ના જ કરવું જોઇએ. કારણ કે યુદ્ધ કરવાથી ઇતિહાસ રચા અને પછી અમારે પરીક્ષામાં યાદ રાખવું પડે.

☺

પપ્પા : પપ્પુ બેટા, આજનું છાપુ તો આપ મને.

પપ્પુ : પપ્પા, હું કાલનો શોધી રહ્યો છું, પણ મળતું જ નથી.

☺

ટીચર : સ્વર અને વ્યંજનમાં શું ભેદ છે?

શ્યામ : સર, સ્વર મોઢામાંથી બહાર નીકળી જાય, જ્યારે વ્યંજન એક વાર મોઢામાં જાય પછી બહાર ના આવે.

☺

એક પંડિતજી હવન કરવા બેઠા હતા. તેમણે બાળકોને લાડુ આપ્યા અને કહ્યું, 'ચાલો હવે આ લાડુ હવન કુંડમાં નાખો અને બોલો, 'સ્વાહા'
બાળકોએ લાડુ મોઢામાં મૂકીને કહ્યું, 'આહા!'

☺

રોકિ : રાહુલ, તારા પપ્પા તો બહુ મોટા લેખક છે નહીં? તને એમની કઇ બુક સૌથી વધુ ગમે છે?

રાહુલ : મને તો પપ્પાની ચેકબુક સૌથી વધારે ગમે છે.

ભિખારી : પાંચ રૂપિયા આપો ભાઇ.

શેઠ : આટલો તંદુરસ્ત દેખાય છે તો કંઇ કામ કરતો હોય તો?

ભિખારી : શેઠ સાહેબ મેં પાંચ રૂપિયા માગ્યા છે, તમારી સલાહ નથી માંગી.

☺

પપ્પા : સોનુ બેટા, જો તો દરવાજો કોણ ખટખટાવે છે?

સોનું એ દરવાજો ખોલ્યો, સામે લાંબી મૂછવાળો એક ભાઇ ઊભો હતો.

સોનું : પપ્પા, કોઇ લાંબી મૂંછવાળા ભાઇ છે.

પપ્પા : બેટા, એમને કહી દે, અમારે મૂંછ નથી જોઇતી.

☺

શિક્ષક : મેં ચોરી કરી એનો ભવિષ્કાળ શું થાય?

મોન્ટુ : સાહેબ, તમે જેલમાં જશો, એ ભવિષ્યકાળ થાય.

☺

ચીંકી દોડતી આવીને મમ્મીને કહેવા લાગી 'મમ્મી, મમ્મી હું પણ કામ કરીશ.'

મમ્મી : બેટા, તું હજુ ચોથા ધોરણમાં છે તું વળી શું કામ કરીશ?

ચીંકી : મમ્મી, હું ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને ભણાવીશ.

☺

પીન્ટુ : પપ્પા, રાવણ કોણ હતો?

પપ્પા : અરે, બુધ્ધુ. તને એટલી પણ નથી ખબર? જા મહાભારતનો ગ્રંથ લઇ આવ. તને રાવણ વિશે કહું.

☺

ન્યાયાધીશ : તું હંમેશા ડૉ. ભટ્ટના ઘેરથી જ કેમ પકડાય છે?

ચોર : સાહેબ, હું એમનો ફેમિલી ચોર છું.

એક શિક્ષકે વર્ગમાં આવીને વિદ્યાર્થીઓને સવાલ કર્યો 'વિદ્યાર્થીઓ તમે મને શું કહેશો?'

વિદ્યાર્થીઓ : પપ્પુ.

શિક્ષક : 'ખોટું, મને સર કહી બોલાવવો.'

વિદ્યાર્થીઓ : ઠીક છે સર પપ્પુ.

☺ ☾

શિક્ષક : જે મૂરખ હોય તે ઊભો થાય.

થોડીવાર પછી કલાસમાંથી આયુષ ઊભો થયો.

શિક્ષક : તું તારી જાતને મૂરખ ગણે છે.

આયુષ : ના સર, પણ કલાસમાં તમે એકલા જ ઊભા હતા ને!

☺ ☾

દર્દી : ડૉ. સાહેબ, મારા મગજના એક્સ-રેમાં કંઇ મળ્યું?

ડૉક્ટર : ના જી, બધું જ ખાલી છે!

☺ ☾

કપિલ : સર, મેં કંઇ કર્યું ન હોય તો પછી સજા મળે?

શિક્ષક : ના, પણ તું કેમ પૂછે છે?

કપિલ : એ તો જો હોમવર્ક કર્યું નથી ને એટલે.

☺ ☾

એક ચકલી એક ટાલિયા માણસની ટાલ પર બેસી

બીજી ચકલી : અરે વાહ! તને તો મજાનું ઘર મળી ગયું ને!

પહેલી ચકલી : અરે, ઘર તો હજુ બાંધવાનું છે, આ તો પ્લોટ બુક કરાવ્યો છે.

☺ ☾

યશ : ખૂબ જ ઉંચાઇથી પડે છતાં તેને કંઇ જ વાગે નહીં. એવું શું છે?

પરેશ : કંઇક વસ્તુ.

યશ : અરે, ના યાર! વરસાદ.

☺ ☾

શિક્ષક : 'સમુદ્ર' અને 'બુટ'માં શું સરખું છે?

આયુષ : મોજા, સર.

☺ ☾

મહેશ એક બુક વાંચતા વાંચતા રડવા લાગ્યો.

રામ : કેમ રડે છે?

મહેશ : આ બુકનો અંત બહુ જ કરુણ છે.

રામ : કઇ બુક?

મહેશ : પાસબુક.

☺ ☾

એક ભિખારી ફાઇવસ્ટાર હોટલમાં ઓર્ડર આપતાં

ભિખારી : ૧ પિઝા, દાલફ્રાય, ૧ રસમલાઇ મોકલાવો.

હોટલવાળો : કોના નામથી મોકલાવીએ?

ભિખારી : ભગવાનના નામે.

☺ ☾

કનુ ટેકસીમાં ઘરેથી એરપોર્ટ જવા માટે નીકળ્યો જતાં જતાં એક જગ્યાએ ડ્રાઇવરે ગાડી ઊભી રાખી.

કનુ : શું થયું ડ્રાઇવર?

ડ્રાઇવર : સાહેબ, આગળ નહિ જઇ શકાય કેમ કે પેટ્રોલ ખલાસ થઇ ગયું છે?

કનુ : કંઇ વાંધો નહીં. ટેક્સ પાછી ઘરે લઇ લો.

☺ ☾

શિક્ષક : સવાર અને સાંજમાં શું ફેર?

ચમન : સવારે શિક્ષક બોલે અને મારે, તો સાંજે મમ્મી મારે અને બોલે.

☺ ☾

મુન્નો : પિતાજી એક ગુડ ન્યુઝ છે.

પિતાજી : શું ?

મુન્નો : તમે કહ્યું હતું કે, જો હું પાસ થઇશ તો તમે મને પાંચ હજાર રૂપિયાનો કેમેરો લઇ આપશો.

પિતાજી : હા.

મુન્નો : તમારા પાંચ હજાર રૂપિયા બચી ગયા.


☺ ☾

રશ્મીબેન (ફોન પર) : ડૉકટર સાહેબ મારો બાબો બોલપેન ગલી ગયો છે.

ડૉકટર : કંઇ વાંધો નહીં, તમે પેન્સિલથી ચલાવી લો.

પારીવારીક પ્રેરક પસંગો...

○ સંકલન : વિરેન્દ્રભાઇ હળપાણી, નરોડા-અમદાવાદ



(૧) મહાત્મા ગાંધી અને કસ્તુરબા

મહાત્મા ગાંધી અને એમનાં પત્ની કસ્તુરબાનો દાંપત્ય-પ્રેમ વિષય-વાસનાથી પ્રેરિત નહોતો, એક આદર્શ, વિશુદ્ધ, નિષ્કપટ પ્રેમનું જવલંત ઉદાહરણ હતું.

એક વખત કસ્તુરબાને કોઇ રોગ થયો હતો. ચિકિત્સકે એમને કહ્યું : ''તમે મીઠું છોડી દો તો તમારો રોગ મટી જશે.''

પરંતુ બાને મીઠું છોડવું શક્ય ન લાગ્યું. એમણે ગાંધીજીને કહ્યું : ''હું મીઠું નહિ છોડી શકું. મીઠા વિનાનાં દાળ-શાક કેવી રીતે ખાઇ શકાય?''

ગાંધીજી : ''સારું, તો હું ૨૦ દિવસ માટે મીઠું છોડી દઉં છું.''

બા સમજી ગયાં કે જો તેઓ મીઠા વિનાનું ભોજન કરશે તો મારે પણ મીઠા વિનાનું ભોજન કરવું પડશે. બાને મીઠા વિનાનું ભોજન લેવામાં ગાંધીજીનો સાથ મળી ગયો અને એમનું મનોબળ વધી ગયું. પત્નીનું મનોબળ વધારવા માટે ગાંધીજીએ પોતાની સુવિધાની પરવા ન કરી.

'...તો હું નહિ ખાઉં'

કસ્તુરબા રસોઇ બનાવવામાં બહુ જ કુશળ હતાં. પરંતુ ગાંધીજીએ જયારથી પોતાના જીવનમાં અસ્વાદ વ્રતને સ્થાન આપ્યું ત્યારથી એમની આ કળા એટલી કામમાં નહોતી આવતી. છતાં તેઓ કોઇ કોઇ વખત કોઇ સ્વાદિષ્ટ વાનગી બનાવી જ લેતાં. એમને સારી સારી વાનગીઓ બનાવીને ખાવામાં અને પ્રેમથી બીજાને ખવડાવવામાં બહુ આનંદ આવતો હતો.

એક દિવસ એમણે મનુ બહેનને પૂરણપોળી બનાવવાનું કહેતાં જણાવ્યું : ''આજે તો હું પણ પૂરણપોળી ખાઇશ. તું બાપુને પૂછી આવ કે તેઓ ખાશે?''

બાની તબિયત તો નરમ જ હતી. જો તેઓ પૂરણપોળી જેવી ભારે ચીજ ખાત તો એનાથી એમના હૃદયની ગતિ વધી જવાનું જોખમ હતું. આથી જયારે મનુબહેન ગાંધીજીને પૂછવા ગયાં ત્યારે ગાંધીજીએ બાનો વિચાર કરતા કહ્યું : 'જો કસ્તુબા પૂરણપોળી નહિ ખાય તો હું ખાઇશ.'

બાને નિશ્ચય કરવામાં એક ક્ષણની પણ વાર ન લાગી. તેઓ બોલ્યાં : 'સારું, તો હું નહિ ખાઉં.'

ત્યારે બાએ મનુબહેન પાસે બેસી ગાંધીજી અને બીજા બધા લોકો માટે પૂરણપોળીઓ બનાવડાવી અને બધાને પ્રેમથી ખવડાવી પરંતુ સ્વયં ચાખી સુદ્ધાં નહિ.

'પત્ની મારા માટે શું વિચારશે?' એ વિશે ન વિચારતાં એના હિતની ભાવનાને પ્રધાનતા આપનારા ગાંધીજી એ 'પતિ મારા હિત માટે જ આમ કહી રહ્યા છે' આવો વિવેક તથા પતિ માટે વિશુદ્ધ, ઉત્કટ પ્રેમ રાખનારાં ત્યાગનાં પ્રતિમૂર્તિ કસ્તુરબાનું દાંપત્ય જીવન બધા ગૃહસ્થો માટે એક ઉત્તમ આદર્શ રજૂ કરે છે.

પૈસા અને પ્રસિદ્ધિ માટે સમાજને પથભ્રષ્ટ કરવાનો

જઘન્ય અપરાધ કરી રહેલાં ફિલ્મી અભિનેતાઓ અને અભિનેત્રીઓની નકલ કરીને પોતાનું દાંપત્ય જીવન બરબાદ કરવાની મૂર્ખતા કરવાને બદલે ભારતવાસીઓ એટલો સમય મહાપુરુષોનાં જીવનચરિત્રનું અધ્યયન અને અનુસરણ કરવામાં લગાડે તો કેટલું સારું!

(૨) જ્યારે સાસુ બની ગઈ મા....

એક વૃદ્ધાનો એવો ચીડચીડિયો સ્વભાવ થઇ ગયો હતો કે જયાં સુધી એ કોઇની સાથે ઝઘડે નહિ ત્યાં સુધી એને અન્ન પચે નહિ. ઘરમાં વહુ આવી તો એણે વિચાર્યું : 'હવે તો ઘરમાં જ ઝઘડુંને, બહાર શા માટે જાઉં?' આમ વિચારીને વાતવાતમાં વહુને મહેણાં મારવાં લાગી કે 'તારા બાપે તને શું શીખવ્યું? મા એ શું શિક્ષણ આપ્યું? અરે! બોલતી કેમ નથી? તારા મોંમા જીભ છે કે નહિ.'

વહુ બિચારી મૌન રાખી સાંભળતી રહેતી અને હસવામાં કાઢી નાખતી. પડોશીઓ પણ સાંભળીને વિચારતા : 'કેવી સાસુ છે!'

વહુને ચુપ જોઇ સાસુ કહેતી : 'અરી! ધરતી પર પગ પછાડીએ તોય 'ધપ્' અવાજ આવે અને હું આટલું બધું બોલું છું છતાં તું મૂંગી રહે છે!'

આ બધું જોઇ રહેલી એક પડોશણે કહ્યું : ''અરે ડોશી! ઝઘડવાનો આટલો જ શોખ છે તો અમારી સાથે ઝઘડ, તારી ઇચ્છા પૂરી થઇ જશે. આ ગરીબડી ગાયને કેમ સતાવે છે?''

ત્યારે સુશીલ વહુએ પડોશણને નમ્રતાપૂર્વક ટોકતાં કહ્યું : ''માસી! આમને કંઇ ન કહો. આ તો મારી માતા છે. માતા દીકરીને નહિ સમજાવે તો બીજું કોણ સમજાવશે.''

વહુના આવા શબ્દો સાંભળીને સાસુનું હૃદય પીગળી ગયું. એ દિવસથી એણે વહુને પોતાની દીકરી માની લીધી અને ઝઘડા કરવાનું છોડી પ્રેમથી રહેવા લાગી. વહુની સહનશક્તિ, સાસુ પ્રત્યેનો સદ્ભાવ અને માતૃત્વની ભાવનાએ જ સાસુનો સ્વભાવ બદલી નાખ્યો.

સાસુ-વહુમાં સાસુનો સ્વભાવ થોડો એવો-તેવો હોય અથવા વહુનો હોય - જો બીજો પક્ષ થોડો સૂઝબુઝવાળો, સ્નેહાળ હોય તો સમય જતાં એનો સ્વભાવ ચોક્કસ બદલાઇ જાય છે અને ઘરનું વાતાવરણ મંગળમય ચોક્કસ થાય છે.

હે ભારતની માતાઓ-બહેનો-દેવીઓ! તમે તમારી અને પરિવારના સભ્યોની જીવન-વાટિકાને સદ્ગુણોરૂપી સુંદર ફૂલોથી મહેકાવી શકો છો. તમારામાં એવું સામર્થ્ય છે કે તમે ઇચ્છો તો ઘરને નંદનવન બનાવી શકો છો અને દેશની ઉન્નતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકો છો.

જો સાસુ-વહુમાં અણબનાવ રહેતો હોય તો સાસુ-વહુનો પ્રેમ દર્શાવતો ફોટો ઘરમાં દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેના ખૂણામાં લગાવી દો. ધીમે ધીમે સાસુ-વહુમાં પ્રેમ વધતો જશે.

(૩) ખાધું વાસી અને થયા ઉપવાસી

એક શેઠ ખૂબ ધનાઢ્ય હતા પરંતુ હતા કંજૂસ. દાન માટે તો એમની મુઠ્ઠી ક્યારેય ખૂલતી જ નહિ. એમના ઘરમાં નવી આવેલ પુત્રવધુ ખૂબ જ ઉચ્ચ અને સત્સંગી કુટુંબની દીકરી હતી. ઘરના સુસંસ્કારોના કારણે તથા સત્સંગમાં જવાને લીધે બાળપણથી જ એના સ્વભાવમાં વડીલોની સેવા, સાધુ-સંતોના સ્વાગત-સત્કાર, સત્સંગ સાંભળવો, દાન-દક્ષિણા આપવાં વગેરે ઉચ્ચ સંસ્કારો વણાઇ ગયા હતા. એ ખોટો ખર્ચ કરવામાં કે પૈસા ઉડાવવામાં તો બિલકુલ નહોતી માનતી પરંતુ સારાં કાર્યોમાં લોક માંગલ્યનાં કાર્યોમાં ખર્ચ કરવામાં પણ અચકાવું ન જોઇએ એવી એની ઊંચી મતિ હતી. આથી સસરાજીની કંજૂસ રીતભાવ એને ગમી નહિ. સસરાજીનું લોભી-લાલચું મન ઉદાર અને પરોપકારી કેવી રીતે બને એ માટે પુત્રવધુ સદાય વિચારતી રહેતી.

એક દિવસ શેઠજી ઘરે જ હતા ત્યારે વહુ બહાર ઊભી ઊભી પડોશણ સાથે વાત કરવા લાગી. પાડોશણે પૂછ્યું : 'કેમ બહેન! આજે રસોઇમાં શું બનાવ્યું હતું?'

વહુએ કહ્યું : 'બહેન! આજે રસોઇ બનાવી જ ક્યાં હતી, અમે તો ખાધું વાસી અને થયા ઉપવાસી.'

સસરાએ વહુના આવા શબ્દો સાંભળ્યા તો તેઓ

ચોંકી ગયા અને પત્નીને બોલાવીને ખૂબ ઠપકો આપવા લાગ્યા : 'હું કંજૂસ છું એ વાત તો ખરી પરંતુ એનો અર્થ એ નથી કે સમાજમાં મારી કોઇ આબરું જ નથી. તેં મૂર્ખાઇ કરી. વહુનો સ્વભાવ પારખ્યા વિના જ એને વાસી ભોજન ખાવા આપ્યું. હવે તો આખા મહોલ્લામાં મારી કંજૂસીનો ઢંઢેરો પીટતી ફરશે.'

પત્નીએ કહ્યું : "મેં ક્યારેય વહુને વાસી ભોજન આપ્યું જ નથી. હું એટલી મૂર્ખ નથી કે આટલું પણ ન સમજું." શેઠે વહુને બોલાવીને પૂછ્યું : "દીકરી! તેં તો આજે તાજું ભોજન કર્યું છે. તો પડોશણને જૂઠું કેમ બોલી કે ખાધું વાસી અને થયા ઉપવાસી?"

"સસરાજી! મેં ખોટું નથી કહ્યું, સો ટકા સાચું જ કહ્યું છે."

બુદ્ધિમાન વહુએ સત્ય સમજાવતાં નમ્રતાપૂર્વક આગળ કહ્યું : "જરા વિચારો, સસરાજી! આજે આપણી પાસે ધન-દોલત છે તો આપણે ખૂબ સુખ-સુવિધાઓમાં આનંદથી રહીએ છીએ. આ વાસ્તવમાં આપણા પૂર્વ જન્મનાં પુણ્યકર્મોનું જ ફળ છે. આથી આજે આપણે જે સુખ ભોગવી રહ્યાં છીએ એ બધું વાસી ભોજન સમાન છે અર્થાત્ આપણે વાસી ખાઇ રહ્યા છીએ. જે ધન આપણને મળ્યું છે એનાથી દાન, પુણ્ય, ધર્મ કે પરોપકારનાં કાર્યો તો કરી નથી રહ્યા. આથી આગલા જન્મ માટે તો આપણે કંઇ પુણ્ય-પુંજી ભેગી નથી કરી રહ્યાં. આથી આવતા જન્મમાં આપણે ઉપવાસ કરવો પડશે. હવે તમે જ કહો કે શું મેં સાચું ન કહ્યું?"

વહુની યુક્તિપૂર્ણ સુંદર શિખામણ સાંભળી શેઠની બુદ્ધિ પરથી લોભનું આવરણ હટી ગયું, એમને સદ્જ્ઞાનનો પ્રકાશ થયો અને તેઓ ગદગદ કંઠે બોલ્યા : "હું ધન્ય થયો કે તારા જેવી ગૃહલક્ષ્મી મારા ઘરે આવી. દીકરી! તેં આજે મને જીવન જીવવાનો સાચો માર્ગ દેખાડ્યો." પછી તો શેઠજીએ દાન-પુણ્યની એવી સરિતા વહાવી કે દાનનું ઔદાર્ય-સુખ, આત્મસંતોષ, ઉજ્જવળ ભવિષ્ય અને પરોપકારિતાનો મંગળમય સુસ્વભાવ એમને પ્રાપ્ત થઇ ગયો. એની આગળ ધન-સંગ્રહ અને સુખ-સુવિધાનું બાહ્ય સુખ એમને તુચ્છ લાગવા લાગ્યું. પરોપકારથી પ્રાપ્ત થનારી આંતરિક પ્રસન્નતા અને પ્રભુપ્રાપ્તિ જ સાર છે એ એમને સમજાઇ ગયું.

(૪) સત્સંગી વહુથી છવાઈ ઘરમાં ખુશાલી

એક ધનવાન શેઠના સાત પુત્રો હતા. છના લગ્ન થઇ ચૂક્યા હતા. સાતમી વહુ આવી, એ સત્સંગી માતા-પિતાની પુત્રી હતી. બાળપણથી જ સત્સંગમાં જતી હોવાથી સત્સંગના સુસંસ્કારો એનામાં ઊંડા ઉતર્યા હતા. નાની વહુએ જોયું કે ઘરનું બધું કામ તો નોકર-ચાકર કરે છે, જેઠાણીઓ ફક્ત ખવાનું બનાવે છે, એમાં પણ ખટપટ થતી રહે છે. વહુને સુસંસ્કારો મળ્યા હતા કે પોતાનું કામ સ્વયં કરવું જોઇએ અને પ્રેમથી હળીમળીને રહેવું જોઇએ. પોતાનું કામ સ્વયં કરવાથી સ્વાસ્થ્ય સારું રહે છે.

એણે યુક્તિ શોધી કાઢી અને સવારે વહેલાં ઊઠી સ્નાન કરીને, સ્વચ્છ-શુદ્ધ કપડાં પહેરીને પહેલેથી જ રસોડામાં જતી રહી. જેઠાણીઓએ ટોકી તો પણ એણે ખૂબ જ પ્રેમથી રસોઇ બનાવી અને બધાને પ્રેમથી ભોજન કરાવ્યું. બધા ખૂબ જ તૃપ્ત અને પ્રસન્ન થયા.

દિવસે સાસુએ નાની વહુને કહ્યું : "વહુ! તું સૌથી નાની છે, તું રસોઇ કેમ બનાવે છે? તારી છ જેઠાણીઓ છે."

વહુ : "બા! કોઇ ભૂખ્યા અતિથિ ઘરે આવે તો એમને તમે ભોજન કેમ કરાવો છો?"

'વહુ! શાસ્ત્રોમાં લખ્યું છે કે અતિથિ ભગવાનનું સ્વરૂપ હોય છે. ભોજન પામીને એ તૃપ્ત થાય છે તો ભોજન કરાવનારને ખૂબ પુણ્ય મળે છે.'

"બા! અતિથિને ભોજન કરાવવાથી પુણ્ય થાય છે તો શું ઘરના લોકોને ભોજન કરાવવાથી પાપ લાગે છે? અતિથિમાં ભગવાનનું સ્વરૂપ છે તો ઘરના બધા લોકો પણ તો ભગવાનનાં જ સ્વરૂપ છે. કેમ કે ભગવાનનો નિવાસ તો જીવમાત્રમાં છે. માતા! અન્ન તમારું, વાસણ તમારાં, બધી ચીજો તમારી છે, હું થોડી મહેનત કરીને બધામાં ભગવદ્ભાવ રાખી રસોઇ બનાવી ખવડાવવાની થોડી-ઘણી સેવા કરી લઉં તો મને પુણ્ય મળશે કે નહિ મળે? બધા પ્રેમથી ભોજન કરીને તૃપ્ત થશે, પ્રસન્ન થશે તો કેટલો લાભ થશે!

આથી બા! તમે મને રસોઈ તો બનાવવા જ દો. થોડો શ્રમ કરીશ તો સ્વાસ્થ્ય પણ સારું રહેશે.''

સાસુએ વિચાર્યું કે 'વહુ વાત તો સાચી કહે છે. અમે એને સૌથી નાની સમજીએ છીએ પણ એની બુદ્ધિ સૌથી તીક્ષ્ણ છે.'

બીજા દિવસે સાસુબા સવારે વહેલાં સ્નાન કરીને રસોઈ બનાવવા બેસી ગયાં. વહુઓએ જોયું તો બોલી : ''બા! તમે પરિશ્રમ કેમ કરો છો?''

સાસુ : ''તમારા કરતાં મારી ઉંમર વધારેછે. હું વહેલી મરી જઈશ. હું હમણા પુણ્ય નહિ કરું તો પછી ક્યારે કરીશ?''

વહુઓ બોલી : 'બા! એમાં વળીશું પુણ્ય? આ તો ઘરનુ કામ છે.'

સાસુ : ''શું ઘરનું કામ કરવામાં પાપ લાગે છે? જયારે ભૂખ્યા માણસોને, સાધુઓને ભોજન કરાવવાથી પુણ્ય થાય છે તો શું કુટુંબીજનોને ભોજન કરાવવાથી પાપ લાગશે? બધામાં ઈશ્વરનો વાસ છે.''

સાસુની વાત સાંભળી બધી વહુઓને લાગ્યું કે ''આવું તો અમે ક્યારેય વિચાર્યું જ નહોતું. આ યુક્તિ તો બહુ સરસ છે!'' હવે જે વહુ પહેલાં જાગી જાય એ જ રસોઈ બનાવવા બેસી જવા લાગી. પહેલાં જે ભાવ હતો કે 'તું રસોઈ બનાવ....' તો છ વારા બનતા હતા. પરંતુ હવે 'હું બનાવું, હું બનાવું...' આવો ભાવ થયો તો આઠ વારા બંધાઈ ગયા. બે વધી ગયા - સાસુ અને નાની વહુ.

કામ કરવામાં 'તું કર, તું કર...' એમ કરવાથી કામ વધી જાય છે અને કરનારા ઓછા થઈ જાય છે પરંતુ 'હું કરું, હું કરું....' અ.નાથી કામ હળવું થઈ જાય છે અને કરનારાઓ વધી જાય છે.

નાની વહુ ઉત્સાહી હતી, વિચાર્યું કે 'હવે રોટલી બનાવવામાં ચોથો દિવસ વારો આવે છે, શું કરવું?' ઘરમાં દળવાથી હાથ-ઘંટી પડેલી હતી, એણે એમાં ઘઉં દળવાનું શરૂ કરી દીધા. મશીનની ઘંટીનો લોટ ગરમ ગરમ બોરીમાં ભરી દેવાથી બળી જાય છે, એની રોટલી સ્વાદિષ્ટ નહી બનતી પરંતુ હાથથી દળેલ લોટ ઠંડો અને વધુ પૌષ્ટિક હોય છે તથા એની રોટલી પણ સ્વાદિષ્ટ બને છે. નાની વહુએ ઘઉં દળીને એની રોટલી બનાવી તો બધા કહેવા લાગ્યા કે 'આજે તો રોટલીનો સ્વાદ કંઈક જુદો જ છે!'

સાસુએ કહ્યું : ''વહુ! તું કેમ ઘઉં દળે છે? આપણી પાસે પૈસાની ખોટ નથી.''

''બા! હાથથી ઘઉં દળવાથી કસરત પણ થઈ જાય છે, બિમારી નથી થતી અને બીજું કે રસોઈ બનાવવા કરતાં પણ વધુ પુણ્ય ઘઉં દળવામાં છે.''

સાસુ અને જેઠાણીઓએ સાંભળ્યું તો લાગ્યું કે વહુ સાચું કહે છે. એમણે પોતાપોતાના પતિઓને કહ્યું : ''ઘરમાં હાથ-ઘંટી લાવો, અમે પણ ઘઉં દળીશું.''

હવે દરરોજ બધી જેઠાણીઓ હાથ-ઘંટીમાં બે-અઢી શેર ઘઉં દળવા લાગી. હવે નાની વહુએ જોયું કે ઘરમાં વાસણો માંજવા માટે નોકરાણી આવે છે. આપણા વાસણો આપણે જાતે જ માંજવાં જોઈએ. કેમ કે બધામાં ઈશ્વર છે તો આપણો એંઠવાડ કોઈ બીજા કેમ સાફ કરે?

બીજા દિવસે નાની વહુએ જ બધાં વાણસો માંજી નાંખ્યા. સાસુએ કહ્યું : ''વહુ! વિચાર તો કર. વાણસ માંજવાથી તારાં ઘરેણાં ઘસાઈ જશે, કપડાં બગડશે.'

'બા! કામ જેટલું નાનું એટલું જ એનું માહાત્મ્ય વધારે. પાંડવોના યજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણે એંઠાં પતરાળાં ઉઠાવવાનું કાર્ય કર્યું હતું.'

બીજા દિવસે સાસુબા વાસણો માંજવા બેસી ગયાં. એમને જોઈને બધી વહુઓએ પણ વાસણ માંજવાનાં શરૂ કરી દીધાં. ઘરમાં કચરો વાળવા નોકર આવતો હતો. હવે નાની વહુ સવારે વહેલા ઊઠીને કચરો વાળવા લાગી. સાસુએ પૂછ્યું : ''વહુ! કચરો તેં વાળ્યો?''

'બા! તમે ન પૂછો. તમને કહું છું તો મારા હાથમાંથી કામ જતું રહે છે.'

''કચરો વાળવાનું કામ તો નોકરનું છે, તું કેમ વાળે છે?''

''બા! રામાયણમાં આવે છે કે વનમાં મોટા મોટા ઋષિ-મુનિઓ રહેતા હતા પરંતુ ભગવાન એમની કુટિરમાં ન ગયા પણ પહેલાં શબરીને ત્યાં ગયા. કેમ કે શબરી રોજ કચરો વાળતી હતી, પંપાસરનો રસ્તો સાફ કરતી હતી કે ક્યાંક આવતાં-જતાં ઋષિ-મુનિઓના

પગમાં કાંકરા ન વાગે.''

સાસુએ જોયું કે એ નાની વહુ તો બધાને લૂંટી નાખશે. કેમ કે એ બધાનું પુણ્ય એકલી જ લઇ લે છે. હવે સાસુએ અને બધી વહુઓએ મળીને કચરો વાળવાનું શરૂ કરી દીધું. જે ઘરમાં પરસ્પર પ્રેમ હોય છે ત્યાં લક્ષ્મી વધે છે, જ્યાં કલહ હોય છે ત્યાં નિર્ધનતા આવે છે. શેઠનું તો ધન દિવસે દિવસે વધવા લાગ્યું. એણે ઘરની બધી મહિલાઓ માટે ઘરેણાં અને કપડાં બનાવડાવ્યાં. એ નાની વહુ સસરાએ આપેલાં ઘરેણાં લઇને મોટી જેઠાણી પાસે ગઇ અને બોલી : ''તમારાં બાળકો છે, એમના લગ્ન કરશો ત્યારે ઘરેણાં બનાવવા પડશે. મારે તો અત્યારે કોઇ બાળક જ નથી. આથી આ ઘરેણાં તમે જ રાખી લો.''

ઘરેણાં જેઠાણીને આપીને વહુએ અમુક પૈસા અને કપડાં નોકરોમાં વહેંચી દીધાં. સાસુએ જોયું તો કહ્યું : ''વહુ! આ તું શું કરે છે? તારા સસરાએ બધાંને ઘરેણાં બનાવડાવી આપ્યા છે. તેં જેઠાણીને આપી દીધાં અને પૈસા, કપડાં નોકરોમાં વહેંચી દીધાં?''

''બા! હું એકલી આટલો સંગ્રહ કરીને શું કરીશ? પોતાની વસ્તુ કોઇ જરૂરિયાતવાળાને કામમાં આવે છે તો આત્મિક સંતોષ મળે છે અને દાન કરવાનું તો અમિટ પુણ્ય થાય જ છે.''

વહુની વાત સાસુના હૈયામાં ઊતરી ગઇ. એમણે શેઠને કહ્યું : ''હું નોકરોમાં ધોતીયાં-સાડી વહેંચીશ અને આસપાસનાં ગરીબ કુટુંબોમાં એમનાં બાળકોની સ્કૂલની ફી હું પોતે ભરીશ. આપણી પાસે ઘણું ધન છે, એ કોઇના કામમાં આવે તો સારું. કોણ જાણે ક્યારે મોત આવી જાય અને બધું અહીં જ રહી જાય! જેટલું આપણા હાથે પુણ્યકર્મ થઇ જાય એટલું સારું.''

શેઠ અતિ પ્રસન્ન થયાં કે પહેલાં નોકરોને કંઇક આપતો હતો તો ખિજાતી હતી પરંતુ હવે પોતે જ કહે છે કે 'હું પોતે આપીશ.' સાસુ બીજાને વસ્તુઓ આપશે તો એને જોઇને બીજી વહુઓ પણ આપવાનું શીખશે. હવે નોકરો પણ ખુશ થઇને મન લગાવીને કામ કરવા લાગ્યા અને આસપડોશમાં પણ ખુશાલી છવાઇ ગઇ. 'ગીતા'માં આવે છે :

यद्यदाचरत श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥

'શ્રેષ્ઠ મનુષ્ય જેવું જેવું આચરણ કરે છે, બીજા મનુષ્યો એવું એવું જ કરે છે. એ જે કંઇ પ્રમાણ કરી દે છે, બીજા મનુષ્યો એ જ અનુસાર આચરણ કરે છે.'

નાની વહુએ જે આચરણ કર્યું એનાથી એના પોતાના ઘરમાં તો સુધારો થયો જ, સાથે પડોશ પર પણ સારી અસર પડી, એમનાં ઘર પણ સુધરી ગયાં. આપવાના ભાવથી પરસ્પર પ્રેમ-ભાઇચારો વધી ગયો. આમ વહુએ સત્સંગથી મળેલી સૂઝબુઝથી પોતાના ઘરની સાથે પડોશનાં ઘરોને પણ ખુશાલ કરી દીધાં!

(૫)પિતાના અપમાનથી ટી.બી.નો રોગ

જે માતા-પિતા અને ગુરુની અવજ્ઞા કરે છે એને કોઇને કોઇ જન્મમાં એનું ફળ ભોગવવું જ પડે છે. સંત કબીરજી કહે છે :

कबिरा वे नर अंध हैं,
हरि को कहते और गुरु को कहते और।
हरि रूठे गुरु ठौर है, गुरु रूढे नहीं ठौर॥

જેમ ગુરુએ તરછોડેલો ક્યાંયનો નથી રહેતો એમ માતા-પિતાના ગુનેગારને પણ ભોગવવું પડે છે.

બંગાળના ફરીદપુર જિલ્લાનો જિતેન્દ્રનાથ દાસ બર્મન નામનો એક યુવક ટી.બી. (ક્ષય)ના રોગથી એટલો ભયંકર ઘેરાઇ ગયો કે બધા ઇલાજ નકામા થઇ ગયા. કુળગુરુએ કહ્યું : ''આ રોગ આ જન્મનો નથી, પૂર્વ જન્મના કોઇ પાપનું ફળ છે. તું ભગવાન તારકેશ્વરની પૂજા કર, તેઓ જ તારી કંઇક મદદ કરશે.''

યુવકે કુળગુરુના આદેશ અનુસાર ભગવાન તારકેશ્વરજીના મંદિરમાં પૂજા-પ્રાર્થના પ્રારંભ કરી દીધી. થોડા જ દિવસોમાં તારકેશ્વર ભગવાન એના સ્વપ્નમાં આવ્યા અને કહ્યું : ''તેં ગત જન્મમમાં તારા પિતાની અવજ્ઞા કરી હતી, એમનું અપમાન કર્યું હતું. એના જ ફળસ્વરૂપે તું ટી.બી. રોગથી પીડિત છે અને કોઇ ઇલાજ કારગર નથી થઇ રહ્યો. અત્યારે તારા પૂર્વ જન્મના પિતા ફરીદપુર જિલ્લાના મોટા ડૉક્ટર શ્રી સત્યરંજન ઘોષના નામથી પ્રસિદ્ધ છે. તું એમની ચરણરજને તાવીજમાં બાંધીને ધારણ કરે અને દરરોજ

એમનું ચરણોદક લઇ શકે તથા તેઓ સંતુષ્ટ થઇને તને ક્ષમા કરી દે તો તું સાજો થઇ શકે છે, એ સિવાય બીજો કોઇ ઉપાય નથી.''

યુવકે સ્વપ્નની વાત પોતાના કુળગુરુને કહી. કુળગુરુએ કહ્યું : ''તારકેશ્વર ભગવાને મોટી કૃપા કરી કહેવાય કે તને નામસહિત બધી માહિતી જણાવી દીધી.'' યુવક ડૉક્ટર સાહેબ પાસે ગયો. સ્વપ્નની વાત કહી અને બોલ્યો : ''તમે પૂર્વ જન્મના મારા પિતા છો. મેં તમારું અપમાન કર્યું હતું, તમારી અવજ્ઞા કરી હતી જેથી મને ટી.બી.નો રોગ થયો છે. હવે તમે મને સેવાનો અવસર આપો.''

પૂર્વ જન્મના પિતા અત્યારે ડૉક્ટર હતા. એ જાણતા હતા કે આ ચેપી રોગ છે. એણે જલ્દી હા ન પાડી. કહ્યું : ''તું પૂર્વ જન્મનો પુત્ર હશે તો હશે પરંતુ આ જન્મમાં હું તને સાથે રાખું અને ક્યાંક મને પણ ટી.બી. થઇ જાય તો....? તું અત્યારે તો તારા ઘરે જા. તને સ્વસ્થ કરવા માટે હું કેવી રીતે અને શું સહયોગ કરી શકું એ માટે હું મારા ગુરુદેવ ધનંજયદાસ વ્રજ - વિદેહી પાસેથી પત્રવ્યહાર દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કરીશ. પછી તને સમાચાર મોકલીશ.''

ડૉક્ટર સત્યરંજન ઘોષે પોતાના ગુરુદેવને સંપૂર્ણ વિવરણ લખી મોકલ્યું. ગુરુદેવે કહ્યું : 'એને ઘરમાં રાખવો તો જોખમભરેલું છે, પાડોશમાં ક્યાંક ઓરડી લઇ અપાય તો પણ એની અવર-જવરથી ગરબડ થઇ શકે છે. ઉત્તમ રીત તો એ છે કે યુવક જિતેન્દ્રનાથ દાસને તારું છાયાંચિત્ર આપી દે અને કહે કે એ પોતાના ઘરમાં જ રહીને ફોટાને સાક્ષાત્ પિતા માનીને સેવા-પૂજા કરે અને ચરણામૃત લે. અને કહે છે ક્યારેક મોકો મળશે તો હું તને મારી ચરણરજ આપીશ, ચરણામૃત પણ આપીશ. હિંમત કર, તું સાજો થઇ જઇશ.'

ડૉક્ટરે પોતાના ગુરુદેવના માર્ગદર્શન અનુસાર ટી.બી.થી પીડિત યુવકને પત્ર લખી દીધો. પત્ર અનુસાર યુવકે છાંયાચિત્ર મંગાવીને પૂજા પ્રારંભ કરી દીધી. જેમ જેમ પૂજા કરતો ગયો તેમ તેમ એનો રોગ મટતો ગયો. સમય જતાં ગત જન્મના પિતા કે જે અત્યારે ડૉક્ટર છે એણે પોતાના ચરણોદક અને ચરણરજ આપી દીધાં અને બોલ્યા : ''મેં તને માફ કરી દીધો.'' યુવક એ જ વખતે સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. ડૉક્ટરે પરીક્ષણ કરીને જોયું તો હવે એનાં ફેફસાંમાં કોઇ રોગ નહોતો રહ્યો. એ એક દિવસ ડૉક્ટર સાહેબ પાસે રહ્યો, ફરી એમનું ચરણોદક પીને તથા ચરણરજ લઇને જતો રહ્યો.

આથી ક્યારેય માતા-પિતા સાથે એવો વ્યવહાર ન કરવો જોઇએ કે એમને દુઃખી થવું પડે. પરંતુ જેઓ ભગવાનના માર્ગે જાય છે એમને આ દોષ નથી લાગતો. આપણા ઋષિઓએ તો માતા-પિતાને દેવ સંબોધ્યા છે : मातृदेवो भव। पितृदेवो भव।

એક વાત બીજી, મારા પિતાજી (આશારામજી બાપુના) અંતિમ સમયમાં અર્થાત્ સંસારથી વિદાય લેતી વખતે મારી માતા (બાપુની માતા) આગળ હાથ જોડીને બોલ્યા : ''ક્યારેક મેં તને કંઇળ ભલું-બુરૂં કહી દીધું હોય, ક્યારેક હાથ પણ ઉપાડ્યો હોય તો એ માટે તું મને માફ કરી દે તો સારું, નહિતર મારે ફરી ભોગવવું પડશે. કોઇ જન્મમાં તારો ઠપકો-ફટકાર અને પિટાઇ સહન કરવા માટે મારે આવવું જ પડશે.''

મારી માતાએ કહ્યું : ''ભલે, તો મારાથી પણ તો કોઇ ભૂલ થઇ હશે, તમે પણ મને માફ કરી દો.''

બોલ્યા : ''હા હા, મેં માફ કરી દીધી.''

તમે પણ મરો તે પહેલાં જરા આ અક્કલ સાથે મરજો. મરતી વખતે યાદ રહે - ન રહે. અત્યારે વર્ષમાં એક વખત એકબીજાની માફી માંગી લેવી. પતિ-પત્નીએ, ભાઇ-ભાઇએ, મિત્ર-મિત્રએ લેખાજોખા ચૂકતે કરી લેવા કે જેથી બીજી વખત કર્મબંધનમાં પડીને આવવું ન પડે. गहना कर्मणो गतिः। કર્મની ગતિ અતિ ગહન છે.

નહિ ધન સાથે આવે, નહિ સત્તા સાથે આવે, નહિ ચાલાકી સાથે આવે, સાથે આવશે ધર્મ, સાથે આવશે સત્કર્મ, સાથે આવશે તમારા આત્મા-પરમાત્મા. એમની પ્રસન્નતા પામવા માટે કરોડો કામ છોડીને સત્સંગ કરી લો, ગુરુનું શરણ લઇ લો.

(આ તમામ પ્રેરક પ્રસંગો લોકસંત બ્રહ્મનિષ્ઠ સંતશ્રી આશારામજી બાપુના સત્સંગ પ્રવચનો ઉપર આધારીત સત્સાહિત્યોમાંથી સાભાર સંકલિત કરવામાં આવ્યા છે.)

આરોગ્યતાની ચાવીઓ

○ સંકલન

હાથની હથેળીઓને પરસ્પર ઘસીને ગરમ કરીને પીડિત અંગનો પાંચ મિનિટ સુધી વારંવાર શેક કરવાથી પીડા દૂર થાય છે

હસ્ત-ચિકિત્સા

હસ્ત-ચિકિત્સા શરીરના કોઈપણ અંગની પીડા ચમત્કારિક રૂપે નિવારણ કરનારી, સ્વાસ્થ્ય અને સૌંદર્યવર્ધક ચિકિત્સા છે.

માનસિક પવિત્રતા અને એકાગ્રતાની સાથે નીચે જણાવેલ વેદમંત્રનો મનમાં પાઠ કરતાં બન્ને હાથની હથેળીઓને પરસ્પર ઘસીને ગરમ કરીને એના વડે પીડિત અંગનો પાંચ મિનિટ સુધી વારંવાર શેક કરો. આમ કર્યા પછી આંખો બંધ કરીને થોડી મિનિટ સુધી સૂઈ જાઓ. એનાથી વા, માથાનો દુખાવો તથા અન્ય બધા પ્રકારની પીડા દૂર થાય છે.

મંત્ર આ પ્રમાણે છે :

अयं मे हस्तो भगवानयं मे भगवत्तरः।
अयं मे विश्वभेषजोऽयं शिवाभिमर्शनम्॥

'મારી દરેક હથેળી ભગવાન (ઐશ્વર્યશાળી) છે. સારી અસર કરનારી, ખૂબ જ ઐશ્વર્યશાળી અને અત્યંત પ્રગતિકારક છે. મારા હાથમાં વિશ્વના બધા રોગોની સમસ્ત ઔષધિઓ છે અને મારા હાથનો સ્પર્શ કલ્યાણકારી, સર્વ રોગનિવારક અને સર્વ સૌંદર્યસંપાદક છે.' તમારી માનસિક પવિત્રતા અને એકાગ્રતા જેટલી વધારે હશે એટલા જ પ્રમાણમાં તમે આ મંત્ર દ્વારા હસ્ત-ચિકિત્સામાં સફળ થતા જશો.


તમારી હથેળીઓના આવા પ્રકારના પ્રયોગથી તમે ફક્ત તમારા જ નહિ પરંતુ બીજાના રોગ પણ દૂર કરી શકો છો.

વાત-રોગમાં દુખાવો મટાડવાનો ઉપાય

વાતરોગના અનેક પ્રકાર છે. એમાંથી કોઈપણ પ્રકારના વાતરોગ માટેના આ ઉપાય અજમાવી શકાય છેઃ

પહેલી આંગળી (તર્જની) હાથના અંગૂઠાના છેલ્લા કાપા પર રાખો અને ત્રણ આંગળીઓ સીધી રાખો. આમ કર્યા પછી ડાબું નસકોરું બંધ કરી જમણા નસકોરા દ્વારા ખૂબ શ્વાસ લો. પછી જ્યાં વાતરોગની અસર હોય એ અંગને હલાવો.

ઘૂંટણનો દુઃખાવો હોય કે કબરનો દુખાવો હોય, જ્યાં પણ દુખાવો હોય એ ભાગને હલાવો.



ભરેલા શ્વાસને અડધી અથવા પોણી મિનિટ સુધી રોકો. વધારેમાં વધારે એક મિનિટ રોકી પછી ડાબા નસકોરાથી કાઢો. આમ દસ પ્રાણાયામ કરો. આ દુખાવામાં ફાયદો કરે.

એલોપથીની દવા રોગને દબાવે પરંતુ આસન, પ્રાણાયામ, ઉપવાસ વગેરે ઉપાયો રોગને જડમૂળથી કાઢીને ફેંકી દે છે. આ ઉપાયોથી જે ફાયદો થાય છે એ એલોપથીની કેપ્સૂલ, ઇન્જેકશન વગેરેથી નથી થતો.

થાક અને માથાનો દુખાવો દૂર કરવાનો ઉપાય

જયારે બહુ થાકેલા હો ત્યારે જીભને થોડી બહાર કાઢીને, તર્જની (અંગૂઠા પાસેની) આંગળીને અંગૂઠા વડે દબાવી (૦) શૂન્યાકાર કરીને થોડો સમય આરામ કરો. આનાથી જ્ઞાનતંતુઓને પોષણ મળે છે અને થાક મટે છે. જેનું માથું ખૂબ દુખતું હોય એણે પણ જીભને થોડી બહાર કાઢી આ પ્રયોગ દિવસમાં ત્રણ વખતે બે બે મિનિટ સુધી કરવો. આનાથી કેટલાયે પ્રકારના માથાના દુખાવા દૂર થઇ જાય છે.

બુદ્ધિશક્તિ વિકાસ-પ્રયોગ

સવારે સૂર્યોદય પહેલાં સ્નાનાદિથી નિવૃત્ત થઇને સ્વચ્છ વાતાવરણમાં પ્રાણાયામ કરવા જોઇએ. તુલસીનાં પાન ચાવીને રાત્રે મૂકી રાખેલ એક ગ્લાસ પાણી પીવું જોઇએ. એનાથી બુદ્ધિ-શક્તિમાં ગજબની વૃદ્ધિ થાય છે.

તણાવથી બચવાના ઉપાય

(૧) શરીરને વધુ થકાવો નહિ.

(૨) 'હું થાકી ગયો છું' એમ વિચારી મનથી પણ ન થાકો. મનને તણાવમાં ન નાખો. કયારેય ચિંતિત ન થવું, ક્યારેય દુઃખી ન થવું. ચિંતા આવે તો ચિંતિત ન થવું પરંતુ વિચાર કરવો કે ચિંતા આવી છે તો મનમાં આવી છે. ચિંતા નહોતી ત્યારે પણ કોઇ હતું, ચિંતા છે ત્યારે પણ કોઇ છે અને ચિંતા આવી છે તો જશે પણ ખરી. કારણ કે જે આવે છે એ જાય પણ છે. જે થશે એ જોયું જશે.

(૩) ભાવનાઓ અને કલ્પનાઓમાં અટવાવું નહિ પરંતુ 'હરિ ૐ તત્ સત્ અને બીજું બધું ગપશપ' આ મંત્રની ગદા દ્વારા તણાવવાળી કલ્પનાઓ અને ભાવનાઓને મારી ભગાડવી.

(૪) શારીરિક અને માનસિક તણાવ દૂર કરવા માટેનો સુંદર ઉપાય છે અજપા ગાયત્રી. આડા પડી શરીરને ખૂબ ખેંચવું અને પછી ઢીલું છોડી દેવું. મનોમન ચિંતન કરવું કે 'હું સ્વસ્થ છું... શરીરનો થાક ઉતરી રહ્યો છે...' થોડો શારીરિક વિશ્રામ કર્યા પછી શ્વાસોચ્છ્વાસની ગણતરી કરવી. આમ કરવાથી શારીરિક અને માનસિક તણાવ દૂર થશે.

નિરાશાની ક્ષણોમાં...

પોતાના મનમાં હિંમત અને દઢતાનો સંચાર કરતાં પોતાની જાતને કહો : 'મારો જન્મ પરિસ્થિતિ પર વિજય પ્રાપ્ત કરવા માટે થયો છે, પરાજિત થવા માટે નહિ. હું ઇશ્વરનો સનાતન અંશ છું. જીવનમાં સદાય સફળતા અને પ્રસન્નતાની પ્રાપ્તિ માટે જ મારો જન્મ થયો છે, નિષ્ફળતા કે પરાજય માટે નહિ. હું મારા મનમાં હીનતા, દીનતા અને પલાયનતાના વિચાર ક્યારેક નહિ આવવા દઉં. કોઇ પણ ભોગે હું નિરાશાના હાથે પોતાની શક્તિઓનો વિનાશ નહિ થવા દઉં.' દુઃખાકાર વૃત્તિથી જ દુઃખ ઉત્પન્ન થાય છે. વૃત્તિને બદલવાની કળાનો ઉપયોગ કરીને દુઃખાકાર વૃત્તિને કાપી નાખવી જોઇએ.

આજથી જ નિર્ણય કરો કે : 'આત્મસાક્ષાત્કારના માર્ગે દઢતાથી આગળ વધતો રહીશ... નકારાત્મક અથવા ફરિયાદાત્મક વિચારો કરીને દુઃખને વધારીશ નહિ પરંતુ સુખ-દુઃખથી પાર આનંદ સ્વરૂપ આત્માનું ચિંતન કરીશ.'

સંતજીવન દર્શન

○ સંકલન

મહાકામી બિલ્વમંગલમાંથી મહાકવિ સંત સુરદાસની સક્ષિપ્ત જીવનગાથા

મહાકામી, વેશ્યાગામી બિલ્વમંગલ પોતાની પત્ની હોવા છતા પણ ચિંતામણિ વેશ્યાના ફંદામાં ખરાબ રીતે ફસાઇ ગયો હતો.


શ્રાવણ માસ હતો. રાત્રિનો સમય હતો. ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. યમુના નદી ગાંડીતૂર થઇને વહી રહી હતી. આંધી-તોફાન ચાલી રહ્યાં હતાં. વૃક્ષો ધરાશાયી થતાં હતાં. ઘનઘોર રાત્રિમાં વીજળી ચમકી રહી હતી. બિલ્વમંગલના મગજમાં કામ-વિકારનો કીડો સળવળી રહ્યો હતો.

એ ઊઠ્યો, ઘરનો દરવાજો ખોલ્યો. પોતાની પત્નીનો ત્યાગ કરીને ઘનઘોર અંધકારમાં, વરસતા વરસાદમાં ચાલી નીકળ્યો. વીજળીના ચમકારામાં પોતાની પગદંડી શોધતો જઇ રહ્યો હતો. પોતાની પ્રેયસી ચિંતામણી વેશ્યાના ભવન તરફ... ઉછાળા મારતી યમુના નદીને પેલે પાર....

બિલ્વમંગલ નદી કિનારે આવ્યો. નાવિકોને કહ્યું :

“મારે સામે પાર જવું છે. નાવ લઇ ચાલો.”

નાવિકોએ કહ્યું : “પાગલ થયા છો? પોતાનો જીવ વહાલો નથી શું? ઘેર પત્ની-બાળકો છે કે નહિ? તમારી ચાર આની માટે અમારે નાવની સાથે સાગરમાં નથી પહોંચવું. રાત્રિના બાર વાગ્યા છે. બિલ્વમંગલ! તમારી બુદ્ધિ કેમ નાશ પામી છે? મૂશળધાર વર્ષા થઇ રહી છે. ઘનઘોર અંધકાર છે. નદી બન્ને કિનારે ડૂબાડતી વહી રહી છે. આવી પરિસ્થિતિમાં તમારે નદીની સામે પાર જવું છે? કંઇ હોશ છે કે નહિ?”



બિલ્વમંગલ કહે છે : ‘ચિંતામણિને ત્યાં પહોંચીશ ત્યારે હું હોશમાં આવીશ. અત્યારે તો જાણે બેહોશ જ છું. તને મને નદીની સામે પાર લઇ ચાલો.’

કોઇ નાવિક જવા માટે તૈયાર ન હતો. બિલ્વમંગલે વધારે ભાડાનું પ્રલોભન આપ્યું પરંતુ વ્યર્થ. પોતાના પ્રાણોની બાજી લગાવવા કોઇ તૈયાર ન હતું.

પરંતુ... બિલ્વમંગલ....! પોતાની પ્રેયસીને મળવા બેચેન હતો. કામાતુર બિલ્વમંગલે પૂરમાં, ઉછાળા મારતી યમુના નદીમાં ઝંપલાવ્યું. હાથ-પથ ચલાવતો આગળ વધ્યો. નદીના પ્રવાહથી બિલ્વમંગલના કામવેગનો પ્રવાહ વધુ બળવાન સિદ્ધ થયો. પ્રેમિકા ચિંતામણિને મળવા માટે જાનની બાજી લગાવી દીધી.

બિલ્વમંગલ હાથ-પગ ચલાવતો, તીવ્ર ગતિથી વહેતી યમુનાના પ્રવાહમાં ડૂબકીઓ ખાતો ગમે તેમ કરીને છેવટે સામે કિનારે પહોંચી ગયો. શરીર ભીંજાયેલું હતું. શ્વાસ ચડી ગયો હતો. ઠંડીના કારણે શરીર થથરી રહ્યું હતું. શરીર પરિશ્રમને લીધે થાકી ચૂક્યું હતું. થોડીવારમાં સ્વસ્થ થઇને બિલ્વમંગલ ચાલી નીકળ્યો. પોતાની પ્રિયાના દ્વાર તરફ. પહોંચતાં જ દરવાજા પર ટકોરા માર્યા, બૂમ પાડી.

ચિંતામણી એના ટકોરાનો અવાજ ઓળખી ગઇ. દંગ રહી ગઇ એ વેશ્યા! ‘આટલો મૂશળધાર વરસાદ વરસી રહ્યો છે... યમુના નદી પૂરમાં ઉછાળા મારી રહી છે. મધ્યરાત્રિનો ઘનઘોર અંધકાર છે છતાં પણ આ પુરુષ આવી પહોંચ્યો નદી પાર કરીને! આટલી હિંમત! આટલું

પ્રાણબળ! આવી શક્તિ! મારા હાડ-માંસના શરીર માટે આટલો પ્રેમ! આ પ્રેમજો વિશ્વનિયંતા પરમાત્મા માટે હોત તો આ પુરુષ વિશ્વની મહાન વિભૂતિ બની જાત.'

ચિંતામણિના ચિત્તમાં પ્રભુની પાવન પ્રેરણાનો સંચાર થયો. હૃદયમાં બેઠેલા હરિએ ચિંતામણિએ સત્પ્રેરણા આપી.

બિલ્વમંગલ વારંવાર દરવાજો ખટખટાવવા લાગ્યો.. ચિંતામણિએ દ્વાર ન ખોલ્યાં. એ દરવાજા પાછળ ઊભી રહીને પોતાના ગ્રાહકને કહેવા લાગી : ''બિલ્વમંગલ! આવા ભારે વરસાદમાં તું પૂરનાં પાણીથી ભરપૂર યમુનાને પાર કરીને આવી ગયો?''

''હા, પ્રિયે! કોઇ નાવિક નાવ ચલાવવા માટે તૈયાર ન હતો. આથી હું નદી તરીને તારી પાસે આવી ગયો છું. તું દરવાજો તો ખોલ!''

ત્યારે ચિંતામણિ કહેવા લાગી : ''આ દરવાજો હવે તારા માટે નહિ ખૂલે. હંમેશને માટે એ બંધ રહેશે. હવે તું પોતાના હૃદયનાં દ્વાર ખોલ. હવે તું પ્રભુનાં દ્વાર ખટખટાવ. મારાં દ્વાર તું ક્યાં સુધી ખટખટાવતો રહીશ?''

બિલ્વમંગલના હૃદયને ધક્કો લાગ્યો : ''અરે ચિંતામણિ! આ તું શું કહી રહી છે? તને આપવા માટે હું કેટલું ધન લાવ્યો છું! દરવાજો ખોલીને જરા જો ત ખરી!''

ચિંતમણિએ દૃઢ સ્વરે કહી દીધું : ''આ દ્વાર હવે તારા માટે કદી નહિ ખૂલે. તું પ્રભુનાં દ્વાર ખટખટાવ. મારા જેવી વેશ્યાનું દ્વાર ખટખટાવવા માટે તું મધરાતે આટલું સાહસ કરી શકે છે તો હે બિલ્વમંગલ! મારા હરિનાં દ્વાર તું ખટખટાવીશ તો મહાન સંત થઇ જઇશ. તું મહાન પુરુષ થઇ જઇશ. તું બીજાનો તારણહાર થઇ જઇશ.''

બિલ્વમંગલ કહે છે : ''આ બધી નકામી વાતો છોડ ચિંતામણી ભગતડાની વાતો તારા મોંમાં નથી શોભતી, પ્રિયે! હું તને મળવા માટે બેચેન થઇ રહ્યો છું અને તું વાતોમાં લાગી ગઇ છે! હવે મને વધુ ન તડપાવ. જલદી દ્વાર ખોલ. મને તારાં દર્શન કરવા દે. તારા વિના મને ચેન નથી પડતું.''

આંખોમાં આંસુ લાવી બિલ્વમંગલ નમ્રતાથી વનંતી કરી રહ્યો છે, તો ચિંતામણિ પોતાના હૃદય પર ભારે પથ્થર રાખીને પોતાના હૃદયને પરાણે કઠોર બનાવી રહી છે. બહાર ઊભેલા, પોતાના પર ફિદા થનારા પ્રિયતમને કહેવા લાગી : ''બિલ્વમંગલ! મારાં દર્શન કરીને તું શું કરીશ? આ હાડ-માંસ પર મોહ કરીને કેટલાય લોકો બરબાદ થઇ ગયા છે. બિલ્વમંગલ! તારે જો દર્શન કરવાં હોય તો હરિ બેઠા છે તારા હૃદયમાં. એ પ્યારા પ્રભુનાં દર્શન કર. તારું કલ્યાણ થઇ જશે. એ પરમાત્મા જન્મોજન્મથી તારી સાથે છે. મારાં દર્શનથી તારું કોઇ કામ નહિ થાય. હું તને શું દર્શન આપીશ? હું તો પાપીણી છું... મેં પોતાનું જીવન પાપકર્મમાં નષ્ટ કર્યું અને કેટલાયના ઘર બરબાદ કર્યાં. મારાં દર્શનથી તારો ઉદ્ધાર નહિ થાય. સાચું દર્શન તો હરિદર્શન છે. તારો ઉદ્ધાર તો હરિનાં દર્શનથી થશે.''

જાણે આજે ચિંતામણિના મુખેથી સ્વયં શ્રીહરિ બોલી રહ્યા છે. ચિંતામણિના હૃદયનો કબજો જાણે પ્રભુએ લઇ લીધો છે. ચિંતામણિ દ્વારા હરિ પોતે બિલ્વમંગલનું પથપ્રદર્શન કરી રહ્યા છે.

બિલ્વમંગલ તીવ્ર કામાવેગમાં આવીને ફરીથી વિનવવા લાગ્યો : ''ચિંતામણિ! પ્રિયે! તું દરવાજો ખોલ. એકવાર... ફક્ત એકવાર તારાં દર્શન કરી લેવા દે. હું મારી પત્નીને છોડીને તારી પાસે આવ્યો છું. નાવિકોએ મને સમજાવ્યો તો એમની વાતોનો પણ ત્યાગ કરીને તારી પાસે આવ્યો છું. નદીના પૂરમાં કૂદીને, પોતાના પ્રાણોની બાજી લગાવીને તારી પાસે આવ્યો છું. પ્રિયે! મારું આગમન વ્યર્થ ન કરીશ ચિંતામણિ! દરવાજો ખોલ.''

ચિંતામણી કહે છે : ''તારાં ઘણાં આગમન વ્યર્થ ગયાં બિલ્વમંગલ! અનેક જન્મોનાં આવાગમન તું વ્યર્થ કરતો આવી રહ્યો. મારાં દર્શનથી પણ તારું આગમન વ્યર્થ જ રહેશે. તારું આગમન ત્યારે સફળ થશે કે જ્યારે તું હરિનાં દર્શન કરીશ, આત્માનાં દર્શન કરીશ, કોઇ સંત-મહાત્માનાં દર્શન કરીશ, કોઇ આત્મજ્ઞાની મહાપુરુષનાં ચરણોમાં પોતાનું માથું નમાવીશ ત્યારે તારું આગમન સફળ થશે. બિલ્વમંગલ! હવે આ દ્વાર તારા માટે નહિ ખૂલે... નહિ ખૂલે... નહિ ખૂલે...''

બિલ્વમંગલની આંખોમાં આંસુ છે... દિલમાં બેચેની છે... બુદ્ધિમાં આશ્ચર્ય છે... ચિત્તમાં સ્પંદન છે. એ કિંકર્તવ્યમૂઢ થઇ રહ્યો છે. એકવાર ફરી એ પ્રયત્ન કરે છે : ''હે કામિની ચિંતામણી! આજે તને શું થઇ ગયું છે? કોણે તને આ ગાંડપણ શિખવાડ્યું છે? તું પાગલ ન બને... હે પ્રિયે! આટલી કઠોર ન બન. મારું હૃદય તારા પ્રેમમમાં તડપી રહ્યું છે. હવે વધારે તડપાવવું છોડી દે. હવે મશ્કરી કરવી છોડી દે. મારા ધૈર્યની કેમ કસોટી કરી રહી છે? મારા જેવો તરસ્યો પ્રેમી તને બીજો કોઇ નહિ મળે. પ્રિયે! હે સુંદરી! હવે તો દરવાજો ખોલ....''

ત્યારે ચિંતામણી બોલી ઊઠી : ''બિલ્વમંગલ! મારા જેવી વેશ્યા પણ તને નહિ મળે મારા ભાઇ!''

''અરે પગલી! તું મને શું કહે છે? મને 'ભાઇ' કહીને બોલાવે છે?''

''હા, ભાઇ! આજથી તું મારો ભાઇ છે હું તારી નાની બહેન છું. હે ભાઇ! તારું કલ્યાણ થાઓ.. તારો ઉદ્ધાર થાઓ... ભાઇ! તને ભક્તિ મળે.... ભાઇ! તને જ્ઞાન મળે... ભાઇ! તને પ્રભુનો પ્રેમ મળે. મારા જેવી દુષ્ટ સ્ત્રીની છાયા પણ તારા પર ન પડે, હે મારા વીરા! હું તને આશીર્વાદ આપું છું.''

એ વેશ્યાના હૃદયમાંથી હરિ નહોતા બોલી રહ્યા તો બીજું કોણ બોલી રહ્યું હતું? બીજા કોનું સામર્થ્ય છે કે વેશ્યાના મુખથી આવા પવિત્ર વચન બોલી શકે?

બિલ્વમંગલનું હૃદય પરિવર્તિત થઇ ગયું. એના ઉદ્‌ગાર નીકળ્યા : ''હે દેવી! મારા માટે તારાં આ દ્વાર નહિ ખૂલે તો બીજા કોઇનાં પણ દ્વાર હું હવે ખટખટાવીશ નહિ. આજ પછી હું કદી પોતાના ઘેર પણ નહિ જાઉં.... આજ પછી કોઇ સંબંધીના ઘેર પણ નહિ જાઉં.. આજ પછી કોઇ શેઠના ઘેર નહિ જાઉં. જે બધાનું ઘર છે, જે બધાનો સંબંધી છે, જે બધાનો શેઠ છે, જે બધાનો સ્વામી છે, જે બધાનો મિત્ર છે, જે બધાનો બાપ છે, જે બધાની મા છે, જે બધાનો બંધુ છે, જે બધાનો સુહૃદ છે, એ હરિનાં દ્વાર હું ખટખટાવીશ. હવે હું કોઇનાં દ્વાર પર ઊભો નહિ રહુ.''

બિલ્વમંગલ ચિંતામણિના દ્વારેથી પાછો ફર્યો.

ફરતો ફરતો બિલ્વમંગલ કોઇ દેવમંદિરમાં પહોંચ્યો. સૂકા વાંસની જેમ બિલ્વમંગલે દેવમૂર્તિની સામે પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણાત કર્યા. લાંબા સમય સુધી આ અવસ્થામાં રહીને એ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો. હૃદયમાં આજ સુધી કરેલાં દુષ્ચરિત્રનો પશ્ચાતાપ છે. આંખોમાં આંસુની ધારાઓ વહી રહી છે.

પૂજારીએ બિલ્વમંગલને ઉઠાડ્યો. બિલ્વમંગલ કહેવા લાગ્યો : ''મને ઉઠાડશો નહિ. ઘણા જન્મો સુધી હું ભટક્યો છું. હવે પ્રભુનાં ચરણોમાં મને વિશ્રાંતિ લેવા દો. પતિતપાવનનાં ચરણોમાં મને પાપ ધોવા દો.''

मुझे वेद पुरान कुरान से क्या।
मुझे सत्य का अमृत पिला दे कोई ॥

મને કોઇ પ્રભુનુ અમૃત પિવડાવી દે... મને કોઇ પ્રભુની ભક્તિ અપાવી દે... મને કોઇ પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરાવી દે... ચિંતામણિનો પ્રેમ તો મને બરબાદ કરી ચૂક્યો છે. હવે પ્રભુનો પ્રેમ મને આબાદ કરશે.''

બિલ્વમંગલ મંદિરમાં દંડવત્ પ્રણામ કરીને પડી રહ્યો છું. લોકો એને સમજાવીને ઉઠાડે છે. બિલ્વમંગલની આંખોમાં આંસુ છે. એ જાણે કહી રહ્યો છે :

એવો દી દેખાડ વહાલા!
એવો દી દેખાડ,
દેખું તારું રૂપ બધે એવો દી દેખાડ.

''હે પ્રભુ! હવે હું તારું દ્વાર છોડીને ક્યાંય નહિ જાઉં.''

બિલ્વમંગલે પ્રભુના દ્વારે જ પડી રહીને આખું જીવન વિતાવવાનો સંકલ્પ કર્યો અને ત્યાં જ રહેવા લાગ્યો. લોકોએ એનું જીવન જોયું, એની પ્રેમાભક્તિ જોઇ, એનો દૃઢ સંકલ્પ સાંભળ્યો. થોડો સમય વીત્યા પછી બિલ્વમંગલને મંદિરનો પૂજારી બનાવવામાં આવ્યો. પૂજારીને ખાવા-પીવાની ચિંતા કરવી નથી પડતી. ઠાકોરજીને ચઢાવેલો પ્રસાદ મળી જાય છે.

બિલ્વમંગલ મંદિરમાં રહે છે, દેવમૂર્તિઓની પૂજા કરે, મંદિરને સંભાળવાનું કર્તવ્ય સારી રીતે

બજાવી રહ્યો છે. સાથે સાથે પોતાનો ભક્તિભાવ પણ વધારી રહ્યો છે. લોકોમાં એની નામના થઇ રહી છે. વૈરાગ્ય આવે ત્યારે ઘર છોડવું સહેલું છે, પૂજારી બનીને પૂજા કરવી સહેલી છે પરંતુ દુષ્ટ મનને સદાને માટે પ્રભુનાં ચરણોમાં જ રાખવું મુશ્કેલ છે. જયાં સુધી પરમાત્માનો રસ પૂરો મળી જતો નથી ત્યાં સુધી મન ક્યારે દગો કરે કંઇ કહેવાય નહિ.

એક દિવસ એક નવવધૂ સાજ-શણગાર સજીને મંદિરમાં દર્શન કરવા આવી. નવાં નવાં લગ્ન થયાં હતાં. તેણીએ ભગવાનનાં દર્શન કર્યાં, ફૂલ ચઢાવ્યાં, દીપક પ્રગટાવ્યો, પ્રસાદ ધર્યો. બિલ્વમંગલની નજર એ સુંદર સ્ત્રી પર પડી. સંજોગોવશાત્ એની મુખાકૃતિ ચિંતામણિ જેવી હતી. એને જોતાં જ બિલ્વમંગલની સુષુપ્ત કામવાસના જાગી ઊઠી. એ જુદાં જુદાં નિમિત્ત બનાવીને એ યુવતીની નજીક રહેવાની ચેષ્ટા કરવા લાગ્યો : ‘‘લો, આ ફૂલ સારાં છે, પ્રભુને ચઢાવો... આ પ્રભુનુ ચરણામૃત છે, ગ્રહણ કરો... આ લો ભગવાનનો પ્રસાદ....’’ બિલ્વમંગલની દૃષ્ટિ જાણે એ યુવતીના સૌંદર્યને પી રહી હતી. એની આંખો સાથે આંખો મેળવીને એ મોહિત થઇ રહ્યો હતો. એ યુવતી સમજી ગઇ કે આ પૂજારી તો મૂંઓ બદમાશ છે. એ જલદીથી ઘૂમટો ખેંચીને દોડતી ઘેર જવા લાગી.

કામવિકારે બિલ્વમંગલને આંધળો બનાવી દીધો. જુની આદતે એને પોતાના સકંજામા ઝડપી લીધો. પ્રભુમય પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ હવાઇ ગયો. એનો સારાસારનો વિવેક ધૂંધળો થઇ ગયો. એ મનને પોતાના વશમાં ન રાખી શક્યો. મંદિર છોડીને એ પણ પેલી યુવતીની પાછળ પાછળ જવા લાગ્યો. એ યુવતી પોતાને ઘેર પહોંચી ગઇ, દરવાજો બંધ કરી દીધો અને પોતાના પતિને કહ્યું કે પેલો પૂજારી મૂંઓ બદમાશ છે.

બિલ્વમંગલ યુવતીના ઘેર પહોંચ્યો. દરવાજો ખટખટાવ્યો નવવિવાહિત યુવકે દરવાજો ખોલ્યો. એ સમજદાર માણસ હતો. પૂજારીને કહે : ‘‘આવો પૂજારીજી! કેમ આવવું થયું?’’

બિલ્વમંગલે વિનંતી કરી : ‘‘આપની નવવધૂ મંદિરમાં પ્રભુનાં દર્શન કરવા આવી હતી. મેં એનાં દર્શન કર્યાં. મારું ચિત્ત મારા વશમાં નથી રહ્યું. આપ કૃપા કરો. એકવાર ફરી મને એનાં દર્શન કરાવી દો. મંદિરમાં જેવા સાજ-શણગાર કરીને આવી હતી એવી ને એવી ફરી એકવાર મારી સામે લાવી દો. ફક્ત એક જ વાર... માત્ર એકવાર મને એનાં દર્શન કરી લેવા દો. મારાથી નથી રહેવાતું... કૃપા કરો. મારી આટલી પ્રાર્થનાનો સ્વીકાર કરો. આપનો ઉપકાર કદી નહી ભૂલું.’’

એ યુવક સમજદાર માણસ હતો. આ કામાતુર જીવની દુર્દશા એ સમજી રહ્યો હતો. એ અંદર ગયો. પોતાની પત્નીને સમજાવી : ‘‘તું એવો જ શણગાર કરીને એની સામે એકવાર જા. એને જોઇ લેવા દે તારું મુખડું. હું બીજા ઓરડામાં બેસું છું. એ કંઇ અનુચિત ચેષ્ટા કરવાની કોશિશ કરે તો મને બૂમ મારજે. હું એ પૂજારીના બચ્ચાની ધોલાઇ કરી નાખીશ.’’

પત્ની પતિની વાતમાં સહમત થઇ. એવા ને એવા શણગાર સમજીને પૂજાની સામે આવી. પોતાતો ઘૂંઘટ હટાવ્યો અને બિલ્વમંગલની સામે જોવા લાગી. બિલ્વમંગલએ સોહાગણ નવવધૂને જોતાં સ્વયં પોતાને, પોતાની આંખોન કહેવા લાગ્યો : ‘‘હે આંધળી આંખો! હવે જોઇ લો, આ હાડમાંસના શરીરને મન ભરીને જોઇ લો. વારંવાર ત્યાં જતી હતી ને? શું ભર્યું છે એ પિંજરમાં? જોઇ લો...’’

પછી બિલ્વમંગલે એ નવવધૂને કહ્યું : ‘‘બહેન! બે સોયા આપો ને...’’

નવવધૂને કંઇ કલ્પના ન હતી. એ તો બે મોટા મોટા સોયા લાવી. બિલ્વમંગલે બંને સોયા બંને હાથમાં પકડ્યા. પછી પોતાની આંખોને કહેવા લાગ્યો : ‘‘હે મારી દગાબાજ આંખો! જયાં હરિને જોવાના છે જયાં પ્રભુનાં દર્શન કરવાનાં છે ત્યાં સંસારને જુઓ છો? સંસારી હાડમાંસમાં સૌંદર્ય નિહાળો છો? હે મારી આંધળી આંખો! એના કરતાં તો તમે ન હો એ જ સારું છે.’’ **(ક્રમશઃ)**


(વધુ આવતા અંકે)

ભૂત-પ્રેત અંગે પૂજ્ય શ્રીમોટાના વિચારો

હકીકત કે માન્યતા...

○ હરિૐ આશ્રમ, નડીયાદ-સુરતના સ્થાપક પ.પૂ. શ્રીમોટાના સાહિત્યમાંથી સંકલિત

શ્રીમોટા : જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણમાં પાંચ સાત આઠ માઇલ સુધીના વિસ્તારમાં એ રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવ દશાવાળાના સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે એ પૃથ્વીના વાતાવરણમાંર હે. યથાકાળે એ વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે



એનું કંઇ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતારણના અવકાશમાં બને છે.

સ્વજન : જે ભૂત થાય છે એનું કારણ?

શ્રીમોટા : હા - એનું કારણ છે અત્યંત આવેગવાળી કોઇ ડીઝાયર (= ઇચ્છા) હોય અથવા તો કોઇ માણસ આપઘાત કરે છે - આવા આવેગને કારણે એ ઝેર-બેર પી લે છે - પીધા પછી શરીર છોડતી વખતે એનાં મનાદિની જે સ્થિતિ થાય છે એ બહુ ભયંકર હોય છે. એ દશાને કારણે એ પ્રેત થાય છે. પ્રેતનો એવો સ્વભાવ છે કે જીવદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે - તે દંશ જતો નથી - કાયમ રહે છે. પછી તેને કોઇને કોઇ રીતે હેરાન કરે છે.

સ્વજન : એને વગોળવાનું ન થાય?

શ્રીમોટા : ના, એને વગોળવાનું નહિ થાય - બિલકુલ નહિ.

સ્વજન : એ લોકો ઉદ્ધાર કેવી રીતે થાય?

શ્રીમોટા : એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાકંને ઘણો કાળ લાગે. મારા જીવન સાથે સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો આ નંદુભાઇની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઇના ભાઇને બીજાં બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલા. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઇને જઉંને તરીને બહાર નીકળું. મેં કહ્યું, 'અલ્યા મરવું છે? બૈરાં છોકરાં છે કે નહિ? લાવ.' એમ કરીને મેં એ છોકરાને લઇ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે, 'ભઇ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે, અને લપશીશ તો પડીશ.' - આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે, 'મોટાએ કેમ મને ઉગાર્યો નહિ?' મને એટલા બધા ધક્કા મારે! શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે ને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સૂસવાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે 'આ શું થાય છે?' પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને

સમજણ પડી. અત્યારે તો મારે દયાનમાં બેસવાનીય જરૂર ન પડે. પણ ત્યારે મારે દયાનમાં બેસવું પડતું. પછી અમારા મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઇ ગઇ.

બીજો એક કિસ્સો મુંબઇમાં બનેલો. એક સ્વજનની દિકરી એમ.એસસી. થયેલ. કોઇના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલી ગણેલી. બીજા સાથે એને બનત નહિ. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે એમ.એસસી. થયેલી એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઇ ગઇ. પણ પેલા છોકરાને નંદલાલે સમજાવી વારેલો. એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે ને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે, 'હું એને સંભળી લઇશ.' ઘણી વખત સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલા. મેં એમને નહિ કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહિતર એ ગભરાય. મને એણે બીવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

આમાં બળાત્કાર ના ચાલે. ભાવનો પણ બળાત્કાર ના જોઇએ. ધીમે ધીમે કરેને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા. અને મનુષ્યના આકારનું એનું પૂતળું બનાવેલું. અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું. એટલે પેલાની મુક્તિ થાય. આવી પ્રોસેસ હું કંઇ જાણું નહિ, પણ મને એવી પ્રેરણા થાય. એ પ્રમાણે હું કરું.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઇન ઓફ સ્ટ્રોંગ ડિઝાયર' - અથવા તો કોઇ જીવ હોય, એને પોતાનાં બૈરી-છોકરાં, વેપાર-ધંધો વગેરે માટે ઘણો મોહ હોય. માલમિલત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય એ એને બહુ કારમું લાગે. તો પણ એ પ્રેત થાય.

એટલે ઉંમર થાય એટલે માણસે ધીમે ધીમે સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતા જવું - એ એના પોતાના માટે સારું છે.

સ્વજન : (ધીરજબહેન) મોટા, જે એક્સીડન્ટથી (= અકસ્માત) મરી જતા હશે એનું શું થતું હશે?

શ્રીમોટા : તે પ્રેત થાય જ ને! સાયલાના દરબારને કોક કારણથી એવું થયેલું કે એ ખાય ત્યારે નરકની જ વાસ આવે - ફળ ખાય તો ય નરકની વાસ આવે. એટલે ખાઇ જ ના શકે. બહુ ત્રાસી ગયો. બહુ ઉપાય કર્યા ત્યારે કશાથી મટ્યું નહિ. ત્યારે સાયલામાં લાલ ભગત. તે દરબાર આ ભગત પાસે ગયા. એમણે આ દૂર કર્યું. પછી ગામમાં એમને જગા આપી. પૈસા આપ્યા. પછી લાલા ભગતે એક મંદિર બાંદ્યું. આજેય સાયલામાં લાલ ભગતની જગા છે.

પ્રેત એપ્ટ મિડિયમમાં પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાથી શક્યતા ઉભી થાય છે. પણ ભોગવવાની જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી - ઇન્ટેન્સીટીવાળી. આપણામાં જે ઇચ્છા તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્વને લીધુ ટુંકાઇ જાય છે.

એની માત્રા ઓછી થાય. જ્યારે પેલાને જળ અને પૃથ્વી તત્ત્વ છે નહિ. એટલે એટલી બધી વધે કે જેની કોઇ સીમા નહિ. એને એપ્ટ મિડીયન જોઇએ. એવા મિડિયમમાં એ ભોગવે. ત્યારે પેલા જીવનું શરીર પણ આને લીધે લથડી જાય. (ક્રમશઃ)

(વધુ આવતા અંકે...)

વિવેક જાગૃતિ...

○ લેખ મોકલનાર,
સંકલનકર્તા : શામજીભાઇ વાલજીભાઇ સાંખલા-નડીઆદ

આખરે આ પણ તો નહિ રહે...?

બ્રહ્મનિષ્ઠ સંતશ્રી આશારામજી બાપુની જ્ઞાનમયી અમૃતવાણી

એક ફકીર યાત્રા કરવા ગયા. રસ્તામાં કોઇ ગામમાં રાત પડી તો લોકોને કહ્યું, ''રાત પડી છે. અમારે ક્યાં રાત વાસો કરવો જોઇએ? અહીંયા કોઇ ધર્માત્મા છે?''

કહ્યું : ધર્માત્મા તો ઘણા છે, ધનવાન પણ ઘણા છે. પરંતુ એક કૃતજ્ઞ વ્યક્તિ છે. એને લોકો 'શાકિર' કહે છે. તમે એને ત્યાં જાવો.

એ ફકીર શાકિર પાસે ગયો. શાકિરે ખૂબ આગતાસ્વાગતા કરી અને અહોભાવથી બે દિવસ સુધી યથાશક્તિ સેવા કરી. ફકીર યાત્રા માટે આગળ વધ્યો તો શાકિરે રસ્તા માટે ભાતામાં સૂકું શાક, થોડી મોળી રોટલીઓ અને થોડી નમકીન રોટલી, થોડું અથાણું, ખજૂર વગેરે વગેરે ખૂબ પ્રેમથી એમને આપીને વિદાય કર્યા.

ફકીરે કહ્યું, ''શાકિર? જેટલા તમે ધનવાન છો એટલા નમ્ર પણ છો અને જેટલો નમ્રતાનો સદ્‌ગુણ છે એટલો જ સાધું સેવાનો પણ તમારી પાસે ભંડાર છે. અલ્લાહ કરે કે તમે વધુ પ્રગતિ કરો?''

શાકિર હસ્યા : ''આ પણ તો ક્યાં સુધી? નહિ રહે...''

ફકીરને થોડું વિચારવા વિવશ થવું પડ્યું પણ પછી યાદ આવ્યું કે ગુરુદેવે કહ્યું હતું કે 'કોઇ કંઇ ગંભીર વાત કહે તો તરત વાદ-વિવાદમાં ન પડતો, જોતો રહેજે.' ફકીર આગળ ગયા. એ ફકીર હજ કરવા ગયા. જ્યારે બે વર્ષ પછી પાછા ફર્યા તો જોયું કે શાકિરનો મહેલ, મકાનો, એમની મોટી મોટી દુકાનો બજાર બધું જ ગાયબ? એમણે કોઇને પૂછ્યું : ''આ બધું કેવી રીતે થયું?''

જવાબ મળ્યો : ''પૂર આવ્યું. એમાં બધું જ તણાઇ ગયું. હવે એ શાકિર કોઇ હમદાદ નામના મુસલમાન જમીનદારને ત્યાં કામ કરે છે? ભેંસો દોહે છે. રજકો કાપે છે. ઠંડીની રાત્રે ખેતરમાં પાણી પિવડાવે છે. એની બે મોટી છોકરીઓ છે. પહેલાં તો શાકિર મોટા ધનવાન હતા, હવે આ કંગાળની છોકરીઓના લગ્નની પણ ક્યાંય વાત ચાલતી નથી.''

ફકીરે વિચાર્યું કે જેના ઘરે હું આદર-સત્કાર પામ્યો એ ગરીબ થઇ ગયો? મારે જવું જોઇએ. હમદાદના નોકર શાકિરે ઝૂંપડીમાં એ ફકીર માટે ચટાઇ, ફાટેલું કંતાન પાથરી દીધું. લૂખી-સૂકી રોટલી આપી. સવારે એ સાધુને જવું હતું. એની આંખોમાં આંસુ હતાં. એણે કહ્યું, ''શાકિર? અલ્લાહે શું કરી દીધું?''

શાકિર હસ્યા અને બોલ્યા : ''તમે સત્સંગમાં સાંભળ્યું હશે કે કોઇપણ અવસ્થા સદાય નથી રહેતી. શ્રીમંત હતો એને યાદ કરીને દુઃખી કેમ થવાનું અને ગરીબી છે તો એને સાચી માનીને પરેશાન કેમ થવાનું? આ પણ તો વીતી જશે.''

શાકિરની આંખોમાં સંતુષ્ટિ હતી. વાણીમાં મધુરતા હતી અને હૃદયમાં સંતોના સંગનો પ્રભાવ હતો. ફકીર વિચારે છે કે 'હું તો બહારથી ફકીર છું પણ આ ગૃહસ્થ શાકિર ખરેખર સત્સંગના પ્રભાવથી, ગુરુ દિક્ષાના પ્રભાવથી અંદરનો ફકીર છે. અંદરનો સાધુ છે. હું ઇચ્છું છું કે હવેથી તમે પણ અંદરથી સાધુ થઇ જાઓ. તમે નિર્ણય કરો.

દોઢ બે વર્ષ પછી ફકીરે પોતાનું મન બનાવ્યું યાત્રા માટે, જઇને જોયું તો એ જમીનદાર શાકિર જે હમદાદને ત્યાં નાની મજૂરી કરતા હતાં. જેમણે સૂકી રોટલી ખાવી પડતી હતી રાત્રે પણ જાગતા અને દિવસે પણ મજૂરી કરતાં એ હવે જમીનદારોને પણ પાછળ કરી દે એવા શ્રીમંત જમીનદાર બની ગયા છે. વાતચીતથી ખબર પડી કે હમદાદને કોઇ સંતાન નહોતું. એની જે વિશાળ જમીનદારી હતી એ શાકિરને આપીને ગયા અને સોનાનું દેગડું (પાત્ર) હીરા જવેરાથી ભરેલું ચરું જ્યાં દાટ્યો હતો એ જગ્યા પણ દેખાડી દીધી. અગાઉ જેટલી સંપત્તિ હતી એના કરતાં અત્યારે અનેકગુણી વધારે સંપત્તિ થઇ ગઇ.

ફકીરે કહ્યું : ''હદ થઇ ગઇ શાકિર'' તમે કહ્યું હતું કે આ પણ પસાર થઇ જશે. સારું થયું. ગરીબી પસાર થઇ ગઇ ડાકિણી, અલ્લાહ કરે કે તમે આવાજ રહો. શાકિર હસ્યા : ''ફકીર! મોટા મોટા શ્રીમંતોને, બાદશાહોને જે કંઇ મળ્યું એ વીતી ગયું, તો મારું ક્યાં સુધી રહેશે.'' ''શું આ પણ જતું રહેશે?'' ''કાંતો આ જતું રહેશે અથવા એને મારું માનનારો જતો રહેશે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે. તમે સત્સંગ તો સાંભળ્યો છે ને! મેં સંતોના વચનો આત્મસાત કર્યા છે.'' હિંદુ ધર્મના વેદાંતી સંતોની જ્ઞાનધારાનો જ ભાગ (સત્સંગ, સાહિત્ય) લઇને સૂફીવાદ બન્યો છે. તો સૂફી સંતો, વેદાંતી સંતો એક જ વાત કહે છે : ''બધું પસાર થાય છે, એને જાણનાર અંતરાત્મા શાશ્વત છે. એ જ અલ્લાહ છે. એ જ ભગવાન છે. એ જ રામ છે. એ જ રહેમાન છે.'' ફકીર આગળ વધ્યા યાત્રા કરીને પાછા ફર્યા તો દોઢ બે વર્ષ પછી તો શું જુએ છે, શાકિરનો મહેલ તો છે પણ એમાં કબુતરો ''ગુટર ગુ... ગુટર ગું...'' કરી રહ્યા છે.

कह रहा है आसमाँ यह समाँ कुछ भी नहीं।
रोती है शबनम कि नैरंगे जहाँ कुछ भी नहीं॥
जिनके महलों में हजारों रंग के जलते थे फानुस।
झाड उनकी कब्र पर है और निशाँ कुछ भी नहीं॥

શાકિર કબ્રસ્તાનમાં સૂતા છે. મહેલ ખાલીખમ... પુત્રીઓના લગ્ન થઇ ગયાં, વૃદ્ધ પત્ની ખૂણામાં પડી છે, ફકીર વિચારે છે કે ''અરે મનુષ્ય! તું ગર્વ કઇ વાતનો કરે છે?''

मत कर रे भाया गरव गुमान,
गुलाबी रंग उडी जावेगो।
मत कर रे भाया गरव गुमान जवानीरो रंग उडी जावेगो।
उडी जावेगो रे फीको पडी जावेगो के काले मरी आवेगो,
पाछो नहीं आवेगो... मन कार के गरव... धनरे दौलत
थारा माल खजाना रे... छोडी जावेगो रे पलमां उडी
जावेगो॥ पाछो नही आवेगो.... मत कर रे गरव....

કેમ અચકાય છે અને કેમ પરેશાન થાય છે; જેમની પાસે વધારે છે એ પણ નહિ રહે, મારી પાસે મુસીબતો છે એ પણ નહિ ટકે. આ મુસીબતમાં છે અને હું મોજમાં છું પરંતુ નથી મોજ રહેતી કે નથી મુસીબત રહેતી, એને જાણનાર દિલબર દાતા જ તો રહે છે. આ વાત પાકી કરી લો મોજ થઇ જશે મોજ! **(ક્રમશઃ)**

(પાન-૩૬નું ચાલુ) શ્રી દક્ષિણ ભારત રીજીયન...

દક્ષિણ ભારત સનાતન સમાજના પ્રમુખ અને મંત્રી સહિત અન્ય અગ્રણી વડીલોએ પણ આ કાર્યશાળામાં હાજરી આપી હતી, જેમાં મહામંત્રીશ્રી મગનભાઇ હળપાણી (હોસુર), ભૂતપૂર્વ પ્રમુખ અને સલાહકાર શ્રી જોગેશભાઇ પોકાર (ચેન્નૈઇ), શ્રી રમેશભાઇ વાસાણી (પોલાચી), શ્રી શંકરભાઇ દિવાણી (ઇરોડ), શ્રી જેઠાભાઇ લીંબાણી (ચિદમ્બરમ્), શ્રી દાનાભાઇ વાસાણી (પોલાચી), શ્રી મોહનભાઇ રતનસી (કોઇમ્બતુર), ઉપપ્રમુખશ્રી રવજીભાઇ છાભૈયા (ડીંડીગલ), શ્રી ધનજીભાઇ જાદવાણી (નામક્કલ), શ્રી મેઘજીભાઇ (નામક્કલ), શ્રીમતી શાંતાભાઇ દિવાણી, શ્રી હરીભાઇ (નામક્કલ) અને દ.ભા. સમાજ પ્રમુખશ્રી રવજીભાઇ ભાદાણીએ કાર્યશાળા માટે પોતપોતાના મંતવ્યો રજૂ કરેલ, જેમાં તેઓએ જણાવેલ કે આ કાર્યશાળા થકી અમો યુવાસઘના કાર્યોને સમજી શક્યા છીએ, આજનો યુવાન યુવાસંઘ થકી જ અ.ભા. સમાજને ઓળખતો થયો છે. યુવાસંઘની દરેક સમિતિઓ સમાજના ઉત્કર્ષ માટે ખૂબ જ મહેનત કરી રહી છે તે માટે આનંદ વ્યક્ત કરેલ, શ્રી જોગેશભાઇ પોકારે વધુમાં જણાવેલ કે અ.ભા. સમાજ પ્રમુખે આપણા સૌના ગુરુ સમાજ ગણી શકાય, તેમના વિચારો અને કાર્યોને સૌએ સમર્થન આપવું જોઇએ. આવા કાર્યક્રમો થકી યુવાનો અને વડીલો વચ્ચેના વિચારભેદો ઓછા થાય છે, જે ભવિષ્યની પેઢી માટે ખૂબ જ લાભદાયી સાબિત થશે. આ કાર્યશાળામાં યુવાનો તથા વડીલોની સાથે સાથે યુવતિઓએ પણ હોંશે-હોંશે ભાગ લીધેલ હતો.

દક્ષિણ ભારત રીજીયન પ્રમુખ પુરુષોત્તમભાઇ છાભૈયા તેમજ તેમના સાથી હોદ્દેદારોની ટીમે આ કાર્યશાળાના આયોજન માટે ખૂબ જ જહેમત કરેલ, પરિણામે કાર્યશાળા શરૂઆતથી અંત સુધી ખૂબ જ આનંદ ઉલ્લાસ અને ખુશનુમા વાતાવરણ સાથે યાદગાર નજરાણું બની થઇ હતી. આ કાર્યશાળાનું સંચાલન દ.ભા. રીજીયન મહામંત્રી કમલેશ જાદવાણી (કોઇમ્બતુર)એ પોતાની આગવીશૈલીમાં કરેલ હતું.

દિવાણી પરિવાર (નાસિક)ના
સમસ્ત જ્ઞાતિબંધુઓને
નૂતન વર્ષાભિનંદન...

દિવાણી હાર્ડવેર
માર્કેટ યાર્ડ રોડ, પંચવટી, નાસિક.
હિરાલાલભાઈ દિવાણી-૦૯૮૫૦૬ ૭૭૩૯૯

પ્રભાત પ્લાયવુડ સેન્ટર
૪/૫/૬, ધનશ્રી એવન્યુ, દિનદોરી નાકા,
પંચવટી, નાસિક.
મુળજીભાઈ દિવાણી - ૦૯૮૯૦૨ ૧૦૫૦૯

ગૌત્તમ પ્લાયવુડ
દેહબાનુ કોમ્પલેક્ષ, દત્ત મંદિર સ્ટોપ,
નાસિક રોડ, નાસિક.
જયંતિભાઈ દિવાણી - ૦૯૩૭૧૫ ૮૦૦૦૭
ભીમજીભાઈ દિવાણી - ૦૯૪૨૦૨ ૩૩૫૯૫

પ્રભાત લેમીનેટ
કાનેડા કોર્નર, નાસિક.

2012-12-15 -Patidar Bandhu -Shankaracharya Certificates (909)



:: નૂતન વર્ષાભિનંદન ::

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, નાસિક

નવનિર્વાચિત ટ્રસ્ટી - ૨૦૧૨-૧૭





શ્રી ખેતસી લખમસી રવાણી
પ્રમુખ

શ્રી ગંગારામ શિવગણ ભગત
સેક્રેટરી

શ્રી ઉમિયાશંકર ભીમજી ભાવાણી
ખજાનચી





શ્રી કેશવલાલ મેઘજી છાભૈયા
ઉપપ્રમુખ

શ્રી પુંજાભાઈ દેવજી પોકાર
આજીવન ટ્રસ્ટી

શ્રી શરદ શાંતીલાલ માવાણી
ટ્રસ્ટી





શ્રી દાનાભાઈ દેવજી દિવાણી
ટ્રસ્ટી

શ્રી જયંતીલાલ ભીમજી ભાદાણી
ટ્રસ્ટી

શ્રી ધીરૂજલાલ વેલજી ધોળુ
ટ્રસ્ટી

-- શુભેચ્છક --

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ

મધ્ય મહારાષ્ટ્ર ઝોન




શ્રી દિનેશ મુળજી દિવાણી
પ્રમુખ

શ્રી રમેશભાઈ દેવજી વાસાણી
પી.આર.ઓ.

ફેમીલી બિઝનેસ થકી નવા સાહસોની તકો...

બીઝનેસ સેમિનાર-હૈદરાબાદ : જાન્યુઆરી 2013

પ્રિય જ્ઞાતિજનો,

વીસમી સદીની શરૂઆતમાં વિશ્વ જ્યારે વિશ્વયુદ્ધોની આડમાં અંધાધુંધ ઈન્ડસ્ટ્રલાઈઝેશનની પાછલ દોડી રહ્યું હતું ત્યારે કચ્છ કડવા પાટીદારો પોતાના પુરુષાર્થને સાર્થક કરવા અને ભાગ્ય અજમાવવા કચ્છથી બાહર નિકળ્યા. ભારતના તમામ સ્થળોને પોતાની કર્મભૂમિ બનાવી અથાક પરિશ્રમ અને સાહસથી લાકડાના વ્યાપારને અપનાવી વિપરીત પરિસ્થિતિઓના બાવજુદ સફળતાઓ મેળવી. જન્મભૂમિથી હજારો મીલ દૂર અજાણી જગ્યાઓમાં નવા વ્યાપારમાં સફળતા મેળવવાનો રાજ તેમની એકજૂથ થઇ પારિવારીક ભાવનાથી કાર્ય કરવાની પ્રણાલી હતી.

એકવીસમી સદીની શરૂઆતમાં આજે જ્યારે વિશ્વ ઈર્ન્ફોશન ટેકનોલોજી અને ગ્લોબલાઈજેશનના મંત્રોથી એકસૂત્રમાં બંધાઇ રહ્યું છે ત્યારે કચ્છ કડવા પાટીદારોને ફરી એકવાર એકતા અને પારીવારિક ભાવનાની સાથે જૂના તેમજ નવા વ્યાપારોમાં સંલગ્ન થવું પડશે. અન્યથા વિશ્વની તેજ રફતારમાં ટૂંક સમયમાં જ આપણને મળેલી તકોથી અનભીગ્ન રહી આર્થિક પ્રગતિના માર્ગે પાછળ રહી જશું. પાછળના અનુભવોથી શિખામણ લઇ નવી પરિસ્થિતિઓને સમજી સંયુક્ત પરિવારની ભાવનાનું સિંચન કરી આપણા ભવિષ્યને સશક્ત કરીએ, જેથી આવતી પેઢીઓ એમ ન કહી જાય કે અમારા પરદાદાઓએ તો અદમ્ય સાહસ બતાવ્યો પણ પિતાશ્રીઓની આળસે અમોને આર્થિક પ્રગતિના માર્ગે અન્ય જ્ઞાતિઓની સમક્ષ ઘણા પાછળ મૂકી દીધા. આવી જ પરિસ્થિતિઓનું ધ્યાનધરી શ્રી આંધ્રપ્રદેશ કચ્છ કડવા પાટીદાર સમાજ અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘના માર્ગદર્શનમાં શ્રી આંધ્રપ્રદેશ યુવાસંઘના નેજા હેઠળ બેદિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખાસ હેતુસર ભારતભરથી પધારેલ નિષ્ણાતોની મધ્યે આપણા ભવિષ્યને ઉજ્જવળ બનાવવા આર્થિક પ્રગતિના અનન્ય સોપાનો પર માહિતી મેળવી ચર્ચાઓ કરીશું.

સેમિનારના વિષયો તેમજ નિષ્ણાંત વક્તાઓ

Dr. V. G. Patel	:	Founder Director, Entrepreneurship Development Institute of India, Ahmedabad.
Dr. Shailesh Thakkar	:	International Renowned Business Guru
Mr. Himanshu Buch	:	Sales Management Guru
Mr. Nitin Parekh	:	Management and Tax Consultant, Hyderabad
Mr. Devjibhai Patel	:	MLA, Raipur, Chhatisgarh
Mr. Shamjibhai Patel	:	Editor, Patidar Sandesh, Ahmedabad.
Mr. V.R. Sayyanarayana	:	Motivation Speaker, Bangalor.
Mr. Jeetendra Adhiya	:	Mind Power Expert, Ahmedabad.
Mr. Ram Murthy	:	Wood Based Industry Expert
Mr. R. Shankar	:	Vice President, Reddy Laboratories, Hyderabad.

આ પરિપત્રમાં દર્શાવિલ છે. સેમિનારનું આયોજન ૧૪૦૦ સભ્યોના સમાવેશ કરતો હૈદરાબાદ સ્થિત શ્રી સત્યસાઇ નિગમાગમમના આધુનિકતાથી સુસજ ઓડીટોરિયમમાં રાખવામાં આવેલ છે. સેમિનારની સાથે વ્યાપારની વિવિધતાઓ દર્શાવતા એક એક્ઝીબિશનનું આયોજન પણ કરેલ છે. બહાર ગામથી પધારનાર ભાઇ-બહેનો માટે રહેવાની સગવડ હૈદરાબાદ-સિકંદરાબાદ જોડીયા શહેરની તમામ કડવા પાટીદાર સમાજવાડીઓમાં રાખેલ છે. ઓપસનલી હૉટેલમાં રહેવાની સગવડ માટે અમારી સેક્રેટોરિયલ સહાયતા ટીમ વ્યવસ્થા કરી આપશે. હૈદરાબાદ ખાતે શ્રી આંધ્રપ્રદેશ યુવાસંઘ દ્વારા આયોજિત સેમિનાર ઓન ફેમીલી બિઝનેસમાં આપને આમંત્રિત કરતા અતિઆનંદ અનુભવી છીએ.

લિ. આંધ્રપ્રદેશ કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ અને બિઝનેશ સેલ

Our Products

- FLUSH DOOR
- BLOCK BOARD
- PLYWOOD
- MOULDED DOOR
- MEMBRANE DOOR
- LAMINATED DOOR
- ECO DOOR

Bhavesh R. Patel
Mo. : 099251 38858











benchmark AN ISO 9001

JAS-ANZ AN ISO 9001:2000 COMPANY

Ashapura Plywood

Plot No. C-11/17-18, Sachin Udyog Nagar, Road No. 6,
Hojiwala Ind. Estate, At Post: Vanz, Sachin, Surat.
CUSTOMER CARE : 88666 66658
Email : bhaveshrangani7777@gmail.com

Ashapura



PATIDAR BANDHU : PATAN - Printed, Published and Owned By Brijeshkumar Chandubhai Patel and
Printed at Vinod Printery, Patan. and
Published at Patidar Bandhu, C/o. shri Ganapati Saw Mill, Verai Chakala, Patan - 384265, Gujarat.
Editor : Brijeshkumar Chandubhai Patel RNI No. GujGuj / 2010/32748